ચંદ્રગુપ્ત મૌર્ય

રાષ્ટ્રીય જીવનચરિત્ર માળા

ચંદ્રગુપ્ત મૌર્ય

લલ્લનજી ગોપાલ

અનુવાદક

મુરલી ઠાકુર

નૅશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા

નવી દિલ્હી

1971 (Saka 1893)
First Reprint 1988 (Saka 1910)

રૂપિયા : 5.00

CHANDRAGUPTA MAURYA
(Gujarati)

Published by the Director, National Book Trust, India, A-5, Green Park,
New Delhi-110 016.

અનુક્રમણિકા

1 પ્રાસ્તાવિક

ચંદ્રગુપ્ત મૌર્યની સિદ્ધિઓ મુખ્યત્વે રાજકીય ક્ષેત્રની હતી. શત્રુઓનાં આક્રમણોનો સફળ પ્રતિકાર કરવામાં તથા ભારતમાં રાજનૈતિક એકતા સ્થાપવામાં ચંદ્રગુપ્ત મૌર્યની મહત્તાનાં દર્શન થાય છે. એની એ સિદ્ધિઓએ એને ભારતના ઇતિહાસમાં અમર સ્થાન અપાવ્યું છે.

ઈ. સ. પૂર્વે 6ઠ્ઠા સૈકામાં મગધનો ઇતિહાસ સુસ્પષ્ટ રીતે પ્રકાશમાં આવ્યો. એ કાળનાં ભારતનાં સોળ રાજ્યોમાં મગધનું સ્થાન હતું. એ કાળથી મગધની પ્રતિષ્ઠા ઉત્તરોત્તર વધતી ગઈ. મૌર્યકાળ દરમિયાન મગધના રાજવી ભારતના પ્રથમ મહારાજા બન્યા અને એ કાળમાં મગધની સત્તા અને શક્તિ સુદૃઢ બન્યાં.

હર્યંક નામના વંશે મગધના ગૌરવપૂર્ણ ઇતિહાસના શ્રીગણેશ માંડ્યા. આ વંશની ઉત્પત્તિ નાગકુલથી થઈ હતી. ઈ. સ. પૂર્વે 544–543 ની અંદર રાજા બિંબિસારે રાજ્યધુરા હાથમાં લીધી ને ત્યારથી એ પ્રસિદ્ધિ પામ્યો. મગધના ગૌરવનો શિલાન્યાસ કરવાનો યશ બિંબિસારને જ આપવો જોઈએ.

બિંબિસારમાં સૈનિક તથા પ્રશાસનિક યોગ્યતા હતી, ઉપરાંત એ મહત્ત્વાકાંક્ષી પણ હતો. તેણે સમયની નાડ પારખી લીધી હતી. ચારે કોર સર્વોપરિતા માટે ચાલતા સંઘર્ષમાં ભાગ લઈ શકે એટલું મગધ શક્તિશાળી નથી એ હકીકતનો એને ખ્યાલ આવી ગયો હતો. આસપાસનાં રાજ્યોનાં આક્રમણોને નિવારવાના હેતુથી એણે એ કાળના રાજાઓ તથા પ્રમુખ સૈનિકો સાથે મૈત્રી અને લગ્નના સંબંધો બાંધ્યા. મગધની વાયવ્યે આવેલા પ્રદેશો પરના ભાવિ આક્રમણોને ટાળવા એણે લિચ્છવીઓના પ્રસિદ્ધ ગણરાજ ચેટકની કન્યા ચેલ્લણા સાથે લગ્ન કર્યું. કોશલ દેશના રાજવી મહાકોશલની કન્યા કોશલદેવી સાથે પણ એણે લગ્ન કર્યું. આ

લગ્નના કરિયાવરમાં એને કાશી પર અધિકાર મળ્યો, જેની વાર્ષિક આવક એક લાખ મુદ્રાઓ હતી. એની ત્રીજી પત્ની ક્ષેમા, પંજાબમાં આવેલ ભદ્ર રાજ્યની રાજકુંવરી હતી. અવન્તિના શક્તિશાળી રાજા પ્રદ્યોત સાથે એણે મૈત્રી કરી લીધી. રાજા પ્રદ્યોતના કોઈ મહારોગની ચિકિત્સા કરવા એણે પોતાના રાજવૈદ્ય જીવકને મોકલ્યો હતો. સિંધમાં આવેલ રોરુક રાજ્યના રાજવી રુદ્રાયણ તથા ગાંધાર દેશના રાજા પુક્કુસાતિ સાથે પણ એણે મૈત્રીપૂર્ણ સંબંધો બાંધ્યા. પર્શિયાના હાબાની વંશના રાજવી દારાના દરબારમાં એણે પોતાના રાજદૂતને મોકલ્યો હોવાનું પણ મનાય છે. આ રીતે અનેક રાજાઓ સાથે મૈત્રી બાંધી પોતાને સુરક્ષિત બનાવી એણે પોતાના નાનાશા રાજ્યનો વિસ્તાર કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. પૂર્વ દિશામાં આવેલા અંગ રાજ્યને એણે જીતી લીધું ને મગધમાં ભેળવી દીધું. આ રીતે ગંગાની દક્ષિણે આવેલો બિહારનો સમગ્ર દેશપ્રદેશ મગધ સામ્રાજ્યમાં ભળી ગયો. પરિણામે પૂર્વ ભારતમાં એણે પોતાનું સાર્વભૌમત્વ સ્થાપ્યું. પ્રશાસન પર લક્ષ આપી બિંબિસારે મગધને સુદૃઢ ને શક્તિશાળી બનાવ્યું.

બિંબિસારના પુત્ર અજાતશત્રુના (ઈ. સ. પૂર્વે 490–460) શાસનકાળ દરમિયાન મગધને ઉત્તર ભારતના પ્રમુખ રાજવીઓ સાથે યુદ્ધો ખેલવાં પડ્યાં હતાં. અજાતશત્રુએ પોતાના પિતા બિંબિસારની હત્યા કરી એવું બૌદ્ધ ગ્રંથોમાં લખ્યું છે. આથી કોશલ નરેશ પ્રસેનજિતને ક્રોધ ચઢ્યો અને કોશલદેવીને કન્યાદાનમાં આપેલો કાશીનો પ્રદેશ એણે પાછો ઝૂંટવી લીધો. કોશલ નરેશ તથા મગધ વચ્ચે સંઘર્ષ જાગવાનું આ માત્ર તત્કાલિક કારણ હતું. બન્ને રાજ્યોની પ્રસારવાદી નીતિને કારણે આ પ્રકારનો સંઘર્ષ અનિવાર્ય હતો. શરૂઆતમાં અજાતશત્રુને સફળતા મળી પણ પાછળથી પ્રસેનજિતે એનો પરાભવ કર્યો. પણ આ સંઘર્ષનું સુખદ પરિણામ આવ્યું— પ્રસેનજિતે પોતાની પુત્રી વાજિરાને અજાતશત્રુ સાથે પરણાવી ને પેલો કાશીપ્રદેશ પણ કન્યાદાનમાં પાછો દઈ દીધો.

વજ્જિઓ અને અજાતશત્રુ વચ્ચે યુદ્ધ થવાનાં કારણો અંગેની અનેક

ભિન્ન કથાઓ બૌદ્ધ તથા જૈન ધર્મોનાં ગ્રંથોમાં મળી આવે છે. રત્નોની એક ખાણ પર બન્ને રાજ્યો પોતાનો અધિકાર સ્થાપવા પ્રયત્ન કરતાં હતાં. એ કારણે બન્ને વચ્ચે યુદ્ધો થયાં હતાં એમ બૌદ્ધ ગ્રંથો દર્શાવે છે, જ્યારે જૈન ગ્રંથો બીજાં જ કારણો ટાંકે છે અને જણાવે છે કે અજાતશત્રુના સાવકા ભાઈઓ હલ્લ અને બેહલ્લે એક સરસ હાથી તથા અમૂલ્ય રત્નોની માળા ઉપાડી લઈ લિચ્છવી ગણરાજ્યમાં આશરો લીધો હતો, આ વાત જ વિગ્રહનું કારણ હતું. ખરું જોતાં સામ્રાજ્યવાદી તથા ગણતંત્રવાદી શક્તિઓના સંઘર્ષને પરિણામે જ આ યુદ્ધ થયું હતું. જૈન ગ્રંથોમાં લખ્યું છે કે 9 લિચ્છવી, 9 મલ્લ, અને 18 ગણ રાજ્યોએ ભેગાં મળી અજાતશત્રુ સાથે યુદ્ધ કર્યું હતું. આ યુદ્ધ ખૂબ લાંબો સમય ચાલ્યું. મગધના મુખ્ય મંત્રી વસ્સકારે વજ્જિઓમાં કુસંપ ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો. અજાતશત્રુને વજ્જિઓના આક્રમણનો ભય હતો જ તેથી એણે ગંગા તથા સોન નદીના સંગમ પર પાટલિગ્રામનો દુર્ગ બનાવ્યો. કાલાંતરે એનો વિકાસ થયો, ને ત્યાં પાટલીપુત્ર (હાલનું પટણા) શહેર અસ્તિત્વમાં આવ્યું. આ યુદ્ધમાં મગધની સેનાએ થોડાંક નવાં વિનાશક શસ્ત્રોનો પહેલવહેલો ઉપયોગ કર્યો હતો. વજ્જિઓનો પરાજય થતાં મગધ રાજની ઉત્તર સીમા છેક હિમાલય સુધી વિસ્તરી. મલ્લ તથા અન્ય ગણરાજ્યોની પણ એવી જ દશા થઈ હોવાનો સંભવ છે. બધાં ગણરાજ્યોને હરાવ્યા પછી અજાતશત્રુએ કોશલ પર ચઢાઈ કરી કે નહીં એના કોઈ ઐતિહાસિક પુરાવા મળતા નથી. છતાં એક વાત તો નિશ્ચિત છે કે આ કાળ પછી કોશલનો રાજનૈતિક પ્રભાવ ઓછો થઈ ગયો. કદાચ આ કાળમાં જ મગધ તથા અવંતિ વચ્ચે સંઘર્ષ જાગવાનાં કોઈ કારણો ઉદ્ભવ્યાં હશે. અવંતિના આક્રમણના ભયને લીધે જ અજાતશત્રુએ પોતાની રાજધાની તથા રાજગૃહની સુરક્ષા માટે બંદોબસ્ત કર્યો હશે.

અજાતશત્રુ પછી ઉદયન ગાદી પર આવ્યો. મગધના સામ્રાજ્યના વિકાસનો ઇતિહાસ એને પોતાના સ્વાભાવિક અંતની તરફ ખેંચી ગયો. રાજ ખટપટ–કાવાદાવા તથા યુદ્ધો અનેક વર્ષ ચાલ્યાં. પરિણામે ઉત્તર

ભારતમાંના અનેક નાનાં મોટાં રાજ્યોને સ્થાને બે વિસ્તૃત રાજ્યો સ્થપાયાં —મગધ ને અવંતિ. ઉત્તર ભારતમાં આધિપત્ય જમાવવા ઇચ્છતાં આ બન્ને રાજ્યો વચ્ચે સંઘર્ષ થાય એ સ્વાભાવિક વાત હતી. મગધ તથા અવંતિની શત્રુતા વિશે જૈન લેખક હેમચંદ્રે આ વાતનો પોતાના લખાણોમાં ઉલ્લેખ કર્યો છે. આ લડાઇમાં ઉદયને અવંતિરાજને અનેક વાર હરાવ્યો હતો. ઉદયને ગિરિવ્રજ–રાજગૃહને બદલે પાટલીપુત્રમાં પોતાની રાજધાની સ્થાપી. ઉદયન પછી અનુયુદ્ધ, મુણ્ડ અને નાગદસક વગેરે રાજાઓ ગાદી પર આવ્યા, પણ એમના શાસનકાળ દરમિયાન મગધ સામ્રાજ્યની સીમાઓનો કોઈ વિસ્તાર થયો ન હતો. ઈ.સ. પૂર્વે 400 માં શિશુનાગ નામના એક ઉચ્ચ રાજ્યાધિકારીએ નાગદસકને પદચ્યુત કર્યો ને પોતે ગાદી પચાવી પાડી. આમ મગધમાં નવા રાજવંશનો આરંભ થયો. શિશુનાગે આ રાજવંશની સ્થાપના કરી તેથી એ વંશ, તે કાળથી, શિશુનાગ વંશ કહેવાયો. શિશુનાગનાં વિસ્તારવાદી કાર્યોને લીધે એને બિંબિસાર અને અજાતશત્રુની કોટિનો લેખવામાં આવે છે. એણે પ્રદ્યોતોની શક્તિ તથા કીર્તિનો સંપૂર્ણ-પણે નાશ કર્યો એવું પુરાણોમાં વર્ણન કરવામાં આવ્યું છે. એણે અવન્તિનો સંપૂર્ણ પરાજય કર્યો હતો અને એને મગધ સામ્રાજ્યનો એક ભાગ બનાવી દીધો હતો. આમ ઉત્તર ભારતમાં પછીથી મગધનું કોઈ પ્રતિસ્પર્ધી રહ્યું નહીં. મગધ સામ્રાજ્યનો વિસ્તાર બંગાળથી માલવા સુધીનો થઈ ગયો.

શિશુનાગના પુત્ર કાલાશોક કાકવણના હત્યા કરી મહાપદ્મ યા ઉગ્રસેને મગધમાં નંદવંશની સ્થાપના કરી. મગધના પ્રસિદ્ધ પુરોગામી રાજવીઓની જેમ એની નીતિ પણ વિસ્તારવાદી જ હતી. પુરાણોમાં કરેલાં વર્ણનો પરથી જાણવા મળે છે કે એણે ઇક્ષ્વાકુ (કોશલ), પંચાલ (ગંગા-યમુના દોઆબ), કાશી (વારાણસી), હૈહય (નર્મદાની ખીણ), કલિંગ (દક્ષિણ ઓરિસા), અશ્મક (ગોદાવરીનો પ્રદેશ), કુરુ (દિલ્હી), મૈથિલ (ઉત્તર-બિહાર), શૂરસેન (મથુરા) અને વીતિહોત્ર (માલવા) વગેરેના રાજવંશોનો નાશ કર્યો હતો. એણે મગધ સામ્રાજ્યની સીમાઓને ખૂબ વિસ્તારી

અને અગાઉ જીતેલા પ્રદેશોમાં પોતાનો પ્રભાવ દૃઢ કર્યો. આ જ કારણે પુરાણોમાં એને પરશુરામ સર્વક્ષત્રાન્તક નૃપ, અનુલ્લંઘિત શાસન કરનાર અદ્વિતીય સમ્રાટ તરીકે વર્ણવવામાં આવ્યો છે. અન્ય સ્વતંત્ર પ્રમાણોને આધારે નન્દોના આ સામ્રાજ્યવિસ્તારની વાતને સમર્થન મળી રહે છે. સિકંદરના સમકાલીન યુનાની લેખકોએ પણ બિઆસની પૂર્વના પ્રદેશોમાં નંદવંશના અગ્રેમ્સ સમ્રાટનું શાસન તથા પ્રભુત્વ હતું એવું વર્ણન કર્યું છે. એને પ્રસાદ (પ્રાચ્ય) તથા ગંગરિડે (ગંગાની નીચલી ખીણ) નો સ્વામી કહ્યો છે. દસમીથી બારમી સદીમાં લખાયેલા મૈસૂરના શિલાલેખોમાં કુંતલ (દક્ષિણ મુંબઈ અને વાયવ્ય મૈસૂર) પર નંદોનું સામ્રાજ્ય હતું એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તામિલ સાહિત્યમાં પણ નંદવંશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નંદોનું સામ્રાજ્ય ઉત્તર ભારત પૂરતું સીમિત ન હતું. દખ્ખણના મેદાની ઉત્તરપ્રદેશનો પણ એ સામ્રાજ્યમાં સમાવેશ થતો હતો. આ હકીકત જો સ્વીકારી લઈએ તો મૌર્ય સામ્રાજ્ય તથા એનો યશ-ગૌરવ વગેરેનો સાચો અધિકારી નંદવંશ જ લેખાવો જોઈએ. મૌર્યો માટે નવા વિજયો પ્રાપ્ત કરવાની કોઈ ગુંજાશ જ ન હતી. નન્દોએ અગાઉ જીતેલા પ્રદેશો પર એમણે પુનઃ અધિકાર જમાવ્યો હતો, એમ જ કહી શકાય.

આ રીતે વિચારીએ તો મગધ સામ્રાજ્યનો ઇતિહાસ નિરંતર વિસ્તારનો જ ઇતિહાસ લેખાય. સાધારણ એવી પરિસ્થિતિથી શરૂઆત કરી મગધ આખરે ભારતમાં એક અનન્ય સાર્વભૌમ સામ્રાજ્ય બન્યું. મગધને જે યશ મળ્યો એનાં કારણો શોધવાનું કાર્ય એક સરસ વિષય લેખાય. મગધનું રાજસિંહાસન એક પછી એક નીતિ-નિપુણ, મહત્ત્વાકાંક્ષી અને રણશૂરા—રણકુશળ રાજવીઓએ શોભાવ્યું હતું. મગધમાં મંત્રીઓની પણ એક ગૌરવપૂર્ણ પરંપરા હતી—વસ્સકાર. સુનીથ વગેરે મગધના જ મંત્રીઓ હતા. મગધને શક્તિશાળી બનાવવામાં ભૌગોલિક પરિસ્થિતિએ પણ સારો એવો સાથ આપ્યો હતો. મગધની ભૂમિ ઉપજાઉ હતી, એ કાળમાં ત્યાંની નદીઓ યાતાયાતનાં મુખ્ય સાધનો હતી—આ નદીઓને કારણે એ

કામમાં મોટા ભાગના વેપારનું કેન્દ્ર મગધ જ હતું. લોઢું અને તાંબા જેવા ખનિજ પદાર્થોથી તો એ પ્રદેશ આજ પણ સમૃદ્ધ છે. પાટલીપુત્ર પાસે મોંઘામૂલા પદાર્થોની ખાણો હતી એવો પ્રાચીન સાહિત્યમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મગધના વન-જંગલોમાં હાથીઓનાં ઝૂંડ વસતાં. આ હાથીઓ મગધની સેનાને વધુ શક્તિશાળી બનાવવામાં સહાયરૂપ હતા. મગધની વસ્તીસંખ્યા ઘણી મોટી હતી તેથી મગધમાં સૈન્ય પણ ઘણું મોટું રાખી શકાતું. એની ભૌગોલિક પરિસ્થિતિ જ એવી હતી કે જેથી એને શરૂઆતથી જ પોતાની શક્તિને સંગઠિત કરવાની અનુકૂળતા મળી રહી હતી. મગધનાં પાડોશી રાજ્યા પશ્ચિમી રાજ્યોની જેમ સુદૃઢ ન હતાં. પૂર્વનાં આ નાનાં નાનાં ગણરાજ્યો મગધની વધતી જતી શક્તિને રોકી શક્યાં ન હતાં. મગધની સામાજિક વ્યવસ્થા ને સંગઠનની પરિવર્તન-શીલતા એની પ્રગતિનાં આધારભૂત કારણો હતાં. પૂર્વમાં જ નવી ધાર્મિક ચેતનાનું કેન્દ્ર હતું એ આ વાતની પ્રતીતિ કરાવે છે. વિવિધતામાં એકતા તથા માનવમાત્રની સમૃદ્ધિની સંભાવના એની શક્તિનાં પોષક તત્ત્વો હતાં— એ જ એની પ્રગતિનું રહસ્ય હતું.

2 વંશ તથા પ્રારંભિક જીવન

કોઈ પણ પ્રસિદ્ધ વ્યક્તિ યા ઘટનાની સ્મૃતિ ધૂંધળી થતાંની સાથે જ સમય જતાં એ વિશે કથાઓ અને કિંવદંતીઓ વહેતી થઈ જાય છે. રોજ-બરોજના જીવનવ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે કોઈ ઘટનાને પ્રત્યક્ષ નિહાળનારાઓ પણ એનું વર્ણન કરતાં પોતાની રુચિ ને દૃષ્ટિ પ્રમાણે એ ઘટનાઓમાં ફેરફાર કર્યે જાય છે. સમય જતાં આવાં વર્ણનોમાં ચમત્કાર તથા અદ્ભુતના અંશો વિશેષ પ્રમાણમાં પ્રવેશી જાય છે. અસામાન્ય પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી પોતાની નવી કેડી પાડનાર જો કોઈ વિભૂતિ આવાં વર્ણનોનો વિષય હોય તો તે વર્ણનોમાં કથાકારોની કલ્પનાઓને વધુ અવકાશ મળી રહે છે. ચંદ્રગુપ્ત મૌર્ય પણ એવી એક વિભૂતિ હતા. ચંદ્રગુપ્ત મૌર્યનું પ્રારંભિક જીવન તથા તેનાં કાર્યો વિશેની વિગતો અનેક પ્રચલિત કથાઓથી ઢંકાઈ ગઈ છે એમ કહેવામાં અચરજ પામવા જેવું કશું જ નથી.

ચંદ્રગુપ્તનો વંશ તથા એના પ્રારંભિક જીવન વિષે બૌદ્ધ, જૈન, બ્રાહ્મણ તથા યુનાની ઇતિહાસકારોએ વિવિધ વર્ણનો કર્યાં છે. એ વર્ણનોની વિગતો કેટલીય પરસ્પરવિરોધી છે. આ બધી વાતોમાં સામંજસ્ય સ્થાપવાનું તથા સત્યની શોધ કરવાનું કામ સહેલું નથી. ચદ્રગુપ્તના વંશનું નામ મૌર્ય હતું એમાં કોઈ વિવાદ નથી, પણ મૌર્ય શબ્દની ઉત્પત્તિ તથા મૌર્ય જાતિ વિશે પ્રાચીન સાહિત્યમાં નિરનિરાળાં વર્ણનો કરવામાં આવ્યાં છે. આધુનિક સાહિત્યકારો બૌદ્ધ ગ્રંથોમાં કરવામાં આવેલાં વર્ણનોને વધુ પ્રામાણિક માને છે, તુલનાત્મક દૃષ્ટિએ વિચારીએ તો બૌદ્ધ ગ્રંથોમાં કરેલાં વર્ણનો વધુ પ્રાચીન છે, વધુ વિશ્વસનીય છે, વધુ તર્કાનુસાર છે, સુસંગત છે.

ઉપલબ્ધ પ્રમાણો પ્રતિ દુર્લક્ષ કરી કેટલાક આધુનિક ઇતિહાસકારો ચંદ્રગુપ્તને વાયવ્ય ભારત યા ગાંધાર દેશનો ગણાવે છે. અપર્યાપ્ત પ્રમાણો

તથા અશુદ્ધ તર્ક પર એમણે આ મત બાંધ્યો હોય એમ લાગે છે. સિકંદરના સમકાલીન યુનાની લેખકોએ સ્વાત તથા કુનાર નદીઓની ખીણોમાં વસતો શશિગુપ્ત એ જ ચંદ્રગુપ્ત હતો એવું વર્ણન કર્યું છે. શશિગુપ્ત તથા ચંદ્રગુપ્ત નામો એક જ અર્થ સૂચવે છે, છતાં યુનાની લેખકોનાં વર્ણનો વાંચતાં લાગે છે કે એ બે વ્યક્તિઓ જુદી જુદી જ વ્યક્તિઓ હતી. ચંદ્રગુપ્ત સિકંદરને મળ્યો ત્યારે ખૂબ યુવાન હતો, જ્યારે શશિગુપ્ત વયમાં મોટો હતો. ચંદ્રગુપ્તે તો યુનાની રાજ્યોનો વિરોધ કર્યો હતો. જ્યારે શશિગુપ્ત તો યુનાની રાજ્યનો આજીવન ભગત હતો. આ જ કારણને લીધે ચંદ્રગુપ્ત પર અપ્રસન્ન થઈ સિકંદરે એનો વધ કરવા ફરમાવ્યું હતું, જ્યારે શશિગુપ્તમાં તો એને અનન્ય શ્રદ્ધા હતી.

મૌર્યો ગંધાર હતા એમ સિદ્ધ કરવા હ્યુએનસંગનાં લખાણોનું પ્રમાણ આપવામાં આવે છે. હ્યુએનસંગે લખ્યું છે કે વિડૂડમના આક્રમણને કારણે ચાર શાક્ય જાતિઓ ચાર દિશાઓમાં ગઈ. એમાંની એક જાતિએ વાયવ્યે આવેલી સ્વાત નદીને કિનારે આવેલ ઉદ્યાન નામના પ્રદેશમાં રાજ્ય સ્થાપ્યું. હ્યુએનસંગની પહેલાં બૌદ્ધોએ આ બાબત વિષે લખ્યું છે તેથી હ્યુએનસંગની હકીકત માનવા માટે કોઈ ખાસ કારણો નથી. ઉપરાંત સ્વાત નદીને કિનારે વસનાર મૌર્યો હતા એ વાતનો હ્યુએનસંગે ક્યાંય ઉલ્લેખ પણ કર્યો નથી.

મૌર્યો ગાંધારના હતા એ મતની પુષ્ટિ માટે એવી દલીલ કરવામાં આવે છે કે રાજતરંગિણીમાં વર્ણિત અશોકના પ્રપિતામહ શકુનિ અને મહાભારતમાં વર્ણિત ગાંધાર દેશના રાજા શકુનિ એક જ વ્યક્તિ હતા. પણ શકુનિ નામ કેવળ ગંધારોનું જ હોય એમ કેમ મનાય? એ કારણે આ દલીલ મજબૂત લાગતી નથી. ચંદ્રગુપ્તે શિક્ષણ તથા સૈનિક પ્રશિક્ષણ વાયવ્ય ભારતમાં લીધું હતું. સંધિઓ વગેરે પણ એણે વાયવ્ય ભારતમાં કરી હતી એમ કહેવાય છે. એના કેટલાક લિપિકાર ખરોષ્ઠી લિપિના નિષ્ણાત હતા અને એના કેટલાક કલાકારો ઈરાની કલા તથા સ્થાપત્ય પરંપરાઓના જ્ઞાતા હતા. પણ આ બધી વાતોથી ચંદ્રગુપ્ત વાયવ્ય

તરફનો હતો એમ સિદ્ધ થઈ શકતું નથી. ખરું પૂછો તો ચંદ્રગુપ્ત તથા એનો પરિવાર કોઈ એવી પરિસ્થિતિમાં મૂકાઈ ગયો હતો જેને કારણે એને વાયવ્ય તરફ જવું પડયું હતું. ચંદ્રગુપ્તના પ્રારંભિક જીવન વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે. ચંદ્રગુપ્ત કોઈ અનન્ય વિભૂતિ હતો એમ સિદ્ધ કરવા એના પ્રારંભિક જીવન વિશે અનેક રોચક કથાઓ ઉપજાવી કાઢવામાં આવી લાગે છે. આ બધી કથાઓનો મેળ મેળવાનું કાર્ય કઠણ છે. છતાં આ કથાઓને આધારે આપણને એના પ્રારંભિક કાળનો સારો એવો ખ્યાલ તો આવે છે જ. આ કથાઓ–દંતકથાઓ જોયા પછી એટલું સ્પષ્ટ કહી શકાય કે બૌદ્ધ સાહિત્યનાં મૌર્ય વંશ વિશેનાં લખાણો સૌથી વિશેષ પ્રમાણભૂત અને પ્રામાણિક છે. એટલે આ પ્રકરણમાં હવે પછી સૌ પ્રથમ બૌદ્ધગ્રંથ મહાવંશની ટીકાના આધારે ચંદ્રગુપ્તના પ્રારંભિક જીવન વિશે માહિતી આપવામાં આવી છે.

એક સમયે કોઈ એક શક્તિશાળી રાજાએ મૌર્યનગર પર આક્રમણ કર્યું ને ત્યાંના રાજાને મારી નાખ્યો. મૃત રાજાની રાણી સગર્ભા હતી. રાણી પોતાના ભાઈઓ સાથે ત્યાંથી નાસી છૂટી. એ પુષ્પપુર (પાટલીપુત્ર) ગઈ. ને ત્યાં એકલી ગુપ્તવાસમાં રહેવા લાગી. સમય જતાં એને એક પુત્ર થયો. એ બાળકના પ્રાણની રક્ષા કરવા એણે એને એક ગૌશાળાના દ્વાર આગળ મૂકી દીધો. ચંદ્ર નામના એક બળદે એની રક્ષા કરી એથી એનું નામ ચંદ્રગુપ્ત પડયું. પછી એક ગોપાલકે એને પાળીપોષી મોટો કર્યો. ચંદ્રગુપ્ત એ ગોપાલકની ગાયોનાં ધણ સંભાળતો. ચંદ્રગુપ્ત જરા મોટો થયો એટલે પેલા ગોપાલકના એક શિકારી મિત્રે એને માગી લીધો. આમ ચંદ્રગુપ્ત પેલા શિકારીના ગામમાં રહેવા લાગ્યો.

એક દિવસ ઢોર ચરાવતાં ચંદ્રગુપ્ત એના ગોઠિયાઓ સાથે રાજા-રાજાની રમત રમવા લાગ્યો. એની જન્મજાત વૃત્તિને કારણે ચંદ્રગુપ્ત રાજા બન્યો. એણે કેટલાક ગોઠિયાઓને ઉપરાજા બનાવ્યા, તો કેટલાકને રાજ્યપ્રાસાદના અધિકારીઓ બનાવ્યા. કેટલાક છોકરા ચોરડાકુ બન્યા. ચંદ્રગુપ્તે આમ ન્યાયાલયનું નાટક ઊભું કર્યું ને પોતે રાજાની જેમ ન્યાય કરવા બેઠો.

ગુનેગારોને હાજર કરવામાં આવ્યા, ન્યાયાલયનું કામકાજ શરૂ થયું. સાક્ષીઓની જુબાનીઓ લેવાઈ. બન્ને પક્ષની દલીલો રજૂ થઈ તે ન્યાયાધીશે સાંભળી. ગુનો સાબિત થયાની ખાતરી થતાં રાજાએ ગુનેગારોના હાથપગ કાપી નાખવાની પોતાના અધિકારીઓને આજ્ઞા કરી. અધિકારીઓ પાસે કુહાડીઓ ન હતી તેથી એ મૂંઝાયા. એ જોઈ રાજાએ કહ્યું, "એમના હાથપગ કાપવાની રાજાજ્ઞા છે. તમારી પાસે કુહાડી ન હોય તો એક લાકડી લઈ એના પર બકરાનું શિંગડું બાંધી એની કુહાડી બનાવો."

અધિકારીઓએ રાજાજ્ઞાનુસાર કુહાડી બનાવી ગુનેગારોના હાથપગ કાપી નાખ્યા.

ત્યાં રાજાએ એ ગુનેગારોના હાથપગ પાછા જોડી દેવાની આજ્ઞા કરી. બાળકથાઓમાં બને છે એમ બધું કૃત્રિમ જ કરવાનું હતું—એથી હાથપગ જેમ કાપ્યા હતા એમ પાછા જોડી પણ દેવામાં આવ્યા.

કહેવાય છે કે ચાણક્ય આ બધું નિહાળી રહ્યો હતો. નંદના દરબારમાં ચાણક્યનું અપમાન કરવામાં આવ્યું હતું. નંદનું નિકંદન જજો એમ કહેતાં રાજા એના પર ક્રોધે ભરાયો હતો. રાજકુમાર પર્વતને રાજ્ય અપાવવાની લાલચ આપી એની મદદથી ચાણક્ય રાજમહેલમાંથી ભાગી છૂટ્યો હતો. ચાણક્ય જન્મજાત એવા કોઈ રાજકુમારની શોધમાં જ ફરતો હતો. ચાણક્ય ચંદ્રગુપ્તની આ બાલલીલા જોઈ ખૂબ પ્રભાવિત થયો. એણે પેલા શિકારીને 1000 કાર્ષાપણ આપ્યા ને ચંદ્રગુપ્તને એની પાસેથી માગી લીધો.

ચાણક્યે ચંદ્રગુપ્ત તથા પર્વત બન્નેને સોનાની માળા પહેરાવી. આ બન્ને ચાણક્ય પાસે રહેવા લાગ્યા. એક દિવસ બન્નેને સ્વપ્નું આવ્યું. એ સ્વપ્નની વાત સાંભળતાં જ ચાણક્ય પામી ગયો કે પર્વતને રાજ્ય મળવાનું નથી પણ ચંદ્રગુપ્ત જ સત્વર જંબુદ્રીપનો સમ્રાટ બનશે. એક દિવસ ભોજન કર્યા પછી ત્રણે એક વૃક્ષની નીચે સૂઈ ગયા હતા. ચાણક્યે પર્વતને બોલાવ્યો અને એક તલવાર આપી ચંદ્રગુપ્તના ગળાની માળા તોડ્યા વિના કે કડી બોલ્યા વિના લઈ આવવા કહ્યું. પર્વતને કંઈ સૂઝ ન પડી તેથી એ

ખાલી હાથે પાછો આવ્યો. બીજે એક દિવસે ચાણક્યે ચંદ્રગુપ્તને એ જ કામ કરવાનું કહ્યું.

ચંદ્રગુપ્તને કોઈ ઉપાય ન સૂઝ્યો એટલે એણે તો પર્વતનો શિરચ્છેદ કર્યો ને માળા લઈ આવ્યો. ચાણક્ય આથી ખૂબ જ પ્રસન્ન થયો. ચાણક્યે છ કે સાત વર્ષ સુધી ચંદ્રગુપ્તને વિવિધ પ્રકારનું શિક્ષણ આપ્યું ને એને વિદ્વાન અને પ્રવીણ બનાવી દીધો.

આ બૌદ્ધ કથાઓમાં ચંદ્રગુપ્ત વિશે લખેલી આ વાતો કેવળ કાલ્પનિક હોવાનો પણ સંભવ છે. પણ ચંદ્રગુપ્ત મૂળે રાજવંશી હતો એ વાત તો નિશ્ચિત જ છે. કેવળ દુર્ભાગ્યને કારણે એનો બાલ્યકાળનો સમય બહુ જ વિકટ હતો. છતાં નિયતિએ એને પ્રારંભથી જ મગધની રાજધાનીમાં પહોંચાડી દીધો હતો.

અન્ય અનુશ્રુતિઓને આધારે આ વાતને ઘણુંખરું સમર્થન મળી રહે છે. સાધારણ પરિસ્થિતિમાં એનો જન્મ થયો હતો તથા બાલ્યકાળની પરિસ્થિતિ પણ સામાન્ય હતી, તેથી જસ્ટિન પણ એને સાધારણ કોટિના વંશનો લેખે છે.

જૈન અનુશ્રુતિઓમાં પણ ચંદ્રગુપ્તની પરિસ્થિતિ સાધારણ હતી એવા ઉલ્લેખો છે. એનો બાલ્યકાળ પછાત જાતિઓમાં વીત્યો હતો. બૌદ્ધ પરંપરામાં આ જાતિઓને પશુપાલક વર્ગની ગણાવવામાં આવી છે. જ્યારે જૈન અનુશ્રુતિઓ ચંદ્રગુપ્તને મયૂર-પોષકોના સરદારની પુત્રીનો પુત્ર લેખાવે છે. ચાણક્ય ચંદ્રગુપ્તને એના ગામમાં જ મળે છે તથા એને રાજારાજાની રમત રમતો જોઈ પ્રભાવિત થાય છે એમ જૈન સાહિત્યમાં ય લખાયું છે, પણ જૈનોએ આ રાજરમતને જુદી જ રીતે વર્ણવી છે. એમના મતે ચંદ્રગુપ્ત રાજા બનતો અને પોતાના ગોઠિયાઓને ઘોડા તથા હાથી બનાવી એમના પર સ્વારી કરતો. ચંદ્રગુપ્તની જન્મજાત રાજાને અનુરૂપ પ્રવૃત્તિઓની પરીક્ષા કરવાના હેતુથી ચાણક્યે એની પાસે દાન માગેલું. સાચા રાજવીનો અભિનય કરી ચંદ્રગુપ્તે ચરતી ગાયો ભણી નિરખી ચાણક્યને એ ગાયો લઈ જવાનું સૂચવ્યું હતું, પણ એ ગાયો બીજાની છે

ને એનો માલિક આ વાત નહીં માને એમ જ્યારે ચાણક્યે ચંદ્રગુપ્તને કહ્યું ત્યારે ચંદ્રગુપ્તે સત્વર જવાબ આપ્યો—“મારી–રાજાજ્ઞાનું ઉલ્લંઘન કોણ કરી શકે એમ છે?” વળી “વીરભોગ્યા વસુન્ધરા” એમ જ્યારે ચંદ્રગુપ્તે કહ્યું ત્યારે એના તેજસ્વી સ્વરૂપની ચાણક્યને પૂર્ણ પ્રતીતિ થઈ ગઈ.

ચંદ્રગુપ્તને નંદના દરબાર સાથે ઘનિષ્ઠ સંબંધ હતો એમ ઢુણ્ઢિરાજે ‘મુદ્રારાક્ષસ’ની ટીકામાં વર્ણવ્યું છે. ચંદ્રગુપ્તની કુશાગ્ર તથા વ્યાવહારિક બુદ્ધિનો પરિચય કરાવે એવી એક ઘટનાનો પણ એ ટીકામાં ઉલ્લેખ કરેલો છે. ઢુણ્ઢિરાજ લખે છે કે સર્વાર્થસિદ્ધના પુત્ર નવનંદને તો રાજ્ય મળ્યું હતું પણ મૌર્ય નામનો એનો એક પુત્ર જ સેનાપતિ હતો. મૌર્યને સો પુત્રો હતા. એ બધા નંદ કરતાં ઘણા જ કુશળ હતા. એ સર્વમાં ચંદ્રગુપ્ત શ્રેષ્ઠ હતો. ઈર્ષ્યાને કારણે નંદે બધા જ મૌર્યને એક ગુપ્ત કારાગારમાં પૂરી જીવતા જ બાળી મૂકયા હતા, પણ એમાં એક ચંદ્રગુપ્ત બચી ગયો.

કહે છે કે સિંહલદ્વીપના રાજાએ એકવાર મીણનો સિંહ પિંજરામાં રાખી એ પિંજરું નંદના દરબારમાં મોકલ્યું ને કહાવ્યું કે પિંજરું ખોલ્યા વિના જે કોઈ પેલા સિંહને બહાર કાઢશે એને અમે સાચો બુદ્ધિમાન લેખશું. નંદ તથા એમના અન્ય અધિકારીઓની બુદ્ધી ચાલી નહીં. એક ચંદ્રગુપ્તે ખૂબ જ સરળતાથી એ વાતનો ઉકેલ આણી દીધો. કહે છે કે એણે પિંજરાના સળિયા તપાવ્યા. મીણ ઓગળી ગયું ને પેલો મીણનો સિંહ બહાર આવી ગયો!

3 મગધના રાજસિંહાસને

ઈ. સ. પૂર્વે લગભગ 325 થી 326 ના અરસામાં ચંદ્રગુપ્ત સિકંદરને મળ્યો હતો. ચંદ્રગુપ્તના જીવનની આ એક પ્રમુખ અને પ્રથમ ઘટના મનાય છે. અને આ જ કાળથી ચંદ્રગુપ્તનું વ્યક્તિત્વ ઇતિહાસનાં પૃષ્ઠો પર સ્પષ્ટ અંકિત થયેલું દષ્ટિગોચર થાય છે. આ સમયે ચંદ્રગુપ્ત ખૂબ નાનો હતો, એમ જસ્ટિન લખે છે. એવડી નાની વયે પણ પોતાના નિર્ભય ઉત્તરથી એણે સિકંદરને નારાજ કર્યો હતો, જેથી સિકંદરે એનો વધ કરવાની આજ્ઞા કરી હતી. પણ ચંદ્રગુપ્ત સફાઇથી છટકી ગયો હતો.

આ ઘટનાની ઐતિહાસિક સચ્ચાઈ વિશે ઘણું બધું કહી શકાય એમ છે. ચાણકયે ચંદ્રગુપ્તને શિક્ષણ આપવાની સમુચિત વ્યવસ્થા કરી હતી એ તો આપણે જોઈ ગયા છીએ. કહેવાય છે, કે ચાણકયને તક્ષશિલા સાથે સારો એવો સંબંધ હતો ને તક્ષશિલા એ કાળે વિદ્યાનુ મુખ્ય કેન્દ્ર હતું એ વાત તો જાણીતી છે જ. પોતાના ભાવિ વિજયોની યોજનાઓમાં ડૂબેલો યુવાન વિજેતા ચંદ્રગુપ્ત સિકંદરને મળ્યો હોય તો એ કોઈ આશ્ચર્યની વાત ન લેખાય. અને યુનાની ઇતિહાસકારોનાં લખાણોમાંથી સિકંદરના વ્યક્તિત્વ તથા ગુણો વિશે જે કંઇ જાણવા મળે છે એ પરથી કહી શકીએ કે એ સ્પષ્ટવક્તૃત્વ સહન કરી શકે એવો નહોતો જ : સિકંદર ચંદ્રગુપ્તના નિર્ભીક ઉત્તરથી ક્રુદ્ધ થયો હોય તો એ વાત સિકંદરના સ્વભાવની સાથે સુસંગત જ લેખાય.

જસ્ટિનના આ કથનમાં કેટલાક વિદ્વાનો સિકંદરને બદલે નંદના નામનો ઉલ્લેખ કરે છે—પણ એ ફેરફાર યુક્ત લાગતો નથી. સિકંદર તથા ચંદ્રગુપ્તના મિલનનો અહેવાલ પ્લૂટાર્કે પણ લખ્યો છે. ચંદ્રગુપ્ત સિકંદરને મળ્યો હતો એ વાત તો આ પરથી સિદ્ધ થાય છે જ. ચંદ્રગુપ્તની વય નાની હતી એમ પ્લૂટાર્ક પણ લખે છે. નંદનો દુષ્ટ સ્વભાવ તથા એના હલકા

કુળને લીધે લોકો એને ધિક્કારતા હતા. આ કારણોને લીધે એના આખા રાજ્ય પર સિકંદર સહેજે અધિકાર જમાવી શક્યો હોય એમ પણ એ પછી જણાવે છે.

ચંદ્રગુપ્ત સિકંદરને શા કારણે મળ્યો હશે એની આપણે પ્લૂટાર્કના આ વિધાન પરથી કલ્પના કરી શકીએ છીએ. નંદરાજની નિર્બળતાઓ વર્ણવી સિકંદરને મગધ પર આક્રમણ કરવાનું કહેવા કદાચ ચંદ્રગુપ્ત સિકંદરને મળ્યો હોય એવું અનુમાન કરી શકાય. આટલા દૂરના દેશ પર સિકંદર પોતાનું વર્ચસ્વ નહીં જાળવી શકે એવો ચંદ્રગુપ્તને ખ્યાલ હશે અને જો એમ બને તો પોતે મગધના રાજ્ય પર પોતાનું શાસન સ્થાપવાનું સ્વપ્ન સિદ્ધ કરી શકશે એમ ચંદ્રગુપ્તે કદાચ વિચાર્યું પણ હોય. સદીઓ બાદ રાણા સંગ્રામસિંહે જેમ કર્યું હતું એવું જ કંઈ આ વેળા ચંદ્રગુપ્તે પણ કર્યું. રાણા સંગ્રામસિંહે દિલ્હીના બાદશાહ ઇબ્રાહીમ લોદીનો નાશ કરવા બાબરને હિંદુસ્તાન પર આક્રમણ કરવા નિમંત્ર્યો હતો. સિકંદરને ચંદ્રગુપ્ત મળ્યો એ વિશે બીજી પણ કેટલીય કલ્પનાઓ કરવામાં આવે છે. પોતાના દેશ પર અકારણ આક્રમણ કરવા બદલ ઠપકો આપવા પણ ચંદ્રગુપ્ત સિકંદરને મળવા ગયો હોય એમ કોઈ કહે છે, તો કોઈ વળી એમ પણ માને છે કે ચંદ્રગુપ્ત સિકંદરની સેનામાં રહી યુદ્ધ અને સૈન્ય-સંચાલનની તાલીમ લેવા ય ગયો હોય. પણ આ બધી કાલ્પનિક વાતો લાગે છે—એ વાતોનાં કોઈ ખાસ પ્રમાણો મળતાં નથી.

ચંદ્રગુપ્ત તથા સિકંદર વચ્ચે શી વાતો થઈ એ કોઈ જાણતું નથી. આથી સિકંદર ચંદ્રગુપ્ત પર શાથી નારાજ થયો એ વાતનું સમર્થન કરવાનું કામ સહેલું નથી. ચંદ્રગુપ્તને સિકંદર પણ નંદરાજ જેવો કઠોર અને સ્વચ્છંદી લાગ્યો હોય. એની સાથેના અણબનાવનું એ એક કારણ હોઈ શકે. સિકંદર જેવા રાજાને ચંદ્રગુપ્તની શક્તિનો ખ્યાલ આવી ગયો હોય : ચંદ્રગુપ્ત ભવિષ્યમાં યુનાની સામ્રાજ્ય વિરુદ્ધ કંઈ કરી બેસશે એવી સિકંદરની ધારણા હોય. પણ આ બધાં કેવળ કાલ્પનિક કારણો જ છે.

ભારતની અનુશ્રુતિઓમાં અત્યાચારી અને સ્વચ્છંદી નંદનો નાશ કરનાર

તથા નવા રાજવંશના સ્થાપક તરીકે જ ચંદ્રગુપ્તની પ્રશસ્તિ ગાવામાં આવી છે. ચંદ્રગુપ્તની આ સિદ્ધિ ખૂબ જ અગત્યની લેખાય છે. ચંદ્રગુપ્તની આ સિદ્ધિઓને જ લક્ષમાં રાખીને એના વિશે સર્વ દંતકથાઓ લખવામાં આવી છે. યુનાની તથા રોમન લેખકોએ ચંદ્રગુપ્ત તથા સિકંદરના વચ્ચેના યુદ્ધની ક્યાંય વાત કરી નથી. એ બન્ને વચ્ચે યુદ્ધ થયાની વાત કેવળ જસ્ટિને જ લખી છે. જસ્ટિન લખે છે—"સિકંદરને મળી આવી થાકી પાકી ચંદ્રગુપ્ત સૂઈ ગયો હતો ત્યાં એક સિંહ આવ્યો, ચંદ્રગુપ્તના શરીર પરનો પસીનો ચાટી એને હળવેથી જગાડ્યો ને ચાલતો થયો." ચંદ્રગુપ્તે આ ઘટનાને દૈવી લેખી હતી. રાજપદપ્રાપ્તિની એને ત્યારથી આશા બંધાઈ. ત્યારબાદ એણે સૈન્ય (પગારદાર) એકઠું કર્યું અને પોતાના નવા રાજ્યને સહાય કરવા ભારતીઓનો સાથ મેળવ્યો. પાછળથી લખાયેલા ભારતીય ગ્રંથોની સરખામણીમાં જસ્ટિનનું વર્ણન વધુ સ્પષ્ટ છે. આમાં નંદ વિરુદ્ધના સંઘર્ષમાં ચંદ્રગુપ્ત મુખ્ય પાત્ર છે. જસ્ટિનનાં વર્ણનોમાં પણ ચંદ્રગુપ્ત વિશે ચમત્કારિક વાતો કહેવામાં આવી છે.

ચંદ્રગુપ્તના જીવનની આ સફળતાની વાતો મુખ્યત્વે ભારતીય ગ્રંથોમાં વર્ણવવામાં આવી છે. આ ગ્રંથોમાં વર્ણવેલી વાતોનો સમયાનુક્રમ સાચો નથી. છતાં ય આ વિવિધ પરંપરાગત વાતોના આધારે મુખ્ય ઘટનાઓ વિશેની રૂપરેખા આપણે આંકી શકીએ છીએ.

આ અનુશ્રુતિઓ મુજબ નિરંકુશ શાસનનો અંત આણવામાં ચંદ્રગુપ્તને ચાણક્યે ઘણી સહાય કરી હતી. ચંદ્રગુપ્ત મગધનો સમ્રાટ બન્યો ત્યારે ચાણક્ય એનો મુખ્ય મંત્રી બન્યો હતો. ચંદ્રગુપ્તના સમયનો ઇતિહાસ જોતાં તથા ચંદ્રગુપ્તના જીવનની કથા જોતાં લાગે છે કે ચંદ્રગુપ્ત પર ચાણક્યનો ખૂબ જ પ્રભાવ હતો. ચંદ્રગુપ્તે જે જે રાજ્યો જીત્યાં ને પોતાના રાજ્ય સાથે જોડી દીધાં એ બધું ચાણક્યની બુદ્ધિપ્રતિભાનું જ પરિણામ હતું. આમ ચાણક્યનું મહત્ત્વ વધતું જ ગયું. ચંદ્રગુપ્તને ચાણક્યે પોતાની પ્રતિભાથી આંજી દીધો હતો—ચાણક્યની પ્રતિભા આગળ ચંદ્રગુપ્તની પ્રતિભા ઝાંખી લાગતી હતી. ચંદ્રગુપ્તનું સ્વતંત્ર એવું

કોઈ વ્યક્તિત્વ જ ન હતું એમ કહીએ તો પણ ચાલે. એક આજ્ઞાપાલક શિષ્યની માફક ચંદ્રગુપ્ત ચાણક્યની આજ્ઞાઓનું કેવળ પાલન કરતો હતો. ચાણક્યની ચાતુરી તથા કૂટનીતિજ્ઞતાનું વર્ણન કરવાનો આ ગ્રંથોનો ઉદ્દેશ લાગે છે. નંદ સાથેના સંઘર્ષનો ઉકેલ અસ્ત્રશસ્ત્રોથી નહીં પણ કેવળ ચાણક્યની બુદ્ધિપ્રતિભાને લીધે જ આવ્યો હતો એવું પાછળના ગ્રંથોમાં વર્ણવવામાં આવ્યું છે.

મિલિન્દપન્હ નામના બૌદ્ધ ગ્રંથમાં મૌર્ય તથા નંદ સેના વચ્ચે થયેલ ભીષણ સંગ્રામનો ઉલ્લેખ છે. ચાણક્ય યા ચાણક્યના સર્વવ્યાપી વ્યક્તિ-ત્વનો આ ગ્રંથમાં ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વિકાસના બીજા તબક્કાનો ઉલ્લેખ પુરાણો, મહાવંશ તથા કામન્દકીય નીતિસારમાં કરવામાં આવ્યો છે. નંદનો સંપૂર્ણપણે નાશ થયો તથા ચંદ્રગુપ્તે મગધનું રાજ્ય જીતી લીધું એ વાતનો આ ગ્રંથમાં ઉલ્લેખ છે. પણ ચંદ્રગુપ્તને રાજ્ય મેળવી આપી એને સમ્રાટપદે સ્થાપવાનો યશ તો ચાણક્યને જ આપવામાં આવ્યો છે. અર્થશાસ્ત્ર તો આ ગ્રંથો પહેલાં લખવામાં આવ્યું હતું. નંદના વિનાશની વાતો ઉમેરવામાં આવી હોય એમ લાગે છે. એમાં ચદ્રગુપ્તના નામનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. નંદના શાસન-માંથી દેશને બળપૂર્વક તથા સત્વરે મુક્ત કરાવવાનો યશ ચાણક્ય પોતે જ લે છે. જૈન તથા બૌદ્ધ અનુશ્રુતિઓ ચાણક્યના જ મહત્ત્વનાં વર્ણનો કરે છે. નંદનો વિનાશ કરવા ચાણક્ય જ ચંદ્રગુપ્તને શોધી કાઢે છે. સેના એકત્ર કરવા પણ એ જ પ્રબન્ધ કરે છે. આ બધું હોવા છતાં ચંદ્રગુપ્તનું વ્યક્તિત્વ ચાણક્યના વ્યક્તિત્વ આગળ જરા ય ઝાંખું પડતું નથી. ચંદ્રગુપ્ત બધાં જ કાર્યોમાં ચાણક્યની સાથોસાથ કામ કરે છે. ચાણક્યની કૂટનીતિનું ગૌરવ સંપૂર્ણપણે પ્રસ્થાપિત થઈ શક્યું નથી. પોતાની યોજનાઓના આરંભમાં જ એ ભૂલો કરી બેસે છે.

મુદ્રારાક્ષસ લખાયું ત્યાં સુધીમાં ચાણક્યનું મહત્ત્વ પૂર્ણરૂપે સ્થાપિત થઈ જાય છે. નંદના વિનાશની સર્વ યોજનાઓ એ જ ઘડે છે. ચંદ્રગુપ્તને સહાય કરવા કેટલાય રાજાઓની સેનાઓ એ એકત્રિત કરે છે, ને પોતાની

નીતિકુશળતાથી ચંદ્રગુપ્તના માર્ગની સર્વ બાધાઓ દૂર કરી એને સામ્રાજ્ય મેળવી આપે છે. કથાસરિત્સાગર તથા બૃહત્કથામંજરીમાં ચંદ્રગુપ્ત તથા ચાણક્ય વિશે જુદી જ કથા વર્ણવી છે. એ વાતનો આગળ ઉલ્લેખ થઇ ગયો છે. ચાણક્યને લીધે જ યોગનંદનો નાશ થયો તથા ચંદ્રગુપ્તને સિંહાસન મળ્યું. કોઈ પણ પ્રકારનું યુદ્ધ કર્યા સિવાય યા કોઈ પણ પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રોના ઉપયોગ કર્યા સિવાય આ બધી ઘટનાઓ બની હતી. શકટારની પ્રેરણાથી જ ચાણક્ય સર્વ કાંઈ કરી શક્યો હતો એવી એક નવી વાત અહીં જાણવા મળે છે.

આ બધી વાતો લક્ષમાં લેતાં આપણે ચંદ્રગુપ્તનું મહત્ત્વ લેશ પણ ઓછું આંકી શકીએ એમ નથી. નંદનો નાશ કરવાનો યશ ચંદ્રગુપ્તને જ છે એમ પ્રારંભની રચનાઓમાં વર્ણવવામાં આવ્યું છે. પાછળથી લખાયેલ જૈન તથા બૌદ્ધ પરંપરાઓમાં પણ ચાણક્ય અને ચંદ્રગુપ્તને સરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. નંદનો એકલે હાથે વિનાશ કરવાનું કામ શક્ય નથી એમ ચાણક્ય સમજતો હતો એટલે જ તો એ ચંદ્રગુપ્ત જેવી કોઈ વ્યક્તિની શોધ કરતો હતો. નંદોનો વિનાશ કરવામાં જેટલો ભાગ ચાણક્યની કૂટનીતિએ ભજવ્યો હતો એના કરતાં ચંદ્રગુપ્તના વ્યક્તિત્વે તથા એની સૈન્યસંચાલનકુશળતાએ ભજવેલો ભાગ જરા યે ઓછો નહતો. પ્રાચીન ભારતીય રાજનીતિ બ્રાહ્મણો તથા પુરોહિતોનું ખૂબ ગૌરવ કરતી. આ જ કારણે કદાચ ચાણક્યને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું લાગે છે. ચાણક્યને પ્રેરણા આપનાર શકટાર હતો એમ બૃહત્કથા પર આધારિત ગ્રંથોમાં વર્ણવાયું છે એ પણ આ જ વૃત્તિનું પરિણામ લાગે છે.

ભારતીય ઇતિહાસમાં ચંદ્રગુપ્તનું યોગ્ય સ્થાન શું હતું એ નક્કી કરવાનું અહીં આપણું ધ્યેય છે. ચાણક્યની ઐતિહાસિકતા પર શંકા આણવાનો આપણો ઇરાદો નથી. પ્રારંભના કેટલાક ગ્રંથોમાં ચાણક્યનો ઉલ્લેખ નથી, એ કેવળ એક આકસ્મિક બાબત લેખાય. ચંદ્રગુપ્ત વિશે લખાયેલાં પુસ્તકોમાં અર્થશાસ્ત્ર સૌથી પ્રાચીન ગણાય છે. નંદનો નાશ કરવામાં ચાણક્યે જે ભાગ ભજવ્યો હતો એ વાતનો એમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વળી

ચાણક્ય વિષે આપણને વિવિધ સમયે લખાયેલા વિવિધ વિચારસરણીના ગ્રંથોમાં સતત અબાધિત પરંપરાના ઉલ્લેખો મળે છે. આ ગ્રંથોમાં પણ ચાણક્ય વિશે વિરોધી વૃત્તાંતો છે, છતાં ચંદ્રગુપ્ત તથા નંદોના સંઘર્ષમાં ચાણક્યે જે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો એનો ક્યાસ કાઢવાનું કાર્ય દુષ્કર નથી.

ચાણક્યનાં બીજાં પણ બે નામ હતાં—વિષ્ણુગુપ્ત અને કૌટિલ્ય. એ તક્ષશિલાનો રહેવાસી હતો એમ બૌદ્ધ ગ્રંથોમાં લખવામાં આવ્યું છે. જ્યારે જૈન ગ્રંથોમાં લખવામાં આવ્યું છે કે એ ગોલ પ્રાંતના ચણક નામના ગામનો હતો. ચાણક્યની બાલ્યાવસ્થામાં જ એના દાંત પડી ગયા હતા એ વાતનો ઉલ્લેખ તો જૈન તથા બૌદ્ધ ગ્રંથોમાં પણ કરવામાં આવ્યો છે; દાંત પડી જવાનાં કારણો માત્ર બન્નેએ નિરનિરાળાં વર્ણવ્યાં છે. ચાણક્ય બહુશ્રુત પંડિત હતો, એ રાજનીતિ તથા કૂટનીતિમાં અતિ પ્રવીણ હતો એ વાત તો એના વિશેના એ કાળના સર્વ ગ્રંથોમાં વર્ણવવામાં આવી છે. એના કુરૂપતા, એનો શ્યામળો રંગ તથા એના ભયાનક ચહેરાનો તો સર્વેએ ઉલ્લેખ કર્યો જ છે.

એના આ વિશિષ્ટ ગુણો તથા શાણપણને કારણે આગળ જતાં એ મહાન થશે તથા યશ મેળવશે એવું તો એના બાલ્યકાળથી જ લોકો ભવિષ્ય ભાખતા હતા. ચાણક્ય અત્યંત ક્રોધી હતો. કુશનો કાંટો વાગતાં જ એ પૃથ્વી પરથી કુશનાં મૂળ ઉખાડી કાઢવા મથ્યો હતો એ વાત તો જાણીતી છે.

વેર લેવાની ચાણક્યની આવી વૃત્તિ જોઈ શકટાર તથા ચંદ્રગુપ્તે નંદનો વિનાશ કરવા એને ઉત્તમ માધ્યમ લેખ્યો હતો એમ ઢુણ્ઢિરાજે લખ્યું છે. બૃહત્કથા પર આધારિત ગ્રંથોમાં પણ આ વાતનાં પ્રમાણ મળે છે. ચાણક્ય નંદની દાનશાળામાં મુખ્ય પુરોહિતના આસને બેસી ગયો હતો. નંદે એનું અપમાન કરી એ આસનપરથી એને ઉઠાડી મૂક્યો હતો તેથી ચાણક્યે નંદનો વિનાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી એવી પણ એક વાત પ્રચલિત છે. શેના દાનનો પ્રસંગ હતો, ચાણક્ય મુખ્ય પુરોહિતના

આસન પર કેમ બેઠો, તથા એણે પ્રતિજ્ઞા કરી કે શાપ આપ્યો—વગેરે વિશે જાતજાતની જુદી જુદી કથાઓ પ્રચલિત છે. નંદનો સંપૂર્ણ વિનાશ ન થાય ત્યાં સુધી શિખા ન બાંધવાની ચાણક્યે પ્રતિજ્ઞા લીધી હતી એમ ઢુણ્ઢિરાજે લખ્યું છે : બૃહત્કથામાં પણ એ જ વાતનો નિર્દેશ કરવામાં આવ્યો છે. નંદોએ ચાણક્યનું આમ અપમાન કર્યું હતું એ કારણે જ ચાણક્યે ચંદ્રગુપ્તને નંદો સાથે લડવામાં મદદ કરી હતી. ઇતિહાસમાં આવી વાતો નોંધાઈ છે, તે માત્ર કાલ્પનિક જ છે એમ કહી શકાય નહીં.

નંદોના સામ્રાજ્યનો નાશ કરવામાં ચંદ્રગુપ્ત તથા ચાણક્યના સહયોગની વાત હમણાં તો આપણે સ્વીકારી લઈએ છીએ—અને હવે એ સંઘર્ષના વિવિધ તબક્કાઓ વિશે મળતાં પ્રમાણોની ચર્ચા કરીશું.

સૈન્યબળ વિના નંદોના શક્તિશાળી સામ્રાજ્યનો વિનાશ કરવાનું કામ લગભગ અશક્ય જ હતું. સેના એકઠી કરવા માટે ધનની આવશ્યકતા હતી. ધનનંદના દરબારમાંથી પોતાનો જાન બચાવી ભાગેલો ચાણક્ય વિંધ્યનાં જંગલોમાં ભરાયો હતો, એ વાતનો મહાવંશ ટીકામાં નિર્દેશ મળે છે. ચાણક્યે અહીં રહી ધન એકઠું કર્યું. એણે એક એક કાર્ષાપણના આઠ આઠ કાર્ષાપણ બનાવી એંસી કરોડ કાર્ષાપણ ભેગા કર્યા. આ ધન એણે જમીનમાં સંતાડી દીધું અને અધિકારી એવા કોઈ રાજકુમારની શોધ કરવા એ નીકળી પડ્યો. ચંદ્રગુપ્તને મળ્યા પછી એણે જમીનમાંથી ધન બહાર કાઢ્યું. એ પૈસાથી એણે ચારેકોરથી સૈનિકો ભેગા કરી શક્તિશાળી સેના બનાવીને એને સરદારી ચંદ્રગુપ્તને સોંપી દીધી. ચાણક્યની પત્નીનું એનાં સગાંવહાલાંએ અપમાન કર્યું હતું તેથી એ નંદની દાનશાળામાં ગયો હતો એમ જૈન અનુશ્રુતિઓમાં લખવામાં આવ્યું છે. નંદે ત્યાં એનું જ અપમાન કર્યું. ત્યારબાદ એણે ધન એકઠું કરવા પ્રયત્નો કર્યા. આ જ કારણે એણે ધાતુશાસ્ત્રનો અભ્યાસ કર્યો. એ શાસ્ત્રની સહાયતાથી એણે ધન એકત્રિત કર્યું ને ચંદ્રગુપ્ત માટે શક્તિશાળી સેના ઊભી કરી.

સામ્રાજ્યની સ્થાપના કરવા ચંદ્રગુપ્તે ડાકુઓની એક ટોળી જમાવી હતી એમ જસ્ટિન લખે છે. મૂળ પ્રતમાં ડાકુ માટે જે શબ્દ વાપર્યો છે

એનો અર્થ સવેતન સૈનિક પણ કરી શકાય. પૂર્વાપર સંબંધ જોતાં આ જ અર્થ ઉચિત લાગે છે. ચંદ્રગુપ્ત દ્વારા સિંહાસન પ્રાપ્ત કરવા ચાણક્યે પ્રયત્ન કર્યો હતો એમ બૌદ્ધ તથા જૈન અનુશ્રુતિઓમાં લખવામાં આવ્યું છે. એ પણ આ વાત સાથે સુસંગત લાગે છે. ચાણક્યે જે ધન એકઠું કર્યું હતું એના વડે જ મોટી એવી સેના તૈયાર કરવામાં આવી હતી એ વાતનાં પ્રમાણો આ અનુશ્રુતિઓમાં મળે છે.

જસ્ટિને લખેલા વૃત્તાન્તને આધારે કેટલાક લોકો ચંદ્રગુપ્તની સેનાને ડાકુઓની ટોળી લેખે છે. ડાકુ શબ્દ પંજાબના ગણરાજ્યોનો નિર્દેશ કરે છે એમ પણ કેટલાક માને છે. બૌધાયનનાં ધર્મસૂત્રો તથા મહાભારતમાં પંજાબને આરટ્ટ યા અરાષ્ટ્રક લોકોના દેશ તરીકે ઓળખાવાયો છે. ગણ-રાજ્યોમાં કોઈ રાજા ન હતો તેથી અરાષ્ટ્રક રાજ્યના લોકોને ડાકુ કહેવામાં કૈં અનુચિત લાગતું નથી. સિકંદરના સમકાલીન લેખકોનાં લખાણોમાં પાણિનિ અષ્ટાધ્યાયીમાં તથા મહાભારત આદિ ગ્રંથોમાં પંજાબનાં કોઈ કોઈ ગણરાજ્યોનાં વર્ણનો મળી આવે છે. આ ગણરાજ્યોના લોકો પોતાની લડાયક પ્રવૃત્તિઓ માટે જાણીતા હતા. પાણિનિએ એમાંના કેટલાકને 'આયુધજીવિસંઘ' તરીકે ઓળખાવ્યા છે. આ સ્વતંત્ર અને ભયાનક જાતિઓએ સિકંદરનો સખત સામનો કર્યો હતો એ વાતનાં એ કાળના ઇતિહાસકારોએ સવિસ્તર વર્ણનો કર્યાં છે. ચંદ્રગુપ્તે પોતાનું ધ્યેય સિદ્ધ કરવા આ લોકોની મદદ લીધી હોય તો નવાઈ નહીં. ચંદ્રગુપ્તની સેનામાં આ જાતિઓ પણ હશે એ વાત માનવા જેવી છે. પણ ચંદ્રગુપ્તની સેનામાં કેવળ આ જ જાતિઓ હતી એમ કહેવું ઉચિત ન લેખાય— એ ઐતિહાસિક સત્ય ન લેખાય.

બૌદ્ધ તથા જૈન અનુશ્રુતિઓમાં ચંદ્રગુપ્તના પ્રારંભિક પરાજયની કથાઓ છે. સામ્રાજ્યનાં આબાદ નગરો, ગામો તથા માર્ગો પર ચંદ્રગુપ્તે આક્રમણ કર્યું હતું એમ બૌદ્ધ અનુશ્રુતિઓમાં લખ્યું છે. આ આક્રમણને લીધે સમસ્ત પ્રજાએ ચંદ્રગુપ્તનો સામનો કર્યો હતો. ચંદ્રગુપ્તની સેનાને આ પ્રજાજનોએ ઘેરી સાફ કરી નાંખી હતી ને એમના શસ્ત્રો છીનવી લીધાં હતાં. જ્યારે

જૈન અનુશ્રુતિઓમાં લખ્યું છે કે ચંદ્રગુપ્તે પાટલીપુત્રને ઘેરો ઘાલ્યો હતો, પણ નંદની સેના ખૂબ જ વિશાળ હતી તેથી એ ત્યાં હારી ગયો હતો. ચંદ્રગુપ્ત તથા ચાણક્ય બન્નેને ત્યાંથી જીવ લઈ નાસી જવું પડ્યું હતું. નંદે એમને પકડવા ઘોડેસ્વારો દોડાવ્યા હતા. કહે છે કે ચાણક્ય સાધુવેશે એક સરોવરકાંઠે આરામ કરતો હતો, ત્યાં એક ઘોડેસ્વાર પહોંચી ગયો. ચાણક્યે ચંદ્રગુપ્તને સરોવરમાં કૂદી પડવાનું કહ્યું. ઘોડેસ્વારે નાસતા ચંદ્રગુપ્ત વિશે ચાણક્યને પૃચ્છા કરી તો ચાણક્યે સરોવર તરફ આંગળી ચીંધી. ઘોડેસ્વારે તરત જ પોતાના શસ્ત્રો ઉતારી નાંખ્યા ને એ પણ સરોવરમાં કૂદી પડ્યો. ચાણક્યે એ લાગ જોઈ પેલા ઘોડેસ્વારની જ તલવાર લઈ લીધી ને એનું ડોકું ઉડાવી દીધું. ત્યાં બીજો પણ એક ઘોડેસ્વાર આવી પહોંચ્યો. એને પણ ચાણક્યે છેતર્યો. એણે એક ધોબીને કહ્યું કે રાજા ધોબીઓની આખી જાત પર ગુસ્સે થયો છે—આમ પેલા ધોબીને ત્યાંથી ભગાડી એ એની જગાએ કામ કરવા લાગી ગયો. ચંદ્રગુપ્ત સરોવરમાંથી બહાર આવ્યો. એણે ચાણક્યને કહ્યું કે એ ચાણક્ય પ્રત્યેની અનન્ય શ્રદ્ધાને કારણે જ જાતની પરવા કર્યા વિના સરોવરમાં કૂદી પડ્યો હતો. ત્યારથી ચાણક્ય ચંદ્રગુપ્તને અધિક પ્રેમ કરવા લાગ્યો—એમની મૈત્રી વધુ સઘન બની.

આ બધી વાતો માન્ય રાખવા વિશે મતભેદ હોવાનો સંભવ છે. પણ શરૂઆતમાં ચંદ્રગુપ્તને પરાજય સહેવો પડ્યો હતો એ વાત તો નિશ્ચિત જ છે.

પ્રથમ પ્રયત્ને જ પરાજય સાંપડતાં ચંદ્રગુપ્ત તથા ચાણક્ય પોતાની ભૂલ સમજી ગયા ને તેઓએ પોતાની યોજનાઓ બદલી નાખી એ વિશે તો બૌદ્ધ તથા જૈન ગ્રંથોમાં સરખાં જ વર્ણનો કરેલાં છે. વાત આમ બની હતી—પરાજય મળ્યા પછી ચંદ્રગુપ્ત તથા ચાણક્યે જંગલમાં આશરો લીધો. પોતાના પ્રયત્નોની નિષ્ફળતા તથા સેનાના સંહાર વિશે એમણે વિચારણા કરી. આખરે એમણે પોતાની યોજના તાત્પુરતી માંડી વાળી ને લોકોનો સંપર્ક સાધવાની પ્રવૃત્તિ આદરી. છૂપા વેશે એ ફરતા રહ્યા ને જાત-

જાતના લોકોને મળતા રહ્યા. આમ ફરતાં ફરતાં એમણે એકવાર એક માતાપુત્રને વાત કરતાં સાંભળ્યાં. મા પોતાના દીકરાને જમાડતે વાત કરી રહી હતી. દીકરો રોટલાની કોર કાઢી નાખી વચલો ભાગ જ ખાઈ રહ્યો હતો. માએ આ જોયું ને કહ્યું, "ચંદ્રગુપ્તે રાજ્ય મેળવવાના પ્રયત્નોમાં જે પ્રકારની ભૂલ કરી એવી જ ભૂલ આ છોકરો કરી રહ્યો છે." દીકરાએ માને એ ભૂલ વિશે પૂછ્યું એટલે માએ ચંદ્રગુપ્તે કરેલી મૂર્ખતાની વાત પોતાના દીકરાને કહી. સીમાપ્રદેશો કબજે કર્યા વિના જ ચંદ્રગુપ્તે રાજ્યમાંનાં મુખ્ય નગરો પર આક્રમણ કર્યું એ એનો વ્યૂહ જ ખોટો હતો. એ તો રાજ્યના કેન્દ્રસ્થ નગરો પર આક્રમણ કરી એમનો નાશ કરવા લાગ્યો હતો, તેથી નગરજનો તથા અન્ય લોકો એના વિરુદ્ધ થઈ ગયા. સીમાપ્રાંતોથી લોકોએ આગળ વધી ચંદ્રગુપ્તની આખી સેનાને ઘેરી લીધી ને એનો સંપૂર્ણ નાશ કર્યો.

આ વાતચીત સાંભળી ચંદ્રગુપ્ત તથા ચાણક્ય બન્નેને યુદ્ધયોજનામાં પોતે કરેલી ભૂલ સમજાઈ ગઈ. એમણે ફરી સેના એકઠી કરી અને સીમાપ્રદેશો પર આક્રમણ કરવાનું શરૂ કર્યું. ચંદ્રગુપ્તે પ્રાંતો તથા નગરો પર છાપા માર્યા, નગરો જીત્યાં, એ નગરોની વ્યવસ્થા ને વહીવટ સંભાળવા થોડીક સેના ત્યાં રાખી, આમ કરતાં કરતાં એણે ખૂબ જ મોટી સેના એકઠી કરી. એક પછી એક રાજ્યો ને પ્રાંતો જીતતો એ આગળ વધતો ગયો ને આખરે પાટલીપુત્ર પહોંચી ગયો.

જૈન અનુશ્રુતિઓમાં કંઈ બીજી વાતો પણ લખી છે—પાટલીપુત્ર પર ચઢાઈ કરતાં પહેલાં ચાણક્ય હિમવત્કૂટ નામના દેશમાં ગયો હતો. અને ત્યાંના રાજા પર્વતક સાથે એણે સંધિ કરી હતી. 'મુદ્રારાક્ષસ' નાટકમાં આ વાતનું સમર્થન કરવામાં આવ્યું છે. ચંદ્રગુપ્ત તથા નંદ રાજાને જે જે રાજાઓએ સાથ આપ્યો હતો એમનાં નામો પણ એ નાટકમાં જણાવ્યાં છે. નંદના રાજ્યમાંથી થોડોક ભાગ આપવાનું વચન આપી ચાણક્યે પર્વતકને પોતાના પક્ષે કરી લીધો હતો. ચાણક્યના પ્રયત્નોને લીધે યવન, કિરાત, કામ્બોજ, પારસીક, વાહલિક વગેરે જાતિઓની એક પ્રબળ સેના

ઊભી થઈ. ચંદ્રગુપ્ત તથા પર્વતકે એનું નેતૃત્વ સંભાળ્યું હતું. આ સેનાને લઈ એમણે પાટલીપુત્રને ઘેરો ઘાલ્યો. મુદ્રારાક્ષસમાં લખ્યું છે કે પર્વતકના પુત્ર મલયકેતુ પાસે ખશ. માગધ, ગાન્ધાર, યવન, શક, ચેદિ તથા હૂણ લોકોનું એક સૈન્ય હતું. કુલૂતનો રાજા ચિત્રવર્મા, મલયનો સિંહનાદ, કાશ્મીરનો પુષ્કરાક્ષ, સૈન્ધવનો રાજકુમાર સિન્ધુષેણ તથા પારસીક નરેશ મેધાક્ષ મળી પાંચ રાજાઓ ચંદ્રગુપ્તની વિરુદ્ધ હતા. આ યુદ્ધ ચંદ્રગુપ્ત તથા એના શત્રુ નંદ પૂરતું સીમિત ન હતું. દેશના અન્ય રાજાઓએ પણ યુદ્ધમાં ભાગ લીધો હતો. મગધ સામ્રાજ્યનું દેશની રાજનીતિમાં એટલું બધું મહત્ત્વ હતું કે એનું ભાવિ નિર્માણ કરવા વિશે અન્ય રાજ્યો ઉદાસીન રહી શકે એમ હતું જ નહીં. પંજાબ, વાયવ્ય ભારત તથા આ પ્રદેશોથી દૂરનાં એવાં વિદેશી રાજ્યો પણ આ સંગ્રામમાં સામેલ હતાં.

ચંદ્રગુપ્તની વિરુદ્ધ લડનારા રાજાઓને મુદ્રારાક્ષસમાં મ્લેચ્છ કહ્યા છે. પરંતુ આ નાટકમાં જે જે નામો ગણાવ્યાં છે એમાં યુનાની કે ફારસી રાજાઓનાં નામ નથી. મુદ્રારાક્ષસમાં વર્ણવેલી ઘટનાઓની ઐતિહાસિકતા સિદ્ધ કરવા તથા ચંદ્રગુપ્તની સિદ્ધિઓને મહત્ત્વ આપવાના ઇરાદાથી યુનાની લેખકોએ લખેલા એ કાળના પંજાબના ઇતિહાસમાં જે નામોનો ઉલ્લેખ મળે છે એની સાથે સામ્ય પુરવાર કરવા કેટલાક વિદ્વાનોએ પ્રયત્નો કર્યા છે. મુદ્રારાક્ષસમાં લખેલાં નામો યુનાની નામોનાં જ વિકૃત રૂપો છે એમ એઓ માને છે. દા. ત. મેગૅસ્થિનીસને બદલે એમણે મેધાખ્ય નામ લખ્યું છે તથા સેલ્યૂકસને બદલે શૈલાક્ષ નામ લખ્યું છે. પણ નામોનાં આવાં વિકૃત રૂપોની વાત માત્ર કાલ્પનિક હોઈ એને ઐતિહાસિક સત્ય તરીકે સ્વીકારી શકાય નહીં. મુદ્રારાક્ષસમાં મ્લેચ્છ નામોનો જે રીતે નિર્દેશ કરાયો છે એ જોતાં તો મુદ્રારાક્ષસ નાટકની સત્યતા વિશે સંદેહ પેદા થાય એમ છે. મુદ્રારાક્ષસમાં યુદ્ધમાં ભાગ લેનારી વિદેશી જાતિઓમાં શક તથા હૂણોનાં પણ નામો લખ્યાં છે—ભારતીય ઇતિહાસમાં આ જાતિઓનાં નામનો નિર્દેશ તો અનેક સદીઓ પછી કરવામાં આવ્યો છે—આ કારણોને લીધે મુદ્રારાક્ષસની સત્યતા વિશેનો સંદેહ વધુ દૃઢિભૂત થાય છે. ચંદ્રગુપ્ત જેવી

સાધારણ પરિસ્થિતિનો માનવી અન્ય રાજ્યોની મદદ વગર નંદની સામે કેવી રીતે લડી શકે? એટલે નંદસામ્રાજ્યની વાયવ્યે આવેલાં રાજ્યોએ ચંદ્રગુપ્તને મદદ કરી હોય, ભારતની વાયવ્યે આવેલાં કેટલાંય વિદેશી રાજ્યોનો ભારત સાથે સંબંધ પણ હતો, એ બધી વાતો નાટકના કથાનકને પુષ્ટિ આપે એવી હોઈ નાટ્યકારે આ કાલ્પનિક નામોનો નાટકમાં નિર્દેશ કરવાનું દુ:સાહસ કર્યું હોય કદાચ.

ચંદ્રગુપ્ત તથા એના મિત્ર રાજાઓ પાટલીપુત્ર સુધી પહોંચી ગયા હતા તથા એમણે નંદ સાથે લડાઈ કરી હતી એવી બધી વાતો જૈન અનુશ્રુતિમાં લખી છે, પણ બીજા ગ્રંથોમાં આ વાતનાં કોઈ પ્રમાણો મળતાં નથી. બીજા ગ્રંથોમાં તો લખ્યું છે કે ચંદ્રગુપ્ત તથા પર્વતકે નંદના રાજ્યની સીમાએ આવેલા પ્રદેશો પર વિજય મેળવ્યો હતો, પ્રરંતુ કોઈ એક ખાસ નગરને જીતવામાં એ સફળ થયા ન હતા. એટલે તો ચાણક્યે એક યુક્તિ કરી : તે ત્રિદંડિના સાધુના વેશે નગરમાં પહોંચી ગયો. ત્યાં નગરની અધિષ્ઠાત્રી સપ્ત માતૃઓનું મંદિર જોયું. નગરજનો લાંબા સમયથી ઘેરાયેલા હોઈ તંગ આવી ગયા હતા. એ ઘેરાનો ક્યારે અંત આવશે એ વિશે એમણે આ સાધુને પૂછ્યું. સાધુએ ઉત્તર દીધો કે જ્યાં સુધી આ સાત દેવીઓ મંદિરમાં રહેશે ને નગરની રક્ષા કરતી રહેશે ત્યાં સુધી ઘેરો ઊઠશે નહીં. આ વાત સાંભળી નગરવાસીઓએ એ મૂર્તિઓને મંદિરમાંથી હટાવી દીધી. ચાણક્યની સૂચનાનુસાર ચંદ્રગુપ્ત તથા પર્વતકે પોતાના લશ્કરને ત્યાંથી જરા દૂર ખસેડ્યું ને થોડે છેટે જઈ પડાવ નાખ્યો. આમ નગરજનો થાપ ખાઈ ગયા ને સ્વતંત્રતા મળતાં આનંદપ્રમોદ કરવા લાગ્યા. આ તકનો લાભ લઈ ચંદ્રગુપ્ત તથા ચાણક્યે ફરી લડાઈ કરી અને આનંદપ્રમોદ કરતાં નગરજનોને હરાવી નગર કબજે કરી લીધું. પછી ચંદ્રગુપ્ત તથા પર્વતકે પાટલીપુત્રને ઘેરો ઘાલ્યો ને સાથોસાથ નંદના રાજ્યમાં વિનાશ કરી દેકારો બોલાવી દીધો. આમ નંદ રાજાને ન છૂટકે શરણે આવવું પડ્યું. એણે પોતાની જાતને ચાણક્યને હવાલે કરી દીધી. ચાણક્યે એને દેશ છોડી જવા કહ્યું. રથમાં સમાય એટલું ધન આ પદભ્રષ્ટ

રાજાને ચાણક્યે લેવા દીધું ને એને જીવતો છોડી મૂક્યો. પોતાની સાથે લઈ જવા પરવાનગી મળી હતી એટલું ધન પોતાની બે પત્નીઓ તથા પુત્રીને લઈ રાજા નગર બહાર નીકળવા તૈયાર થયો, એ ટાણે જ નંદની પુત્રીએ ચંદ્રગુપ્તને જોયો ને એના પ્રેમમાં પડી ગઈ. આ જોઈ સ્વયંવર-વિધિથી ચંદ્રગુપ્ત સાથે લગ્ન કરવા નંદ રાજાએ પોતાની પુત્રીને અનુમતિ આપી.

આ યુદ્ધમાં સ્વાભાવિક રીતે અનેક ઘટનાઓ બની હશે. વિવિધ રાજ્યો તથા નગરો જીતવા ચંદ્રગુપ્ત તથા ચાણક્યે ક્યાંક શૌર્યથી કામ લીધું હશે તો ક્યાંક કૂટનીતિ અજમાવી હશે. કોઈ નગરને જીતવા ચાણક્યે ફાંસા પણ નાખ્યા હોય. અંતિમ યુદ્ધનું વર્ણન કરતાં જૈન પરંપરામાં એ યુદ્ધની ભીષણતાનો ક્યાંય ખાસ ઉલ્લેખ કર્યો નથી. ચાણક્યની કૂટનીતિને મહત્ત્વ આપવાના ઉદ્દેશથી ચાણક્ય તથા ચંદ્રગુપ્તની પ્રવૃત્તિઓ ને લાક્ષણિકતાઓ વર્ણવતા ગ્રંથોમાં યુદ્ધોની ભીષણતાનો ક્યાંય ઉલ્લેખ નથી મળતો એ વાત તો અગાઉ જોવાઈ ગઈ છે.

પરંતુ અંતિમ યુદ્ધમાં ચંદ્રગુપ્તને સરળતાથી વિજય ન હોતો પ્રાપ્ત થયો એ વાત તો નિશ્ચિત જ છે. મિલિન્દપન્હ નામના બૌદ્ધ ગ્રંથમાં આ યુદ્ધની ભીષણતાનો અછડતો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજનૈતિક દાવપેચનું આ યુદ્ધ ન હતું—એ તો પ્રબલ સેનાઓનું યુદ્ધ હતું. નંદની સેનાનું નેતૃત્વ ભદ્દસાલ નામના કુશળ સેનાપતિએ સંભાળ્યું હતું. મિલિન્દપન્હમાં લખ્યું છે કે આ યુદ્ધમાં 100 કરોડ સૈનિકો, 10 હજાર હાથી, 1 લાખ ઘોડા તથા 5 હજાર રથીઓ માર્યા ગયા હતા. આ આંકડા અત્યુક્તિભર્યા છે એ નિઃસંદેહ વાત છે. છતાં એક વાત તો નિશ્ચિત છે કે આ રાજપાલટો ભયંકર હત્યાકાંડ પછી જ થવા પામ્યો હતો—અનેક માનવીઓ ને પશુઓનો એમાં નાશ થયો હતો. નંદની સેનાની શક્તિ કંઈ સાધારણ ન હતી. યુનાની લેખકોએ એ સેનાનું વિગતે વર્ણન કર્યું છે. સિકંદરની સેના ભારતમાં આગળ વધી શકી ન હોતી એનાં અનેક કારણો હતાં. એમાં નંદોની સેનાની શક્તિશાળી સેનાનો અંતરાય પણ એક મુખ્ય કારણ હતું—

નંદોની સેનાની શક્તિ જ્યાં આટલી પ્રબળ હતી ત્યાં એણે ખેલેલાં યુદ્ધોની ભીષણતાની કલ્પના કરવાનું કામ પણ કાંઈ અઘરું નથી.

ચંદ્રગુપ્તે નંદ રાજા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી એને દેશમાંથી જવા દીધો હતો એમ જૈન ગ્રંથોમાં લખેલું છે, પણ બૌદ્ધ ગ્રંથોમાં તો લખેલું છે કે ધનનંદ માર્યો ગયો હતો. ચાણક્યે નંદનો સંપૂર્ણ વિનાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી એ વાત તો બધા જ ગ્રંથોમાં વર્ણવેલી છે. આ પ્રતિજ્ઞાની વાત સ્વીકારીએ તો નંદનો વિનાશ થયો હશે એ વાત પણ સાચી લેખવી જોઈએ. ચંદ્રગુપ્તે પાછળથી જૈન ધર્મ સ્વીકાર્યો હતો એમ જૈન ગ્રંથોમાં લખવામાં આવ્યું છે. આથી ચંદ્રગુપ્તે નંદની હત્યા કરી હતી એ વાત જૈન ગ્રંથોએ કદાચ દર્શાવી ન હોય.

પણ નંદનો વિનાશ કરવાથી ચંદ્રગુપ્તની બધી જ સમસ્યાઓનો અંત નહોતો આવ્યો. સામ્રાજ્યવાંછુ રાજાઓ તથા નંદના હિતૈષીઓનો નાશ થયો ત્યારે જ ચંદ્રગુપ્તનું રાજ્ય નિષ્કંટક ને સ્થિર બનવા પામ્યું હતું. ચંદ્રગુપ્તના રાજ્યશાસનના પ્રારંભમાં રાજનીતિક સંઘર્ષો થયા હશે એ વાત આ પરથી ફલિત થાય છે. છતાં બૌદ્ધ તથા જૈન ગ્રંથોએ આ સંઘર્ષોને કેવળ રાજનૈતિક અવસ્થા જ લેખી છે. ચંદ્રગુપ્તે પોતાના પૂર્વપરિચિત મૌની તપસ્વી નામના જટિલ બ્રાહ્મણ સંન્યાસીને બોલાવી રાજ્યમાં પ્રવર્તતી અવ્યવસ્થા દૂર કરવા તથા શાન્તિ સ્થાપવા કહ્યું હતું એમ બૌદ્ધ ગ્રંથોમાં લખેલું છે. મૌની તપસ્વીએ આ કાર્ય સ્વીકાર્યું અને પોતાના નીતિપૂર્ણ કાર્યોથી રાજ્યને સુવ્યવસ્થિત બનાવ્યું. આમ ચંદ્રગુપ્તે ઉપદ્રવકારીઓનો નાશ કરીને દેશમાં સુખ તથા શાન્તિ પ્રસ્થાપિત કર્યાં.

દેશમાં વ્યાપેલી અવ્યવસ્થા તથા અરાજકતા માટે જૈન ગ્રંથોએ તો નંદને જ જવાબદાર ગણાવ્યો છે. સિંહાસનપ્રાપ્તિ કાજેનો આમ આ અંતિમ સંઘર્ષ હતો. ચાણક્યને સાધારણ જનજીવનનો સારો એવો ખ્યાલ હતો અને એને જ કારણે દેશમાં સુવ્યવસ્થા સ્થાપવા એ સમર્થ બન્યો હતો. ચાણક્યે એક વણકરને જોયો. એના ઘરમાં માંકડ હતા. ઘરમાં જે ભાગમાં માંકડ હતા એ ભાગને એ આગ લગાડતો હતો. આમ એ વણકર

ઉપદ્રવકારીઓનો જડમૂળથી નાશ કરતો હતો. વણકરનો આવો વિલક્ષણ વર્તાવ જોઈ ચાણક્ય ખૂબ જ પ્રભાવિત થયો ને એણે એને નગરાધ્યક્ષ નિયુક્ત કર્યો. ચાણક્યે આમ નંદના સર્વ અનુયાયીઓનો વિનાશ કર્યો. કુશધાસને જડમૂળથી ઉખાડી નાખવા ચાણક્યે જે પ્રયત્ન કર્યો હતો એ વાત પણ આ જૈનકથાઓ પર આધારિત હોય એમ લાગે છે.

એ જે હોય તે; આ કથાઓ પરથી આપણે એટલું તો નિશ્ચિત રીતે કહી શકીએ છીએ કે સિંહાસન પ્રાપ્ત કર્યા પછી પણ થોડા સમય સુધી ચંદ્રગુપ્ત તથા ચાણક્યે સચેત રહી વ્યવસ્થિત રીતે પોતાના વિરોધીઓ હણી નાખ્યા હશે—હણવા પડ્યા હતા. મુદ્રારાક્ષસ નાટકનું મુખ્ય વસ્તુ જ આ છે ને! નંદરાજાના ઘણાં મંત્રીઓ હતા. એમાં રાક્ષસ નામે એક મહા નીતિપ્રધાન મંત્રી હતો. રાજા નંદનું મૃત્યુ થયું છતાં એણે હાર ન સ્વીકારી. સ્વામીભક્તિને લીધે એણે ચંદ્રગુપ્તનો નાશ કરવા અનેક યુક્તિપ્રયુક્તિઓ કરી નંદવંશને ફરી રાજ્ય અપાવવા અનેક પ્રયત્નો કર્યા. જ્યારે બીજી બાજુ, ચંદ્રગુપ્તનું રાજ્ય સ્થિર કરવા બધા વિરોધીઓને હણી રાક્ષસને જ ચંદ્રગુપ્તનો મહામંત્રી બનાવવાનો ચાણક્યનો ઈરાદો હતો. ચાણક્ય તથા રાક્ષસની કૂટનીતિની સાઠમારીની કથા જ મુદ્રારાક્ષસનું મુખ્ય વસ્તુ છે.

નંદના મૃત્યુ બાદ રાક્ષસે એના ભાઈ સર્વાર્થસિદ્ધિને રાક્ષસે ગાદી પર બેસાડ્યો. પણ ચાણક્યે સર્વાર્થસિદ્ધિને એવો તો ભરમાવ્યો કે એ રાજપાટ છોડી સંન્યાસી બની તપોવનમાં ચાલ્યો ગયો. રાક્ષસે ત્યાં એની હત્યા કરાવી. પછી રાક્ષસે ચંદ્રગુપ્તને નિર્બળ બનાવવા કેન્દ્રનું સમગ્ર રાજ્ય આપવાનું પ્રલોભન આપી પર્વતકને પોતાના પક્ષમાં લીધો. પણ વિશ્વાસ-ઘાત કરનાર પર્વતકને ચાણક્યે યોગ્ય શિક્ષા કરી. ચંદ્રગુપ્તની હત્યા કરવા રાક્ષસે એક વિષકન્યાને મોકલી હતી. આ વાતની જાણ થતાં જ ચાણક્યે એને સીધી પર્વતક પાસે મોકલી દીધી. વિષકન્યાના સંસર્ગથી પર્વતકનું મૃત્યુ થયું. પછી રાક્ષસે પર્વતકના પુત્ર મલયકેતુને સંપૂર્ણ રાજ્ય આપવાનું પ્રલોભન દાખવી પોતાને પક્ષે ભેળાવ્યો. મલયકેતુના સહકારથી રાક્ષસે મોટી એવી સેના ઊભી કરીને પાટલીપુત્ર પર ચઢાઈ કરવા તૈયારીઓ કરવા માંડી.

ચાણક્યે અનેક ગુપ્તચરો દ્વારા બધી વાતો જાણી લેવાની વ્યવસ્થા કરી. ચાણક્યના ગુપ્તચરો કેવળ નગરોમાં જ ન હતા—એમાંના કેટલાક તો રાક્ષસ તથા મલયકેતુનો પણ વિશ્વાસ સંપાદન કરી લીધો હતો. આમ રાક્ષસની સર્વ યોજનાઓની ચાણક્યને અગાઉથી જ ખબર પડી જતી ને એ એનો યથેષ્ટ પ્રતિકાર પણ કરી લેતો. ચંદ્રગુપ્તની રક્ષા કાજે પણ એણે ઉત્તમ વ્યવસ્થા કરી હતી. પર્વતકના મૃત્યુ બાદ એના ભાઈ વૈરોચકને ચાણક્યે અડધું રાજ્ય આપવાનું ખોટેખોટું વચન આપ્યું. શુભમુહૂર્ત જોઈ એ નગરમાં પ્રવેશ કરે એવી પણ ચાણક્યે વ્યવસ્થા કરી. આ લાગ જોઈ રાક્ષસે તોરણ પાડી નાખી યા છરી મારી ચંદ્રગુપ્તને મારી નાખવાની યોજના ઘડી કાઢી. પણ ચાણક્યે ચંદ્રગુપ્તને સ્થાને વૈરોચકને બેસાડી દીધો—પરિણામે વૈરોચક જ માર્યો ગયો. વળી એક વિશ્વાસપાત્ર વૈદ્ય મોકલી ચંદ્રગુપ્તને વિષ ખવડાવી મારી નાખવાની રાક્ષસે યુક્તિ રચી, પણ ચાણક્યને આ વાતની ય ખબર પડી ગઈ. ચાણક્યે એ જ વિષ પેલા વૈદ્યને પીવડાવી એને જ ખલાસ કરી નાખ્યો. વળી રાક્ષસે ચંદ્રગુપ્તના મહેલમાં સુરંગ ગોઠવી એની હત્યા કરવાની યોજના કરી. ચાણક્ય આ ષડ્યંત્ર પણ જાણી ગયો. અને પોતાની સજાગ બુદ્ધિથી આ ષડ્યંત્ર રચનારને જ એણે સાફ કરી નાખ્યા. ચંદ્રગુપ્તના શયનખંડમાં તથા અંગત સેવકોમાં ય રાક્ષસે પોતાના ગુપ્તચરો ગોઠવ્યા હતા, પણ ચાણક્યની સજાગ બુદ્ધિને કારણે એ ગુપ્તચરો પણ પોતાના કાર્યમાં સફળ ન નીવડ્યા.

ચાણક્યના એક ગુપ્તચર ભાગુરાયણે મલયકેતુનો વિશ્વાસ સંપાદન કરી લીધો હતો. એણે મલયકેતુને ધીરે ધીરે રાક્ષસ વિરુદ્ધ ભંભેર્યો. રાક્ષસે પર્વતકની હત્યા કરાવી હતી એમ એણે મલયકેતુના મનમાં ઠસાવ્યું. વિપક્ષીઓને ફસાવવા ચાણક્યે તથા ચંદ્રગુપ્તે ખોટેખોટા પત્ર લખ્યા ને એના પર રાક્ષસની મુદ્રા લગાવી. એ પત્ર સીધો મલયકેતુને જ મળે એવી વ્યવસ્થા કરી. પત્ર વાંચી મલયકેતુને ખાતરી થઈ કે રાક્ષસ ચંદ્રગુપ્તના જ પક્ષે હતો ને બીજા પાંચ રાજાઓનો સાથ લઈ એને મરાવી નાખવા

ઇચ્છતો હતો. મલયકેતુએ રાક્ષસનો સાથ છોડી દીધો ને પોતાના સહાયક પેલા પાંચે રાજાઓની હત્યા કરાવી દીધી.

આમ રાક્ષસની સર્વ યોજનાઓ નિષ્ફળ નીવડી. નિરાશ થઈ એ પોતાના વિશ્વાસુ ને ઉપકારી પરમમિત્ર ચંદનદાસને મળવા છૂપા વેશે પાટલીપુત્ર પહોંચ્યો. ચંદનદાસને ફાંસીથી બચાવવા એ ચાણક્યને શરણે ગયો. અંતે ચાણક્ય તથા રાક્ષસ મળ્યા અને સમાધાન કર્યું. પછી ચાણક્યે રાક્ષસને સમજાવ્યો ને ચંદ્રગુપ્તના મહામંત્રી બનવા એની સંમતિ મેળવી. આમ ચંદ્રગુપ્તનું રાજ્ય સંપૂર્ણપણે નિષ્કંટક બની ગયું.

મુદ્રારાક્ષસમાં વર્ણવેલી બીજી અનેક ઘટનાઓની સત્યતા વિશે કોઈ ખાસ પ્રમાણો મળતાં નથી. ચાણક્ય જ નીતિકુશળ ને અત્યંત બુદ્ધિમાન હતો એ તો નિઃસંદેહ વાત છે. પોતાની આ બુદ્ધિશક્તિને લીધે એણે ચંદ્રગુપ્તના અનેક વિરોધીઓનો નાશ કર્યો હશે. પરંતુ નાટકમાં વર્ણવેલી ઘટનાઓ તો ચાણક્યનું મહત્ત્વ વધારવા નાટકી ઢબે જ રજૂ કરવામાં આવી છે એમ કહેવું જોઈએ. અન્ય પ્રમાણોના અભાવને કારણે નાટકમાં વર્ણવેલી ઘટનાઓને ઐતિહાસિક સત્ય તરીકે લેખવાનું ઉચિત ન જ ગણાય.

નંદ સામેના વિગ્રહમાં પર્વતકને ચંદ્રગુપ્તના સહાયક તરીકે જ વર્ણવવામાં આવ્યો છે. પર્વતક ધનનંદનો જ પુત્ર હતો એમ મહાવંશ ટીકામાં લખ્યું છે. એને અડધા રાજ્યની લાલચ આપી ચાણક્યે પોતાના પક્ષે કરી લીધો હતો. પરંતુ શરૂઆતમાં જ એ તો ચંદ્રગુપ્તને હાથે માર્યો ગયો હતો.

જૈન ગ્રંથોમાં લખેલું છે કે એ હિમવત્કૂટ દેશનો રાજા હતો અને નંદ પર વિજય મેળવવામાં એણે ચંદ્રગુપ્તને સહાય કરી હતી. મુદ્રારાક્ષસને આધારે એના જીવન ને મૃત્યુ વિશે ઉલ્લેખ અગાઉ કર્યો જ છે. મુદ્રારાક્ષસ પર આધારિત પાછળથી લખાયેલા ગ્રંથોમાં પર્વતકને પર્વતેન્દ્ર તથા પર્વતેશ પણ કહ્યો છે.

પર્વતક કોણ હતો એ કહેવું અઘરું છે. એ વિશે વિદ્વાનોનાં ભિન્ન ભિન્ન મંતવ્યો છે. નામ-સામ્ય ને લીધે કેટલાક લોકો પર્વતક તે યુનાની

લેખકોએ જેનો નિર્દેશ કર્યો છે એ પોરસ જ હતો એમ કહે છે. પણ આ મત સ્વીકારવામાં અનેક બાધાઓ નડે છે. મુદ્રારાક્ષસમાં પર્વતકને મ્લેચ્છ કહ્યો છે તથા એની સેનાને મ્લેચ્છબળ કહી છે. જ્યારે પોરસ યા પૌરવવંશ તો વેદ તથા મહાભારતમાં વર્ણવેલ ક્ષત્રિય જાતિનો હતો. પર્વતક હિમવત્કૂટ પ્રદેશનો રાજા હતો એમ જૈન ગ્રંથોમાં કહેવાયું છે. જ્યારે પોરસનું રાજ્ય તો જેલમ તથા ચિનાબ વચ્ચેના પ્રદેશમાં હતું ને પાછળથી તે બીઆસ સુધી વિસ્તર્યું હતું. આ પ્રદેશને હિમવત્કૂટ પ્રદેશ ન જ કહી શકાય. વળી પર્વતક તથા પોરસના અંતકાળમાં પણ કોઈ સામ્ય નથી. પર્વતકને તો ચાણક્યે વિષકન્યા દ્વારા મારી નંખાવ્યો હતો જ્યારે પોરસનું મૃત્યુ તો યુડેમસના હાથે થયું હતું એવી એક યુનાની કથા છે. તો બીજી યુનાની કથા અનુસાર એનું મૃત્યુ ખુદ સિકંદરને હાથે થયું હતું એમ જાણવા મળે છે.

નેપાળના કિરાત રાજવંશનો અગિયારમો રાજા પર્વ જ ચંદ્રગુપ્તનો સહાયક પર્વતક હતો, એવી પણ એક વાત છે. પરંતુ આ વાતમાં ભૂલ છે. સિકંદર પણ જેનાથી ડરી ગયો હતો એવી શક્તિશાળી સેના વિરુદ્ધ કિરાત વંશના રાજાની સહાય લઈ ચાણક્ય જેવો કુશળ રાજનીતિજ્ઞ પુરુષ યુદ્ધ કરવાનું સાહસ કરે એ વાત માનવામાં આવે એવી નથી. મગધ સામ્રાજ્ય કાજેના આ સંઘર્ષમાં નિર્ણાયક બની શકે એવી કિરાત રાજ્યની ન તો કુશળતા હતી ન તો કોઈ પ્રભાવ.

પર્વતકના જીવનના ઘણા બધા પ્રસંગો, એનું સામ્રાજ્ય તથા ચંદ્રગુપ્તને એણે કરેલી સહાય વિશેની વાતો મુદ્રારાક્ષસ તથા અન્ય ગ્રંથોમાં પાછળથી ઉમેરવામાં આવી હોય એમ લાગે છે. પર્વતક નામની કોઈ વ્યક્તિએ ચંદ્રગુપ્તને સહાય કરી હોય એ વાત માનવા જેવી છે. નંદના સામ્રાજ્ય સાથે પણ એને કોઈ જાતનો સંબંધ હોય એ વાત પણ અસંભવિત ન લેખાય. મહાવંશટીકામાં પર્વતક ધનનંદનો પુત્ર હતો એમ જણાવ્યું છે એ વાત પણ આ પ્રાચીન અનુશ્રુતિઓને આધારે લખાઈ હોય એવો સંભવ છે. એ સાચેસાચ કોણ હતો એ વાત લોકો ભૂલી ગયા હશે અને એ વિસ્મૃતિની

ઉણપ ઢાંકવા લેખકોએ પોતાની કલ્પનાથી આ વાત ઉપજાવી કાઢી હોવી જોઈએ.

પર્વતક નામના શાબ્દિક અર્થનો આધાર લઈ આ ગૂંચ ઉકેલવા એમણે આમ કર્યું હોય એમ લાગે છે. કદાચ આ જ કારણે પર્વતકને હિમવત્કૂટ પ્રદેશનો રાજા લેખાવ્યો છે. પર્વતક નામનાં બીજાં બે રૂપો પર્વતેન્દ્ર તથા પર્વતેશ છે એ પણ આ જ વાતનું સમર્થન કરે છે.

4 વિદેશી શાસનમાંથી મુક્તિ

ચંદ્રગુપ્તે ભારતના વાયવ્ય ભાગ તથા પંજાબને વિદેશી શાસનમાંથી મુક્ત કર્યા તથા બીજી વારના યુનાની આક્રમણનો જડબાંતોડ જવાબ વાળ્યો. આ એની બીજી સિદ્ધિ હતી. એના આ કાર્યના મહત્ત્વને સમજવું અઘરું નથી. સિકંદરે આક્રમણ કર્યું ત્યારે ભારતની પ્રમુખ રાજનૈતિક શક્તિઓની સાચી કસોટી થઈ ન હતી. સિકંદરને પંજાબનો નાનાં નાનાં રાજ્યો સાથે યુદ્ધ કરી સંતોષ માનવો પડ્યો હતો, પરંતુ સિકંદરે ભારતનાં અનેક રાજ્યો જીતી પોતાના રાજ્ય સાથે જોડી દીધાં હતાં એ વાતનો અસ્વીકાર થઈ શકે એમ નથી. ઉત્તર ભારતમાં મુખ્ય રાજ્ય તો નંદોનું જ હતું, છતાં દેશમાં આવી પડેલા આ સંકટના સમયે એ આગળ આવ્યા નહીં. માતૃભૂમિને બચાવવા એમણે ખાસ કોઈ પ્રયત્ન પણ ન કર્યો. તેમ જ પંજાબનાં નાનાં નાનાં રાજ્યોને એમણે ન તો નૈતિક ટેકો આપ્યો કે ન કોઈ સક્રિય સહાય આપી. યુનાનીઓએ સેલ્યૂકસની સરદારી હેઠળ બીજી વાર આક્રમણ કર્યું ત્યારે ચંદ્રગુપ્તે એવો તો વળતો સામનો કર્યો કે સેલ્યૂકસને ભારત સાથે સંધિ કરી અહીંથી પાછા હઠી જવા સિવાય કોઈ માર્ગ ન રહ્યો.

સિકંદરના ઉત્તરાધિકારીઓ સાથે યુદ્ધ કરી ચંદ્રગુપ્તે જે વિજય મેળવ્યો એનો ભારતીય સાહિત્યમાં કોઈએ નિર્દેશ કર્યો નથી. આ હકીકત યુનાની ગ્રંથોમાં નોંધાઈ છે તે જ માત્ર એક પ્રમાણ છે. આ યુનાની આક્રમણનું ખાસ કોઈ મહત્ત્વ ન હતું તેથી ભારતીય લેખકોએ એની નોંધ નહીં લીધી હોય એમ મનાય છે. આ આક્રમણ એક ઝંઝાવાત જેવું હતું : એણે ભારતના રાજનૈતિક જીવનને એક આંચકો આપ્યો, પણ ખાસ કોઈ અસર ઉપજાવી ન હતી. દેશના એક જ ભાગ પર એની અસર થઈ હતી અને એ અસર પણ તાત્પૂરતી જ હતી. છતાં આવાં બધાં સ્પષ્ટીકરણોથી ખાસ કોઈ અર્થ સરતો નથી.

ચંદ્રગુપ્તની આ સિદ્ધિનું સાચું ગૌરવ તો મુદ્રારાક્ષસમાં કરવામાં આવ્યું છે. ચંદ્રગુપ્તની આ સિદ્ધિને મુદ્રારાક્ષસમાં વરાહ અવતારના મહાન કાર્ય સાથે સરખાવી છે. ચંદ્રગુપ્તે મ્લેચ્છના પંજામાંથી પૃથ્વીને ઉગારી લીધી હતી. ભારતીય સાહિત્ય વિદેશીઓને યવન કે મ્લેચ્છ તરીકે ઓળખાવે છે. અહીં મ્લેચ્છ શબ્દ યુનાની આક્રમકો માટે વપરાયો છે. વરાહરૂપે અવતરી ભગવાને જે રીતે પૃથ્વીને ઉગારી લીધી હતી એ જ રીતે આ વેળા ચંદ્રગુપ્તે પણ યુનાની આક્રમણને કારણે ભારતના રાજનૈતિક તથા સાંસ્કૃતિક જીવન પર જે સંકટ આવ્યું હતું એમાંથી એને ઉગારી લીધું હતું. ભાવિ ઇતિહાસ ચંદ્રગુપ્તના આ ઉપકારને વિસર્યો ન હતો એવું આ ઉપમા દ્વારા સૂચન મળે છે. ભાવી ઇતિહાસે આપણા દેશની સાહિત્યિક પરંપરાને અનુરૂપ એવી રીતે ચંદ્રગુપ્તના આ ઋણને આવી ઉપમાઓ રૂપે ચિરકાળ માટે યાદ રાખ્યું છે. મુદ્રારાક્ષસનું કથાવસ્તુ જુદું જ છે. ચંદ્રગુપ્તે યવન આક્રમણનો સામનો કરી જે વિજય મેળવ્યો એ વાત આ કથાનકમાં ઉચિત રીતે વણી શકાય એમ ન હતું, એટલે ચંદ્રગુપ્તના એ વિજયનો મુદ્રારાક્ષસમાં સંક્ષેપમાં જ આ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને એ રીતે એની સફળતાની પ્રશંસા કરવામાં આવી છે.

ભારતમાંના યુનાની સામ્રાજ્યનો અંત આણવાનો યશ જસ્ટિને ચંદ્રગુપ્તને જ આપ્યો છે. એણે લખ્યું છે કે—"સિકંદરના મૃત્યુ બાદ ભારતે પોતાની ગરદન પરથી વિદેશી ગુલામીની ધૂંસરી દૂર કરી દીધી ને સિકંદરના રાજ્યપાલોને મારી નાખ્યા. આ મુક્તિદાતા હતો ચંદ્રગુપ્ત." કાવ્યાત્મક કથનનો સીધો અર્થ એટલો જ છે કે ચંદ્રગુપ્તે ભારતમાંથી યુનાની શાસનનો અંત આણ્યો ને એ પ્રદેશો પોતાના સામ્રાજ્ય સાથે જોડી દીધા.

પરંતુ થોડાક ઇતિહાસકારો જસ્ટિનના આ કથનને ઇતિવૃત્તાત્મક માની યુનાની શાસનમાંથી મુક્તિ મેળવવા પ્રયત્નો થયેલા અને એ પ્રયત્નોનો નેતા ચંદ્રગુપ્ત હતો એમ કહે છે. સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે ભારતમાં સંઘર્ષ જામ્યો હતો એમ આ ઇતિહાસકારો માને છે. યવનોને ભારતમાંથી હાંકી

કાઢવા એક નિશ્ચિત યોજના ઘડવામાં આવી હતી. યુનાની રાજ્યપાલોની હત્યાઓ કરવામાં આવી એ કોઈ સ્વતંત્ર ઘટનાઓ ન હતી. સમગ્ર યોજનાની જ આ તો પૂર્વભૂમિકા હતી. યુનાની સામ્રાજ્ય તથા યુનાની અધિકારીઓ પર થયેલા આઘાતના જે ઉલ્લેખો છે એ તો સ્વતંત્રતા પ્રાપ્તિ કાજેની પ્રવૃત્તિના વિવિધ તબક્કા જ છે. આ બધી ઘટનાઓ સાથે ચંદ્રગુપ્તને સંબંધ હતો તથા એ બધાં કાર્ય ચંદ્રગુપ્તે જ કર્યાં હતાં એમ જસ્ટિન લખે છે.

યુનાની સામ્રાજ્યનો અંત આણવામાં ચંદ્રગુપ્તના પ્રયત્નોનું મૂલ્યાંકન કરવા આપણે ભારતમાંના સિકંદરના સામ્રાજ્યના ઉત્થાન તથા પતનનો ઇતિહાસ જોવો જોઈએ. જે જે ઘટનાઓ ને પ્રવૃત્તિઓને કારણે સિકંદરનું સામ્રાજ્ય નષ્ટ થયું એ બધા વિશે આપણે વિગતે વિચાર કરવો જોઈએ. સિકંદરના સામ્રાજ્યના પતનમાં ચંદ્રગુપ્તે શો ભાગ ભજવ્યો હતો એ તો એ વિગતોની વિચારણા પછી જ નક્કી કરી શકાય.

ભારતના પ્રદેશો જીતી એનો રાજકારભાર ચલાવવા સિકંદરે જે પ્રબંધો કર્યા હતા એ પરથી એની મહત્ત્વાકાંક્ષાનો ખ્યાલ આવી જાય છે. એને આ પ્રદેશોને હંમેશ માટે પોતાના રાજ્ય સાથે જોડી દેવા હતા. પોતાનું ધ્યેય હાંસલ કરવા સિકંદરે ભારતના આ પ્રદેશમાં પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં. પણ શરૂઆતથી અમંગળનાં ચિહ્નો વરતાતાં હતાં. એની યોજનાઓનો યુનાનીઓએ પણ સહર્ષ સ્વીકાર કર્યો ન હતો. પોતાના ભારતમાંના સામ્રાજ્ય માટે એણે જે વહીવટી વ્યવસ્થા કરી હતી એના પરથી જ એના સામ્રાજ્યની અસ્થિરતાનો ખ્યાલ આવી જાય છે. એણે પોતાના સામ્રાજ્યને છ પ્રાંતોમાં વ્હેંચી નાખ્યું હતું. સિંધુ નદીની પૂર્વે આવેલા ત્રણ પ્રાંતો યુનાની અધિકારીઓની હકૂમત નીચે હતા. ઓક્ઝયાર્ટેસને પૈરોપૈમિસડાઈ એટલે કે કાબૂલની ખીણનો પ્રાન્તપાલ બનાવ્યો હતો. નિકેનોરને સિંધુની પશ્ચિમે આવેલા પ્રદેશનો પ્રાન્તપાલ બનાવ્યો હતો. ફિલિપી યુનાની લશ્કરના એક દળનો સેનાપતિ હતો. તેથી તેને પણ નિકેનોરની સાથે વહીવટ સંભાળવા નિયુક્ત કર્યો હતો. પાઇથનને સિંધનો

પ્રાંતપાલ બનાવ્યો હતો. પરંતુ સિંધુનદીના પૂર્વ તરફના પ્રદેશોનો વહીવટ ભારતીય રાજાઓને સોંપ્યો હતો. સિંધુ નદીની પૂર્વ દિશાએ આવેલા ત્રણ પ્રદેશોની વ્યવસ્થા આ પ્રમાણે કરી હતી—તક્ષશિલાનરેશ આમ્ભિને સિંધુ અને જેલમ નદીઓ વચ્ચેનો પ્રદેશ સોંપ્યો હતો : પોરસને જેલમ અને બીયાસ નદી વચ્ચેના પ્રદેશનો રાજા બનાવ્યો હતો, બાકીના પ્રદેશનું શાસન રાજા અભિસારને સોંપ્યું હતું.

સિકંદર ભારતમાં હતો ત્યારથી જ એનું સામ્રાજ્ય ડગમગવા લાગ્યું હતું. ભારતીય જનોમાં અસંતોષ ફેલાયો હતો અને પરિણામે વિદ્રોહ થવા લાગ્યા હતા. સેમેકસસ અથવા ડેમેરેક્સસ નામના ભારતીય આગેવાનના નેતૃત્વ હેઠળ કંદહારમાં બળવો થયો હતો. એ જ રીતે અશ્વક લોકોએ પણ બળવો કર્યો ને નિકેનોરની હત્યા કરી. આ બળવો મહા મુશ્કેલીએ દબાવી શકાયો હતો. નિકેનોરને સ્થાને ફિલિપીની નિમણૂંક કરવામાં આવી હતી. ક્ષુબ્ધ બ્રાહ્મણોએ પણ સારો એવો ઉપદ્રવ જગાવ્યો હતો. બ્રાહ્મણોની ઉશ્કેરણીથી મ્યૂઝિકનોસ તથા ઑક્સિકેનોસ નામના રાજાઓએ પણ બળવો કર્યો ને સિકંદરના સાર્વભૌમત્વમાંથી મુક્તિ મેળવી લીધી.

ઇ. સ. પૂર્વે 325 માં, સિકંદર કાર્મેનીઆ સુધી માંડ પહોંચ્યો હતો ત્યાં તો ફિલિપીને મારી નાખવામાં આવ્યો હતો. ભારતમાંના યુનાની સામ્રાજ્ય માટે આ મોટો ફટકો હતો. પણ સિકંદર લાચાર હતો. ફિલિપીની જગાએ બીજા પ્રાંતપાલની નિમણૂંક ન થાય ત્યાં સુધી ત્યાંનો વહીવટ સંભાળી લેવ એને તક્ષશિલા નરેશને વિનંતિ કરવી પડી. સિકંદરે પછીથી આ પ્રાંતનો વહીવટ સંભાળવા બીજા કોઈને મોકલ્યો કે નહીં એનું કોઈ પ્રમાણ મળતું નથી.

સિકંદરના મૃત્યુ બાદ ઇ. સ. પૂર્વે 323 માં પહેલી જ વાર એના સામ્રાજ્યના પ્રાંતોનો વહીવટ કરવા બેબિલોનમાં પ્રબંધ કરવામાં આવ્યો હતો. સિકંદરે ભારતમાંના પ્રાંતોમાં જે જે પ્રાંતપાલો નિયુક્ત કર્યા હતા એમને કારભાર ચાલુ રાખવાનું કહેવામાં આવ્યું હતું. આ સમય સુધી ભારતમાં સિકંદરનું સામ્રાજ્ય અક્ષુણ્ણ હતું એની પ્રતીતિ મળી રહે છે.

પરંતુ બે જ વર્ષ પછી ટ્રિપારડિસસમાં સિકંદરના સામ્રાજ્યનું સંગઠન કરવા તથા વિભાજન કરવા સંધિ કરવામાં આવી હતી. આ સંધિ અનુસાર સિંધના પ્રાંતપાલ પાઇથનને સિંધુથી માંડી ઠેઠ કાબૂલની ખીણ સુધીના પ્રદેશોનો અધિકાર સોંપવામાં આવ્યો હતો, સિંધુ નદીના કિનારાનો પ્રદેશ પોરસને સોંપવામાં આવ્યો હતો અને જેલમના કિનારાનો પ્રદેશ આમ્ભિને સોંપવામાં આવ્યો હતો. ભારતીય રાજાઓની વધતી જતી શક્તિ જોઈ આ સંધિ વેળાએ યુનાની અધિકારીઓએ ચિંતા પણ વ્યક્ત કરી હતી. સારી એવી સેના એકઠી કરી વિશિષ્ટ સેનાપતિઓ નીમ્યા સિવાય આ રાજવીઓનો સામનો કરવાનું કામ કઠિન છે એમ પણ એ લોકોએ કહ્યું હતું.

યુડેમસ તથા પાઇથન ભારતમાંના યુનાની સામ્રાજ્યના છેલ્લા પ્રતિનિધિઓ હતા. સિકંદરના ઉત્તરાધિકારી તરીકે પોતપોતાનું પ્રભુત્વ સ્થાપવા પરસ્પર લડી રહેલા પોતપોતાના સ્વામીઓને સહાય કરવા યુડેમસ તથા પાઇથન ઇ. સ. પૂર્વે 317 માં ભારતમાંથી પોતાને વતન ચાલ્યા ગયા. આમ ભારતમાંના સિકંદરના સામ્રાજ્યનો અંત આવી ગયો.

યુનાની સામ્રાજ્યનો ક્રમશઃ અંત આણવામાં જવાબદાર જે જે ઘટનાઓ બની એની સાથે ચંદ્રગુપ્ત પણ સંકળાયેલો હતો એમ કેટલાક વિદ્વાનો માને છે. આ વાતનો અમે અગાઉ ઉલ્લેખ કરી ગયા છીએ. આ વાતને અસંભવિત લેખવા કોઈ પુરાવા મળતા નથી, તો એને સાચી માનવાનાં પણ કોઈ ખાસ પ્રમાણો મળતાં નથી. એટલે યુનાની સામ્રાજ્યના પતનનાં કારણો તથા વિગતો સાથે ચંદ્રગુપ્ત સંકળાયેલો હતો એમ કહેતાં પહેલાં ખૂબ જ સાવધાનીથી વિચાર કરવા જેવું છે.

યુનાની અધિકારી ફિલિપીની હત્યા કરવાની યોજના ચંદ્રગુપ્તે જ ઘડી હતી એમ કાશીપ્રસાદ જયસ્વાલ માને છે. જયસ્વાલ માને છે કે જે માણસોએ ફિલિપી સામે ષડ્યંત્ર રચ્યું તથા એની હત્યા કરી એ બધા ચંદ્રગુપ્તનાં પગારદાર માણસો હતા, પણ ઇતિહાસકારોનો મત જુદો જ છે. ઇતિહાસકારો માને છે કે ફિલિપીની હત્યા કરનારા તો સિકંદરના સામ્રાજ્યના વિવિધ સ્થળે નિયુક્ત થયેલા યુનાની સૈનિકો જ હતા.

સિંધુના પૂર્વ પ્રદેશો પરના યુનાની સામ્રાજ્યનો અંત આવી ગયો તથા યુનાની અધિકારીઓને ત્યાંથી ભાગી જવું પડયું હતું એમ વિખ્યાત અંગ્રેજ ઇતિહાસકાર સ્મિથ ટ્રિપેરેડિસસની સંધિના આધારે માને છે. સ્મિથના મતે પાઇથનને સિંધમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો : એ ત્યાં પાછો આવે એવી કોઈ શક્યતા ન હતી અને એથી જ તો એને સિંધુ નદી તથા કાબૂલની ખીણની વચ્ચેના પ્રદેશનો વહીવટ સોંપવામાં આવ્યો હતો. સ્મિથ લખે છે કે પોરસને સિંધુ નદીના પ્રદેશનો વહીવટ સોંપ્યો હતો તથા આમ્ભિને જેલમ નદીનો પ્રદેશ સોંપ્યો હતો એ વાત કેવળ ભૌગોલિક જ્ઞાનના અભાવનું જ સૂચન કરે છે. ખરું જોતાં તો આ પ્રદેશો યુનાની અધિકારીઓ પાસેથી લઈ લેવામાં આવ્યા હતા તેથી યુનાની અધિકારીઓ આ વિગતો વિશે સાચી વાત જાણતા ન હતા. ટ્રિપેરેડિસસની સંધિમાં એમનો ઉલ્લેખ કેવળ ઔપચારિક રૂપે જ કરવામાં આવ્યો છે. ભારતમાં એમનો ખાસ કોઈ પ્રભાવ નહોતો રહ્યો એમ યુનાની અધિકારીઓએ જ કબૂલ કર્યું છે. સિંધુ નદીના પૂર્વના પ્રદેશોમાંથી યુનાનીઓને ચંદ્રગુપ્તે જ ભગાડ્યા હતા એમ સ્મિથ તો માને છે. સ્મિથની આ દલીલ સ્વીકારી શકાય એવી નથી. પહેલાં આપણે પાઇથન વિશેની હકીકતોને જ તપાસીએ. પાઇથનને સિંધમાંથી ભગાડી મૂકવામાં આવ્યો હતો એ વાતનું કોઈ પ્રમાણ મળતું નથી. આ ઘટનાઓની પાછળ ભારતીઓનો હાથ હતો કે કેમ એનો પણ કયાંય ઉલ્લેખ મળતો નથી. પાઇથનને સિંધમાંથી ભગાડી મૂકયો હતો એ વાત સ્વીકારી લઈએ તો પણ એને ભગાડવામાં ચંદ્રગુપ્તનો નહીં પણ બીજાઓનો જ હાથ હોવો જોઈએ. એ જ રીતે પોરસ તથા આમ્ભિના રાજ્યના ઉલ્લેખને ભૌગોલિક અજ્ઞાન કહેવું પણ આવશ્યક નથી.

એમનાં રાજ્યો વિશેની સાચી હકીકત નક્કી કરવા બીજી એક વાત રજૂ કરી શકાય એવી છે. સંભવ છે કે પોરસના રાજ્યમાં સિંધને ભેળવી દેવામાં આવ્યો હોય યા યુડેમસ રાજ્ય કરતો હતો એ સિંધુની ખીણનો થોડોક ભાગ પોરસને સોંપવામાં આવ્યો હોય. આમ આમ્ભિની બાબતમાં

પણ કદાચ બન્યું હોય. પંજાબનો પ્રદેશ તો ટ્રિપેરેડિસસની સંધિ વેળાએ પોરસ તથા આમ્ભિની હકૂમત તળે હતો એ વાત તો નિશ્ચિત જ છે. યુનાનીઓનો આ પ્રદેશ પરનો પ્રભાવ ઓછો થઈ ગયો હતો એમ કલ્પી લઈએ તો પણ ચંદ્રગુપ્તે સિંધુની પૂર્વ દિશાનો પ્રદેશ જીત્યો હતો એમ કહેવું તર્કશુદ્ધ નહીં જ લેખાય.

યુનાની સામ્રાજ્ય છિન્નભિન્ન થવાનાં કારણો, ઘટનાઓ તથા યુડેમસ પાછો ગયો વગેરે વાતોની સાથે કેટલાક વિદ્વાનોએ ચંદ્રગુપ્તના ઉદયને સાંકળી લીધો છે. એ લોકો સદાને માટે ભારત છોડી ગયા એ બધું ચંદ્રગુપ્તને જ કારણે બન્યું હતું એમ એ લોકો માને છે. યુડેમસને ચંદ્રગુપ્તે જ હાંકી કાઢ્યો હતો એ વાતનું કોઈ પણ પ્રાચીન ગ્રંથોમાં પ્રમાણ મળતું નથી.

ટૂંકમાં એટલું કહી શકાય કે ભારતના વાયવ્ય ભાગમાંના સિકંદરના સામ્રાજ્યનો અંત આવી ગયો ને એમાંના કેટલાંક પ્રદેશને ચંદ્રગુપ્તના રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યો હતો. ચંદ્રગુપ્તે યુનાની સામ્રાજ્ય સામે બળવો કર્યો હતો એમ કહી શકાય નહીં. સામ્રાજ્યનો ધીરે ધીરે જે ઘટનાઓને લીધે અંત આવ્યો એ સાથે પણ ચંદ્રગુપ્તને કંઈ સંબંધ હતો એમ માનવાને કોઈ જ પ્રમાણો મળતાં નથી.

છતાં ચંદ્રગુપ્તની સત્તા પંજાબમાં કેવી રીતે વધી એ અંગે કેટલાંક પ્રમાણો જરૂર મળે છે. આ સત્તા વધારવા ક્યારે લડાઈ થઈ તથા બીજી કઈ ઘટનાઓ બની એ વિશે આ પ્રમાણોમાં કોઈ ખાસ ઉલ્લેખો મળતા નથી. છતાં યુનાની સામ્રાજ્યની વધતી જતી નિર્બળતાનો લાભ લઈ ચંદ્રગુપ્તે એમના કેટલાક પ્રદેશો જીતી લીધા હશે એમ અનુમાન સહેજે કરી શકાય.

ઇ. સ. પૂર્વે 322 માં ચંદ્રગુપ્તે પંજાબ જીતી લીધું હશે એમ લાગે છે. ટ્રિપેરેડિસસની સંધિ પરથી એટલું તો સ્પષ્ટ જાણવા મળે છે કે જેલમની પૂર્વે આવેલા પ્રદેશોમાંની યુનાની સત્તાનો અંત આવી ગયો હતો. આ સંધિ થઈ એ ટાણે આ પ્રદેશના વહીવટ વિશે કોઈ યોજના કરવામાં આવી ન હતી. કોઈ બીજી સત્તાએ આ પ્રદેશ ઈ. સ. પૂર્વે 321 માં જીતી

લીધો હશે એવું આ પરથી અનુમાન કરી શકાય. અને એવી શક્તિ ચંદ્રગુપ્ત સિવાય બીજા કોઈની ન હોઈ શકે એ વાત પણ નિશ્ચિત જ છે.

આ વિજય મળ્યા પછી અનુકૂળતાએ ચંદ્રગુપ્તે પંજાબનાં બીજાં રાજ્યો પણ જીતી લીધાં હશે. ચંદ્રગુપ્તના આ વિજયનો કાળ નિશ્ચિત કહી શકાતો નથી. છતાં સેલ્યુકસ સાથે એણે યુદ્ધ કર્યું એ પહેલાં આ વિજય પ્રાપ્ત કર્યો હશે એ વાત સ્પષ્ટ લાગે છે. આ વિજય પ્રાપ્ત થતાં ચંદ્રગુપ્તનું સામ્રાજ્ય પશ્ચિમમાં સિંધુ નદી સુધી વિસ્તરી ચૂકયું હતું. આ વાતનો એપ્પિયનનાં લખાણોમાં નિર્દેશ કરેલો છે. ચંદ્રગુપ્ત સિંધુના એક કિનારે રહેતો હતો. સેલ્યુકસે સિંધુ નદી પાર કરી ચંદ્રગુપ્ત સાથે લડાઈ કરી. એપ્પિયનનાં આ લખાણમાંથી એટલું તો સ્પષ્ટ થાય છે કે ચંદ્રગુપ્ત અને સેલ્યુકસની લડાઈ થઈ એ કાળે બન્ને સામ્રાજ્યોની સીમા-રેખા સિંધુ નદી હતી. પ્લિનીનાં લખાણોમાં પણ આ હકીકતનું પ્રમાણ મળે છે. સિંધુ પ્રસાઈ રાજ્યની સીમા પર વહે છે એવું એક ટાંચણ પ્લિનીનાં લખાણોમાં છે. મેગૅસ્થિનીઝે ભારતનું જે વર્ણન કર્યું છે, એમાંથી આ હકીકત પ્લિનીએ ટપકાવી હોય એમ લાગે છે. ચંદ્રગુપ્તકાલીન મગધ સામ્રાજ્ય અંગે જ પ્લિનીએ આ ઉલ્લેખ કર્યો હશે એમ માનવું ઉચિત લેખાય. ચંદ્રગુપ્તની પહેલાં મગધના કોઈ પણ રાજાએ પંજાબના કોઈ પણ પ્રદેશ પર સત્તા જમાવી ન હતી: તથા ચંદ્રગુપ્ત પછી પણ કોઈ રાજાએ આ પ્રદેશ પર સત્તા જમાવી ન હતી એમ માનવું રહ્યું. ચંદ્રગુપ્તના ઉત્તરાધિકારીઓના સમયમાં મગધ સામ્રાજ્યની સીમાઓ વાયવ્યના પર્વતો સુધી વિસ્તરી હતી—એ વાત પણ આપણે જાણીએ છીએ. એટલે કે ચંદ્રગુપ્તના શાસનકાળ દરમિયાન જ સામ્રાજ્યનો વિસ્તાર થયો હતો એ જ સાચી હકીકત છે.

ચંદ્રગુપ્તે યુનાની પ્રદેશો જીતી લીધા હશે અને તેથી જ એના સામ્રાજ્યની સીમાઓ વાયવ્ય સુધી વિસ્તરી હશે. આ દૃષ્ટિએ જોતાં જસ્ટિનનું કથન સાચું લાગે છે. પરદેશીઓ સાથેની લડાઈઓમાં વિજય મેળવવા માટે ચંદ્રગુપ્તને યશ આપવો જોઈએ.

સેલ્યુકસનો સામનો કરી ચંદ્રગુપ્તે વિજય મેળવ્યો. આ એની અંતિમ રાજનૈતિક સિદ્ધિ હતી. થોડાંક વર્ષો પહેલાં જ સિકંદરની સેના ભારતના વધતા જતા સામનાને ખાળી શકી ન હતી. સિકંદરના સૈન્યમાં કોઈ સમર્થ સેનાપતિ ન હતો એટલે જ એનો આવો પરાજય થયો હતો એમ યુનાની લેખકોએ લખ્યું છે. પણ યુનાની અને ભારતીય લશ્કર વચ્ચે બીજી વાર જ્યારે લડાઈ થઈ ત્યારે તો યુનાની સૈન્યનો સેલ્યુકસ જેવો સમર્થ સેનાપતિ હતો અને છતાં ય એ હાર્યો હતો!

સિકંદરના મૃત્યુ પછીના એશિયામાંના એના સામ્રાજ્ય પર અધિકાર મેળવવા સેલ્યુકસ તથા એન્ટિગોનસ વચ્ચે સંઘર્ષ જામ્યો. શરૂઆતમાં તો અસફળ થયા પછી સેલ્યુકસે પોતાની શક્તિ સંગઠિત કરી અને ઇ. સ. પૂર્વે 312માં એણે બેબિલોન જીતી લીધું. આ લડાઈ પછી સેલ્યુકસને બધી જ લડાઈઓમાં વિજય મળ્યો. આ વિજયોને પરિણામે સમગ્ર પશ્ચિમી એશિયા સુધી સેલ્યુકસની હકૂમત જામી. આવા વિજયો મળતાં સેલ્યુકસ જેવા મહત્ત્વાકાંક્ષીને ભારત પર પણ વિજય મેળવવાની તથા સિકંદર જેવાં પરાક્રમો કરવાની મહેચ્છા થાય એ વાત સ્વાભાવિક લેખાય. ઇ. સ. પૂર્વે 312થી 301ની અંદર સેલ્યુકસે આ આક્રમણ કર્યું હશે. આ આક્રમણ ઈ. સ. પૂર્વે 305 કે 308માં થયું હોવાનો સંભવ છે. યુનાની સામ્રાજ્યની સમગ્ર સૈન્યશક્તિનો સેલ્યુકસને સાથ મળ્યો હતો એ વાત નિ:સંદેહ છે. આ આક્રમણની ભીષણતા સિકંદરે કરેલા આક્રમણ કરતાં લેશ પણ ઓછી ન હતી. પણ સિકંદરને તો પંજાબનાં તથા સિંધનાં છૂટાંછવાયાં નાનાં નાનાં રાજ્યોનો જ સામનો કરવો પડ્યો હતો જ્યારે આ ફેરા તો મગધની શક્તિશાળી ને સુસંગઠિત સેનાએ યુનાની સેનાનો સામનો કર્યો અને વળી મગધની એ સેનાનો ચંદ્રગુપ્ત જેવો સમર્થ સેનાપતિ હતો.

ચંદ્રગુપ્ત અને સેલ્યુકસ વચ્ચેના આ યુદ્ધનો ઉલ્લેખ ભારતીય ગ્રંથોમાં ક્યાંય મળતો નથી. યુનાની લેખકોએ આ હકીકતનું વર્ણન કર્યું છે. ભારતીય લેખકોએ બીજી હકીકતોનાં વિસ્તારથી વર્ણન કર્યાં છે, કેવળ આ હકીકત

વિશે જ એમણે મૌન સેવ્યું છે, એ એક આશ્ચર્યની ઘટના કહેવાય. આ યુદ્ધ તથા એનાં પરિણામો વિશે આપણા લેખકોએ જે મૌન સેવ્યું છે તેથી ય પશ્ચિમના કેટલાક લેખકો આ યુદ્ધ તથા એનાં પરિણામો વિશે શંકા કરે છે. પરંતુ પ્રાચીન લેખકોનાં જે થોડાં લખાણો મળે છે એમાં આ યુદ્ધનો નિર્દેશ કરેલો મળે છે. એના આધારે આપણને આ યુદ્ધની મુખ્ય મુખ્ય ઘટનાઓ વિશે માહિતી મળી રહે છે.

એપ્પિઅન નામનો લેખક લખે છે કે સેલ્યુકસે સિંધુ નદી પાર કરી સિંધુને બીજે કિનારે વસતા રાજા ચંદ્રગુપ્ત સાથે યુદ્ધ કર્યું હતું. કાબૂલ નદીને કિનારે કિનારે કૂચ કરી સેલ્યુકસ સિંધુની પેલે પાર થોડેક પહોંચ્યો હશે ત્યાં જ ચંદ્રગુપ્તે એને પડકાર્યો હશે. કેટલાક યુરોપીય વિદ્વાનો માને છે કે સેલ્યુકસની સેના ભારતના મધ્ય પ્રદેશમાં થઈ પાટલીપુત્ર પહોંચી ગઈ હતી, એટલું જ નહીં, એ ગંગાના તટપ્રદેશ સુધી ય પહોંચી ગઈ હતી. પણ કેટલાક અધિકારી એવા વિદ્વાનોએ સાબિત કરી બતાવ્યું છે કે પ્લિનીના લખાણ પર આધાર રાખી જે અનુમાન કરવામાં આવે છે એનો સેલ્યુકસના આ આક્રમણ સાથે કોઈ જ સંબંધ નથી. માત્ર એપ્પિઅને જ આ વાસ્તવિક યુદ્ધનો ઉલ્લેખ કર્યો છે. અન્ય લેખકોએ તો યુદ્ધનું વર્ણન કર્યા સિવાય માત્ર સંધિનો જ ઉલ્લેખ કર્યો છે. સેલ્યુકસ આ વેળા પશ્ચિમ એશિયામાં બનતા બનાવો વિશે ચિંતિત હતો તેથી એ યુદ્ધ કર્યા સિવાય જ આ સંધિ પર સહી કરી પાછો ફરી ગયો હતો એમ કેટલાક યુરોપીય લેખકો માને છે. પણ સંધિની શરતો તપાસતાં જણાય છે કે બન્ને પક્ષો વચ્ચે યુદ્ધ જરૂર થયું હશે. સંધિમાં સેલ્યુકસે જે પ્રકારની શરતો સ્વીકારી છે એ તો કોઈ પણ સેનાપતિ યુદ્ધમાં લાચાર થયા વિના ન સ્વીકારે એવી છે. આ પરથી સ્પષ્ટ લાગે છે કે સેલ્યુકસ યુદ્ધમાં સફળ નહોતો જ થયો એટલે જ એણે જે જે શરતો એની સાથે મૂકવામાં આવી એ બધી સ્વીકારી લીધી હતી. સેલ્યુકસે ચંદ્રગુપ્ત સાથે સંધિ કરી અને પૂર્વમાં પોતાના બધા કાર્યોની એની સાથે સમજૂતી કરી લીધી. યુનાની તથા રોમન લેખકોનું આ બાબત વિશેનું મૌન સૂચવે છે કે ચંદ્રગુપ્ત સાથેના

યુદ્ધમાં સેલ્યુકસ હારી જ ગયો હતો. સેલ્યુકસની હાર ન થઈ હોત તો એમણે આ વિશિષ્ટ ઘટનાનું પણ સવિસ્તર વર્ણન કર્યું હોત.

આ બંને પક્ષો વચ્ચે જે સંધિ થઈ એની શરતો પ્રમાણે ચંદ્રગુપ્તે સેલ્યુકસને 500 હાથી ભેટ આપ્યા હતા, એના બદલામાં સેલ્યુકસે ચંદ્રગુપ્તને એરિયા, એરાકોશિયા, જેડ્રોશિયા તથા પેરોપેમિડસ પ્રાંતોની હકૂમત સોંપી દીધી હતી. આ ચારે પ્રાંતો સિંધુની પશ્ચિમે આવેલા છે. આ ચારે પ્રાંતોને ક્રમશ: હેરાત, કંદહાર, મકરાન તથા કાબૂલ તરીકે ઓળખાવી શકાય. આ રીતે ચંદ્રગુપ્તના સામ્રાજ્યની સીમાઓ હિંદુકુશના પર્વતો સુધી પહોંચી ગઈ હતી. ભૌગોલિક દૃષ્ટિએ હિંદુકુશ એક પ્રાકૃતિક તથા લશ્કરી દૃષ્ટિએ અગત્યની સીમા લેખાય છે. સ્મિથ નામના અંગ્રેજ લેખકે આવી ઉત્તમ મોકાની સીમા પ્રાપ્ત કરવા બદલ ચંદ્રગુપ્તની પ્રશંસા કરી છે. એણે લખ્યું છે કે આજથી બે હજાર વર્ષ પૂર્વે પ્રથમ ભારતીય સમ્રાટે આવી મોકાની સીમા મેળવી હતી. એના પછી આવેલા અંગ્રેજોએ એ માટે વ્યર્થ ફાંફાં માર્યા હતાં. સોળમી તથા સત્તરમી સદીના મોગલ બાદશાહો પણ આ સીમાપ્રદેશ સંપૂર્ણપણે મેળવી શક્યા ન હતા.

પરંતુ કેટલાક વિદ્વાનો આ પ્રચલિત મતનો વિરોધ કરે છે. સ્ટ્રેબોના કથનનો આધાર લઈ એ લોકો કહે છે કે ચંદ્રગુપ્તને સિંધુના પશ્ચિમ કિનારાનો થોડોક જ પ્રદેશ મળ્યો હતો. પેરોપેમિડસ, એરાકોશિયા અને જેડ્રોશિયા વિશે સ્ટ્રેબો લખે છે કે આ પ્રદેશોના થોડાક ભાગો સિંધુ કિનારે આવેલા છે એ જ ભારતીઓને તાબે હતા. એ પહેલાં એ પ્રદેશો પરશિયાની હકૂમત હેઠળ હતા, પાછળથી સિકંદરે એ જીતી લીધા હતા, પણ સેલ્યુકસે એ પ્રદેશો પાછા ચંદ્રગુપ્તને સોંપી દીધા હતા.

પરંતુ સિંધુની પશ્ચિમે આવેલો ચંદ્રગુપ્તના સામ્રાજ્યનો વિસ્તાર આટલો સીમિત ન હતો. સ્ટ્રેબોએ અન્યત્ર લખ્યું છે કે એરિયાનાના મોટા એવા પ્રદેશ પર ભારતીઓની હકૂમત હતી. આ પ્રદેશ એમને મેસિડોનિયન લોકો પાસેથી મળ્યો હતો. ચંદ્રગુપ્તનું રાજ્ય સિંધુની પશ્ચિમે આવેલા થોડાક જ ભાગ પર જો હોત તો સ્ટ્રેબોએ એને વિશે કરેલો ઉલ્લેખ અનુપયુક્ત

લેખાત. પ્લિનીએ એક ઠેકાણે લખ્યું છે કે કેટલાક લેખકો સિંધુ નદીને ભારતની પશ્ચિમી સીમા તરીકે લેખતા નથી—એઓ એની અંદર જેડ્રોશિયા, એરોકોશિયા, એરિયા, પેરોપેમિઝસના પ્રાંતોનો પણ એમાં સમાવેશ કરે છે. પ્લિનીનો આ વૃત્તાંત ચંદ્રગુપ્તના કાળના ભારતનો જ ગણી શકાય. મેગેસ્થિનીસ તથા ચંદ્રગુપ્તના સમકાલીન લેખકોના ગ્રંથોને આધારે પ્લિનીએ આ વૃત્તાંત લખ્યો લાગે છે. અને પ્લિનીએ આ વૃત્તાંત લખ્યો તે પહેલાં ચંદ્રગુપ્ત સિવાય બીજા જ કોઈ પણ રાજાના કાળમાં ભારતની સીમાઓ આટલી વિસ્તૃત હોવાની શકયતા દેખાતી નથી. ચંદ્રગુપ્તના સામ્રાજ્યનો વિસ્તાર સામે હિંદુકુશ સુધી હતો. એ વિશે બીજી પણ એક દલીલ કરવામાં આવે છે કે ચંદ્રગુપ્તના પૌત્ર અશોકના કાળ સુધી મગધ સામ્રાજ્યની સીમાઓમાં કોઈ વધઘટ થઈ ન હતી. કાબૂલની ખીણમાં આવેલા લઘમાન નામના સ્થાનમાંથી અશોકનો એ શિલાલેખ મળી આવ્યો છે. અશોકના અન્ય શિલાલેખો પરથી જાણવા મળે છે કે ગાંધાર તથા કંબોજની સાથોસાથ, ગ્રીકો પણ અશોકના સામ્રાજ્યમાં જ હતા. આ ગ્રીક (યવન) રાજ્યને પેરોપેમિઝસ યા કાબૂલની ખીણ તરીકે ઓળખાવવામાં આવે છે. પણ બિંદુસાર યા અશોકે આ પ્રદેશો જીત્યા હોય એ વાતનું કોઈ પ્રમાણ મળતું નથી. આ બાજુના જે જે પ્રદેશો મૌર્ય સામ્રાજ્યમાં જોડી દેવામાં આવ્યા હતા એ બધા તો ચંદ્રગુપ્તે જ જીત્યા હતા. એટલે કે સેલ્યુકસે જે જે પ્રાંતો ચંદ્રગુપ્તને હવાલે કર્યા એનો સીમા વિસ્તાર હિંદુકુશ સુધી હતો એ વાત આ પરથી માનવી જ રહી.

આ સંધિને દૃઢ કરવા બન્ને પક્ષો વચ્ચે વૈવાહિક સંબંધો સ્થાપિત થાય. સેલ્યુકસની પુત્રી હેલન સાથે ચંદ્રગુપ્તે લગ્ન કર્યું હતું એવી એક વાત લોકોમાં પ્રચલિત છે. પણ સ્ટ્રેબોનાં વર્ણનોને આધારે કેટલાક યુરોપીય વિદ્વાનો માને છે કે આવું કોઈ લગ્ન થયું જ નહોતું. બન્ને રાજ્યકુટુંબો લગ્નથી જોડાઈ શકે છે એ વાતનો સ્વીકાર માત્ર કરવામાં આવ્યો હતો. આ વિદ્વાનો તો માને છે કે સેલ્યુકસને પુત્રી જ ન હતી. સેલ્યુકસ અને ચંદ્રગુપ્ત વચ્ચે વૈવાહિક સંબંધો સ્થાપિત થયા હતા એમ એપ્પિયને સ્પષ્ટ

લખ્યું છે એ વાત આ લેખકો વિસરી જાય છે. લગ્નના કરારને અનુલક્ષીને જ સેલ્યુકસે ચાર પ્રાંતો ચંદ્રગુપ્તને આપ્યા હતા એમ સ્ટ્રેબો પણ જણાવે છે. બન્ને પક્ષો લગ્નસંબંધે જોડાયા હતા, એ હકીકત આ વાત પરથી સ્પષ્ટ થાય છે. સેલ્યુકસે આ પ્રાંતો દહેજમાં આપ્યા હશે એમ લખીએ તો ચંદ્રગુપ્તનું લગ્ન સેલ્યુકસના કુટુંબની કોઈ રાજકુમારી સાથે થયું હોવું જોઈએ. એ રાજકુમારી સેલ્યુકસની જ પુત્રી હોવી જોઈએ એવું કંઈ જરૂરી છે! સેલ્યુકસનાં અતિ નિકટનાં કુટુંબીઓમાંથી કોઈની પુત્રી પણ હોઈ શકે છે. આ પ્રકારનો વૈવાહિક સંબંધ બંધાયો હોવાની પૂરી સંભાવના છે. આ લગ્નસંબંધ, માત્ર ચંદ્રગુપ્તની જ નહીં પણ એ યુગના ભારતની સામાજિક વિચારધારાની વિશિષ્ટ એવી ઉદાર દૃષ્ટિનું એક જ્વલંત ઉદાહરણ છે. એ યુગની બે પ્રમુખ સંસ્કૃતિઓનું, ભારતીય તથા યુનાનીનું, મિલન આંતરરાષ્ટ્રીય સદ્ભાવના તથા વિશ્વબંધુત્વના આદર્શ માટે પ્રયત્નશીલ એવા લોકોને સદૈવ પ્રેરણા દેનાર બની રહેશે. આ લગ્ન દ્વારા દેશ તથા જાતિઓના સંમિલનના સિદ્ધાંતના આદર્શને સદીઓ પહેલાં મૂર્તિમંત કરવામાં આવ્યો હતો.

5 સામ્રાજ્ય અને શાસનપ્રબંધ

ચંદ્રગુપ્તે મગધનું સિંહાસન પ્રાપ્ત કર્યું તથા પંજાબમાંથી વિદેશીઓને ભગાડી મૂક્યા. ચંદ્રગુપ્તના કાર્યોની આ કંઈ અંતિમ સિદ્ધિઓ ન હતી, ચંદ્રગુપ્ત જેવા સદૈવ કાર્યરત રહેતા માનવીની મહત્ત્વાકાંક્ષાઓને કોઈ સીમાઓ નહોતી. ચંદ્રગુપ્તે પોતાના શાસનનો શેષ ભાગ સામ્રાજ્યની સીમાઓનો વિસ્તાર કરવામાં તથા સુદૃઢ શાસનવ્યવસ્થા કરી એને સ્થાયી બનાવવામાં વીતાવ્યો હતો.

આપણે પ્રાચીન કાળના ઇતિહાસનાં પાનાં ફેરવીએ તો જણાય છે કે આવાગમનની મુશ્કેલીને કારણે સામ્રાજ્યના વિવિધ ભાગો સ્વતંત્ર થવાની તક જ શોધતા રહ્યા છે. આથી નવું સામ્રાજ્ય સ્થાપનારને અન્ય રાજાઓને જીતવા પડતા તથા પોતાની શક્તિ તથા વર્ચસ્વનો સ્વીકાર કરવાની એમને ફરજ પાડવામાં આવતી. ચંદ્રગુપ્તે પણ આ જ નીતિ અખત્યાર કરી હશે. મગધના સિંહાસન પર અધિકાર મેળવ્યા પછી ચંદ્રગુપ્તે પણ નંદના રાજ્યના સમગ્ર વિસ્તારો પર પોતાનું વર્ચસ્વ જમાવવા પ્રયત્નો કર્યા હશે. આ પરથી એટલું કહી શકાય કે ચંદ્રગુપ્તે જે જે વિજયો મેળવ્યા એ બધા ય નવીન વિજયો ન હતા. નંદના સામ્રાજ્યના વિભિન્ન પ્રદેશો પર એણે માત્ર ફરીને સત્તા જમાવી હતી એમ જ કહી શકાય.

યુનાની સામ્રાજ્યની શક્તિ છિન્નભિન્ન થતી જોઈ ચંદ્રગુપ્તે પંજાબના કેટલાક પ્રદેશો જીતી લેવાની તક ઝડપી લીધી હતી. જુદે જુદે સમયે એણે આ વિજયો મેળવ્યા હતા. ચંદ્રગુપ્ત સમ્રાટ બન્યો કે તરત જ એણે આવો એક વિજય પ્રાપ્ત કર્યો હતો. પશ્ચિમ તરફના નંદના સામ્રાજ્યના પ્રદેશો પર વિજય મેળવતાં મેળવતાં આગેકૂચ કરી એણે યુનાનીઓનો કદાચ પરાભવ કર્યો હશે. પંજાબમાં બીજી સફળતા એને થોડાંક વર્ષો બાદ

મળી હતી. આ સમયે મગધ સામ્રાજ્યની સીમા સિંધુ નદી સુધી વિસ્તરી ચૂકી હતી.

ચંદ્રગુપ્તની આ સિદ્ધિઓનો જૈન ગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નંદોના કાળમાં અવંતિ મગધ સામ્રાજ્યનો એક ભાગ હતો, એ વાત આપણે જાણીએ છીએ. નંદોના સામ્રાજ્યનો અંત આણવા મગધમાં જે રાજનૈતિક ઉથલપાથલ થઈ એ અવ્યવસ્થાનો લાભ લઈ અન્ય પ્રાંતોની જેમ, અવંતિએ પણ મગધના આધિપત્યમાંથી પોતાને મુક્ત કરી લીધું હતું. આ જ કારણે ચંદ્રગુપ્તે અવંતિને ફરીથી જીતી લીધું. ઇ. સ. પૂર્વે 313 માં એને આ વિજય પ્રાપ્ત થયો હતો. ચંદ્રગુપ્તથી માંડી વિક્રમના સમય સુધીમાં જે જે રાજાઓએ રાજ્ય કર્યું હતું, એની એક યાદી જૈન ગ્રંથોમાં આપવામાં આવી છે. એ રાજ્યોનો શાસનકાળ 255 વર્ષનો હતો. વિક્રમ સંવત સ્થાપનાર વિક્રમાદિત્યથી 225 વર્ષ પહેલાં એટલે કે ઇ. સ. પૂર્વે 313 માં ચંદ્રગુપ્ત મૌર્યના શાસનનો પ્રારંભ થયો હશે. પરંતુ સૂચિમાં જે રાજાઓનાં નામોનો ઉલ્લેખ છે એ બધા જ અવંતિના રાજાઓ હતા. મગધનો રાજા હોવાને કારણે નહીં પણ (ચંદ્રગુપ્તે) અવંતિ જીત્યું હતું તેથી એનું નામ આ સૂચિમાં દાખલ કરવામાં આવ્યું છે, એમ કહી શકાય.

પ્લુટાર્કે, ચંદ્રગુપ્ત તથા સેલ્યુકસ વચ્ચે થયેલી સંધિનો ઉલ્લેખ કર્યા પછી લખ્યું છે કે ચંદ્રગુપ્તે છ લાખ સૈનિકોને એકઠા કરી ભારત પર વિજય મેળવી એને પોતાને તાબે કરી લીધું હતું.

આ કથન પરથી એટલું સ્પષ્ટ થાય છે કે એણે નંદો તથા યુનાનીઓ પર વિજય મેળવ્યા હતા, અને બીજા જે વિજયો મેળવ્યા તે સેલ્યુકસ સાથેની લડાઈ બાદ મેળવ્યા હોવા જોઈએ. સેલ્યુકસે આક્રમણ કર્યું એની પહેલાં ચંદ્રગુપ્તે ઉત્તર ભારત પર મુખ્યત્વે પોતાનું પ્રભુત્વ સ્થાપી દીધું હતું. વિંધ્યના દક્ષિણ ભાગ તરફ તો એણે સેલ્યુકસ સાથે સંધિ કર્યા બાદ જ લક્ષ આપ્યું હતું.

દક્ષિણ ભારત પર વિજય કોણે મેળવ્યો એ વિશે ઘણા ઇતિહાસકારોએ ચર્ચા કરી છે. આ દક્ષિણનો પ્રદેશ પણ અશોકના સામ્રાજ્યનો જ એક

ભાગ હતો એ વિશે કોઈ જ શંકા નથી. ચોલ, પાંડ્ય, સતિયપુત્ર તથા કેરલપુત્રો વગેરે રાજ્યો પોતાના રાજ્યની સીમા પર આવેલાં પડોશી રાજ્યો છે એવો એના શિલાલેખોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અશોકના શિલાલેખોના પ્રાપ્તિસ્થાનના આધારે અશોકના સામ્રાજ્યની દક્ષિણ સીમાનો પણ સારી રીતે ખ્યાલ આવી શકે છે.

દક્ષિણમાં એના આ શિલાલેખો મૈસુરના ચીતલદુર્ગ જિલ્લાના બ્રહ્મગિરિ, વિદ્યાપુર અને જતિંગ રામેશ્વર નામના સ્થાનોમાં તથા કર્નૂલ જિલ્લાના યેર્રગુડીમાં મળી આવ્યા છે. અશોકના સામ્રાજ્યની સીમાઓ આ સ્થાનોને અડીને આવી હતી એ આ પરથી સ્પષ્ટ સમજાય છે.

અશોકે દક્ષિણ ભારત જીત્યું હોય એમ લાગતું નથી. અશોકે માત્ર એક જ યુદ્ધ કર્યું હતું અને આ યુદ્ધ એણે કલિંગ સાથે કર્યું હતું એ વાત સૌ કોઈ જાણે છે. કલિંગ સાથેના યુદ્ધ પછી એના પર યુદ્ધની પ્રબળ અસર થઈ અને એથી એણે સામ્રાજ્ય વિસ્તારની તથા યુદ્ધો કરવાની નીતિનો સદંતર પરિત્યાગ કરી દીધો.

તો હવે ચંદ્રગુપ્ત તથા એના પુત્ર બિંદુસાર વિશે જ માત્ર વિચાર કરવો રહ્યો. એ બેમાંથી એકે દક્ષિણ ભારત પર વિજય મેળવ્યો હશે એવી કલ્પના કરી શકાય. તેમાં ય ચંદ્રગુપ્તે જ આ વિજય મેળવ્યો હશે એમ માનવાને ઘણાં બધાં કારણો મળી રહે છે. આગળ એક સ્થળે પ્લૂટાર્કના કથનનું એક ટાંચણ આપવામાં આવ્યું છે. ચંદ્રગુપ્તે સમસ્ત ભારત પર વિજય મેળવ્યો હતો એમ પ્લૂટાર્કે લખ્યું છે. તેમ જ ચંદ્રગુપ્ત સમસ્ત જંબુદ્વીપનો રાજા હતો એમ મહાવંશમાં પણ લખ્યું છે. તેમ જ ચંદ્રગુપ્તના સામ્રાજ્યનો વિસ્તાર શૈલેન્દ્ર હિમાલયથી માંડી છેક દક્ષિણાર્ણવ સુધી હતો એમ મુદ્રારાક્ષસ નાટકમાં પણ વર્ણવ્યું છે. વિંધ્યની દક્ષિણનો થોડોક પ્રદેશ પણ ચંદ્રગુપ્તના કાળમાં મૌર્ય સામ્રાજ્યનો એક અભિન્ન ભાગ હતો એનું નિર્વિવાદ પ્રમાણ આપણને શક ક્ષત્રપ રુદ્રદામનના જૂનાગઢના શિલાલેખમાંથી મળી રહે છે. ચંદ્રગુપ્ત મૌર્યના સૌરાષ્ટ્રના પ્રાંતપાલ પુષ્યગુપ્તે સુદર્શન સરોવર બાંધ્યું હતું એવો એ શિલાલેખમાં ઉલ્લેખ કરવામાં

આવ્યો છે. ચંદ્રગુપ્તના કાળમાં સૌરાષ્ટ્ર પણ સામ્રાજ્યનો એક ભાગ હતો એ વાત આ લેખ પરથી સ્પષ્ટ થાય છે.

પ્રાચીન તામિલ સાહિત્યમાં પણ દક્ષિણ ભારત પર મૌર્યોએ કરેલા આક્રમણની સ્મૃતિ જાળવી રાખવામાં આવી છે. ઇસ્વી સનની પ્રારંભિક શતાબ્દીઓમાં થઈ ગયેલા કેટલાક તામિલ લેખકોએ મોરિયર દ્વારા હિમાચ્છાદિત તથા ગગનચુંબી પર્વતને કાપી પોતાના રથોને ચલાવવાનો માર્ગ કર્યાની વાત લખી છે. તામિલ લેખક મામૂલનારે તો આ વાતનું સુસ્પષ્ટ વર્ણન કર્યું છે. બીજા લેખકોએ પણ બીજી કૈં નવી વાતો લખી છે. આ બધી વાતોનો સમગ્રતયા વિચાર કરતાં એટલું તો સ્પષ્ટ કહી શકાય કે તામિલ પ્રદેશ પણ મોરિયરના પ્રભાવથી મુક્ત ન હતો. કોશરો જ્યારે મોહૂરના શાસકને વશ નહોતા કરી શક્યા ત્યારે મોરિયરના વહુગર એની વહારે આવ્યા હતા. મોરિયરની સેના ખૂબ મોટી હતી. સેનાની આગેકૂચ જારી રાખવા પર્વતને કાપી માર્ગ બનાવવામાં આવ્યો હતો. મોરિયરના રથો આ જ માર્ગે આગળ વધ્યા હતા.

તામિલ સાહિત્યમાં જે મોરિયર શબ્દ વાપરવામાં આવ્યો છે, એ પ્રસિદ્ધ મૌર્ય વંશનો જ પર્યાય છે. બીજા કોઈ મૌર્યવંશ સાથે તેનો સંબંધ નથી. આ તામિલ ઉલ્લેખોમાં મોરિયર લોકોની સાથે નંદના સંબંધનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે તેથી આ વાતની પ્રતીતિ મળી રહે છે. આ ઉલ્લેખોમાં મોરિયરનું નામ આપ્યું નથી—એ મોરિયર રાજા તે ચંદ્રગુપ્ત જ હોવો જોઈએ એ વધુ સંભવિત લાગે છે. આ તામિલ ગ્રંથોમાં મોરિયરને 'વમ્બ' કહ્યા છે. 'વમ્બ' એટલે નવું. બીજા બે ગ્રંથોમાં પણ ચંદ્રગુપ્તના રાજ્યને નવું રાજ્ય લેખાવ્યું છે. જસ્ટિને ચંદ્રગુપ્તના નવા રાજ્યનો ઉલ્લેખ કર્યો છે. આ રીતે મુદ્રારાક્ષસમાં પણ ચંદ્રગુપ્તના નવા રાજ્યનો એક ઠેકાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બધી વિગતો ચંદ્રગુપ્તના દક્ષિણ તરફના અભિયાનનો જ સ્પષ્ટ ઉલ્લેખ કરે છે એમ કહી શકાય.

અગાઉ આપણે જૈન સાહિત્ય, શિલાલેખો તથા શ્રવણબેલગોડાની

સ્થાનીય અનુશ્રુતિઓના આધારે જોયું કે ચંદ્રગુપ્તે સિંહાસનનો ત્યાગ કરી પોતાના પુત્રને ગાદી સોંપી દીધી હતી. પોતાના જીવનનાં અંતિમ વર્ષો એણે શ્રવણબેલગોડામાં જ વીતાવ્યાં હતાં. ચંદ્રગુપ્તની દક્ષિણ ભારત પર હકૂમત હતી એ વાતનું આ અનુશ્રુતિઓ સમર્થન કરે છે.

કેટલાક વિદ્વાનો દક્ષિણ ભારત પરના વિજયનો યશ ચંદ્રગુપ્તના પુત્ર બિંદુસારને આપે છે. પરંતુ બિંદુસાર વિશે જે હકીકતો મળે છે એ પરથી સ્પષ્ટ લાગે છે કે એને યુદ્ધ કે વિજયોમાં અધિક રસ જ ન હતો. એક પ્રાચીન યુનાની લેખકે કરેલા વર્ણન પરથી જાણવા મળે છે કે બિંદુસાર સ્વભાવે ફિલસૂફ હતો તથા એને મીઠો શરાબ ને સૂકાં અંજીર ખૂબ પસંદ હતાં. આ જ પ્રમાણે દિવ્યાવદાન પરથી જાણવા મળે છે કે તક્ષશિલામાં જ્યારે બળવો જાગ્યો ત્યારે એ બળવાને શમાવવા બિંદુસારે પોતે જાતે ન જતાં એ કાર્ય પાર પાડવા અશોકને મોકલ્યો હતો.

કહેવાય છે કે યુનાની લેખકોએ એનું નામ બિંદુસાર પાડયું હતું, તે તો અમિત્રઘાત યા અમિત્રવાદનું વિકૃત રૂપ જ છે. આ નામ કરતાં તો એનામાં વિરુદ્ધ જ ગુણ હતા. એટલે બિંદુસારે અનેક શત્રુઓ પર વિજય મેળવ્યો હતો એવું અનુમાન બાંધી શકાય છે. ચંદ્રગુપ્તના મૃત્યુ બાદ પણ ચાણક્ય જીવિત હતો અને બિંદુસારના મંત્રી તરીકે દેશનો રાજ્યકારભાર ચલાવવામાં એણે એને મદદ કરી હતી એમ કેટલાક ગ્રંથોમાં લખવામાં આવ્યું છે. તારાનાથ નામના ટિબેટના એક ઇતિહાસકારે લખ્યું છે કે ચાણક્યે સોળ નગરોના પ્રમુખો તથા રાજાઓની હત્યા કરાવી હતી અને બિંદુસારને પૂર્વથી પશ્ચિમ સમુદ્ર સુધીની સમસ્ત ભૂમિનો સ્વામી બનાવ્યો હતો, પણ આ બન્ને દલીલો સાચી નથી. આ સોળ નગરીઓ તો બૌદ્ધ ગ્રંથોમાં વર્ણવાયેલા સોળ મહાજનપદોનો નિર્દેશ કરે છે. એક બે ને બાદ કરતાં આ સોળે મહાજનપદો ઉત્તર ભારતમાં આવેલાં છે. ચંદ્રગુપ્તના જ સમયમાં મૌર્ય સામ્રાજ્ય એટલું વિસ્તૃત હતું કે એનો વ્યવસ્થિત વહીવટ ચલાવવા અત્યધિક કૌશલની આવશ્યકતા હતી. આ સામ્રાજ્યની સીમાઓ અક્ષુણ્ણ રાખવા માટે બિંદુસારને કેટલીય લડાઈઓ કરવી પડી હતી.

બિંદુસારની અમિત્રવાદ યા અમિત્રઘાત જેવી ઉપાધિઓ એના નવનવા પ્રદેશો પરના વિજયનું સૂચન કરે છે એમ માનવું આવશ્યક નથી જ.

ચંદ્રગુપ્તે કરેલા વિજયો તથા એના સામ્રાજ્ય વિસ્તાર વિશે જે કૈં પ્રમાણો મળે છે એના પરથી આપણે એટલું તો સ્પષ્ટ કહી શકીએ કે એના વિસ્તૃત સામ્રાજ્ય જેવું બીજું સામ્રાજ્ય ભારતના ઇતિહાસમાં ભાગ્યે જ જોવા મળે છે. અંગ્રેજી સામ્રાજ્યની સ્થાપના થઈ એની અગાઉ થઇ ગયેલાં અલ્લાઉદ્દીન ખીલજી તથા ઔરંગઝેબનાં સામ્રાજ્યોની ચંદ્રગુપ્તના સામ્રાજ્ય જોડે થોડી તુલના થઈ શકે. ચંદ્રગુપ્તના સામ્રાજ્યની સીમાઓ તો અલ્લાઉદ્દીન ખીલજી અને ઔરંગઝેબ તો શું પણ અંગ્રેજી સામ્રાજ્ય કરતાં પણ વધુ વિસ્તૃત હતી. ભારત બહાર આવેલો કાબૂલની ખીણનો પ્રદેશ પણ ચંદ્રગુપ્તના સામ્રાજ્યનો એક ભાગ હતો.

ચંદ્રગુપ્તનું સામ્રાજ્ય અલ્લાઉદ્દીન યા ઔરંગઝેબના સામ્રાજ્ય કરતાં બીજી રીતે પણ વધુ સારું હતું. અલ્લાઉદ્દીન તથા ઔરંગઝેબનાં સામ્રાજ્યો એમની હયાતી હતી ત્યાં સુધી જ સરખાં રહ્યા. ઔરંગઝેબનું સામ્રાજ્ય તો એની હયાતીમાં જ છિન્નભિન્ન થવા માંડયું હતું, જ્યારે ચંદ્રગુપ્તનું સામ્રાજ્ય બે પેઢીઓ સુધી એવું ને એવું જ રહ્યું હતું. આ સિદ્ધિ ચંદ્રગુપ્તે રચેલી સુદૃઢ શાસન-વ્યવસ્થાને આભારી છે. આ સિદ્ધિનો યશભાગી ચંદ્રગુપ્ત જ લેખાય.

ચંદ્રગુપ્તની શાસન-વ્યવસ્થાની વિગતો આપણને બે મુખ્ય ગ્રંથોમાંથી મળે છે—મેગૅસ્થિનીસના ભારતવર્ણનમાંથી તથા કૌટિલ્યના અર્થશાસ્ત્રમાંથી. સેલ્યુકસ અને ચંદ્રગુપ્ત વચ્ચે સંધિ થઈ ત્યારબાદ સેલ્યુકસે મેગૅસ્થિનીસને પોતાના રાજદૂત તરીકે ચંદ્રગુપ્તના રાજ્યમાં નિયુક્ત કર્યો હતો. મેગૅસ્થિનીસે લખેલો મૂળ ગ્રંથ આજે ઉપલબ્ધ નથી. યુનાની તથા રોમન લેખકોએ પાછળથી પોતાનાં લખાણોમાં મેગૅસ્થિનીસના લખાણમાંથી અનેક ટાંચણો આપ્યાં છે. મેગૅસ્થિનીસના મૂળ લખાણની કેટલીક વિગતો આપણને આ ગ્રંથોમાંથી મળે છે. મેગૅસ્થિનીસે આપેલી વિગતો વિશે લેખકોએ ટીકા કરી છે, અને એ વિગતો વિશ્વસનીય નથી એમ

પણ કર્યું છે. મેગૅસ્થિનીસે સાંભળેલી વાતો પરથી જે કંઈ લખ્યું છે એમાં કેટલાક ભાગ શંકાસ્પદ તથા કાલ્પનિક છે. પરંતુ એણે જાત-અનુભવથી જે કંઈ લખ્યું છે એ વિશે શંકા ઉઠાવી શકાય એમ નથી. એનું મૂળ લખાણ ઉપલબ્ધ નથી એ વાત આપણે ભૂલવી ન જોઈએ. પાછળથી જે લેખકોએ લખ્યું છે એમણે મેગૅસ્થિનીસના લખાણમાંથી લોકરુચિને સંતોષે એવા જ ભાગોનાં ટાંચણો પસંદ કર્યાં હશે. મેગૅસ્થિનીસ બુદ્ધિમાન રાજદૂત હતો. પોતે જે કંઈ અનુભવ્યું એનું જ વર્ણન એણે પોતાના સમ્રાટ તથા દેશબાંધવોની જાણ માટે કર્યું હશે. મેગૅસ્થિનીસ હેલેનિસ્ટિક સંસ્કૃતિમાં ઊછર્યો હતો અને એણે પોતાના દેશવાસીઓ માટે જ ભારતનું વર્ણન લખ્યું હતું એ વાત એના લખાણની વિવેચના કરતી વખતે આપણે ખાસ લક્ષમાં રાખવી જોઈએ

ચાણક્યનું બીજું નામ કૌટિલ્ય હતું. અર્થશાસ્ત્રના કર્તૃત્વ તથા એના સમય વિશે ઘણા વિદ્વાનોએ ચર્ચા કરી છે. આ કૃતિ મૂળે ચંદ્રગુપ્તના મુખ્ય મંત્રીએ લખી છે એ વાત હવે સર્વ વિદ્વાનો સ્વીકારે છે. હા—ઇ. સ.ની ૩જી સદી સુધી એમાં સુધારાવધારા થતા રહ્યા છે. અર્થશાસ્ત્રમાં બૌદ્ધિક તથા શાસ્ત્રીય વિવેચન જરા ય ઓછા પ્રમાણમાં નથી છતાં એમાં મુખ્યત્વે વર્ણવેલી શાસનવ્યવસ્થા ચંદ્રગુપ્તકાલીન ભારતની છે એ નિઃસંદેહ વાત છે. મેગૅસ્થિનીસે વર્ણવેલી વિગતો તથા અર્થશાસ્ત્રમાં વર્ણિત વિગતો એક-સરખી નથી તેથી કેટલા વિદ્વાનો એ બંનેને સમકાલીન લેખવામાં સંકોચ સેવે છે. પણ બંને લેખકોનું ધ્યેય નિરનિરાળું હતું તથા મેગૅસ્થિનીસનાં મૂળ લખાણોની પ્રત પણ મળતી નથી એ વાત ભૂલવી ન જ જોઈએ.

આ બંને ગ્રંથો ઉપરાંત બીજાં પણ થોડાંક પ્રમાણો મળે છે; દા. ત. રુદ્રદામનનો જૂનાગઢનો શિલાલેખ, દિવ્યાવદાન, મુદ્રારાક્ષસ વગેરે.

ચંદ્રગુપ્તના સામ્રાજ્ય જેવું વિસ્તૃત સામ્રાજ્ય ભારતીય ઇતિહાસમાં પહેલાં કદી સ્થપાયું ન હતું. આમ સ્વાભાવિક રીતે જ રાજપદનું ગૌરવ ચંદ્રગુપ્તના સમયમાં વધ્યું હતું. કૌટિલ્યે સ્મૃતિઓની પરંપરાથી વિરુદ્ધ રાજાજ્ઞાને ધર્મ, વ્યવહાર તથા ચરિત્ર કરતાં વધુ મહત્ત્વ આપ્યું છે. રાજા જ

સર્વસત્તાધીશ હતો. ચંદ્રગુપ્ત શાસનની વ્યવસ્થામાં ખૂબ જ રસ લેતો ને પરિશ્રમ કરતો. આ રીતે અધિકારી વર્ગ સમક્ષ એણે શાસનકાર્યમાં ઉત્સાહ દાખવવાનો તથા પરિશ્રમ કરવાનો આદર્શ રજૂ કર્યો હતો. રાજ્યકારભારના વિવિધ કાર્યો માટે ચોક્કસ સમય નક્કી કરવામાં આવ્યો હતો. છતાં અર્થ-શાસ્ત્રમાં લખેલું છે કે રાજાએ અગત્યનાં કામો પર વિના વિલંબે ધ્યાન આપવું જોઈએ તથા એને કોઈ પણ કામ અંગે મળવા આવનારને તાબડતોબ મળવું જ જોઈએ. રાજા દિવસે કદી સૂતો નહીં એમ મેગૅસ્થિનીસે લખ્યું છે એ આખો દિવસ ન્યાય તથા શાસનનાં કાર્યો માટે દરબારમાં જ રહેતો. પોતાનાં અંગત કામો તો, માલિશ જેવા નિત્યક્રમનો સમય થઈ જાય તો ય દરબારી કામોમાં એ એને લીધે વિક્ષેપ પડવા દેતો નહીં. કેશપ્રસાધન સમયે પણ એ દૂતોને મળતો ને પ્રજાની દાદ-ફરિયાદ સાંભળી ન્યાય આપતો.

રાજાની સુરક્ષાના પ્રબંધોનું મેગૅસ્થિનીસે વિસ્તારથી વર્ણન કર્યું છે. અર્થશાસ્ત્રમાં પણ આ પ્રબંધોનું વર્ણન કરેલું છે. ચંદ્રગુપ્તની હત્યા કરવા રાક્ષસે અનેક ઉપાય કર્યા હતા પણ ચાણક્યની સજાગ વ્યવસ્થાને કારણે એ હમેશ બચી ગયો હતો એ વિશેની વિગતો મુદ્રારાક્ષસમાં લખેલી છે એ આપણે જાણીએ છીએ. મેગૅસ્થિનીસે લખ્યું છે કે રાજાને હમેશ પોતાના પ્રાણનો ભય રહેતો તેથી તે દરરોજ શયનગૃહ બદલતો રહેતો. રાજાના શરીરની રક્ષા શસ્ત્રધારી સ્ત્રીઓ કરતી. રાજમહેલમાં થતાં ષડ્યંત્રો-થી રાજાને બચાવવા સમુચિત વ્યવસ્થા કરવામાં આવી હતી.

રાજા કેવળ યુદ્ધ, ન્યાય, યજ્ઞાનુષ્ઠાન તથા શિકાર કાજે જ મહેલમાંથી બહાર આવતો. એ શિકાર કરવા જાય ત્યારે રાજમાર્ગ પર દોરડાં બાંધવામાં આવતાં—એ દોરડાં ઓળંગનારને મૃત્યુદંડ દેવામાં આવતો.

રાજાને સલાહ આપવા અનેક મંત્રીઓ હતા. ગુણી, ચારિત્ર્યવાન તથા જાણીતા માણસોમાંથી મંત્રીઓ પસંદ કરવામાં આવતા. અર્થશાસ્ત્રમાં મંત્રીમંડળનાં કાર્યોની પણ વિગતો આપવામાં આવી છે. મંત્રીમંડળની સલાહ માનવાનું રાજા માટે કોઈ સંવૈધાનિક બંધન ન હતું. રાજા પોતાની

મરજી પ્રમાણે એક કે બે યા સમગ્ર મંત્રીમંડળ સાથે ચર્ચા-વિચારણા કરી શકતો. મંત્રીમંડળના સભ્યોની સંખ્યા વિશે કોઈ રૂઢ વ્યવસ્થા ન હતી. મંત્રીમંડળમાં મતભેદ પડે ત્યારે બહુમતિનો રાજાએ સ્વીકાર કરવો જોઈએ તથા અગત્યના પ્રશ્નો અંગે ગેરહાજર રહેલા મંત્રીઓની પણ પાછળથી સલાહ લેવી જોઈએ એવો કૌટિલ્યનો મત છે. મંત્રીમંડળની મંત્રણાઓ, સલાહસૂચનો વગેરે ગુપ્ત રાખવા માટે તકેદારી રાખવામાં આવતી.

મૌર્ય સામ્રાજ્યની સ્થાપના પૂર્વે દેશમાં અનેક ગણરાજ્યો હતાં. ચંદ્રગુપ્તની સામ્રાજ્યવાદી નીતિને લીધે એ ગણરાજ્યોને એણે પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધાં હતાં; પરંતુ મૌર્યકાળ પછી ગણરાજ્યોનું પુનરુત્થાન થયું, અર્થશાસ્ત્રમાં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો જ છે, તથા અશોકના શિલાલેખોમાં પણ અર્ધસ્વતંત્ર જાતિઓનાં નામો જણાવ્યાં છે.

શાસનની સુવિધા અર્થે સામ્રાજ્યના અનેક પ્રાંતો રચવામાં આવ્યા હતા. સાધારણ રીતે રાજ્યપરિવારની વ્યક્તિઓને આ પ્રાંતોના શાસક તરીકે નીમવામાં આવતા.

ચંદ્રગુપ્તના સામ્રાજ્યના સર્વ પ્રાંતોનાં નામ જાણવા મળતાં નથી. પુષ્યગુપ્ત સૌરાષ્ટ્ર પ્રાંતનો પ્રાંતપાલ હતો.

મેગેસ્થિનીસે બે પ્રકારના અધિકારીઓનો ઉલ્લેખ કર્યો છે—મંત્રી તથા સચિવ. આ અધિકારીઓની સંખ્યા મોટી ન હતી. તેઓ ખૂબ જ મહત્ત્વના માણસો ગણાતા તથા એમને રાજ્યના ઉચ્ચ પદો પર નિયુક્ત કરવામાં આવતા. અર્થશાસ્ત્રમાં ઉચ્ચ અધિકારીઓ માટે ‘તીર્થ’ શબ્દ વાપર્યો છે. આવા અઢાર અધિકારીઓ હતા. શાસનનાં વિવિધ કાર્યો માટે પૃથક્ પૃથક્ વિભાગો કરવામાં આવ્યા હતા તથા પ્રત્યેકનો એક ઉપરી અધિકારી નીમવામાં આવતો. કોષ, ખાણો, ધાતુ, ટંકશાળ, મીઠું, સોનું, કોઠાર, વ્યાપાર, જંગલ-ઉત્પાદન, આયુધાગાર, તોલ માપ, સમય સ્થળનાં માપ, જકાત, કાંતણગૂંથણ, ખેતીવાડી, દારૂ, કત્તલખાના, નાણું, ગોચર, જુગાર, જેલો, ઢોરઢાંખર, વહાણવટું, બંદરો, દરબારીઓ, લશ્કર, ગુપ્તચર ને દેવસ્થાનો વગેરે માટે જુદા જુદા વિભાગો હતા.

આખા સામ્રાજ્યમાંથી બધી પ્રકારના કર વસૂલ કરવાનું કામ સમાહર્તાનું હતું. એ રાજ્યના ખર્ચ પર પણ નિયંત્રણ રાખતો. સન્નિધાતા રાજ્યોનો કોષાધ્યક્ષ હતો. રાજ્યવહીવટની કચેરીઓના બાંધકામ પર પણ એ ધ્યાન આપતો. કેન્દ્રિય નાણાંખાતું તથા રાજ્યનાં કાગળિયાં ને લેખોનું એક સંયુક્ત ખાતું હતું, જે 'અક્ષપટલ' નામે જાણીતું હતું. જિલ્લા કક્ષાએ સ્થાનિક નામના અધિકારીઓ કામ કરતા તથા કરવેરા ઉધરાવતા. એમની નીચે ગોપ નામના અધિકારીઓ રાખવામાં આવતા. આ અધિકારીઓ પાંચથી દસ ગામોનો વહીવટ સંભાળતા. શાસનનું એકમ ગામડું લેખાતું. આ ગામડાં, પોતાના વહીવટ અંગે સ્વતંત્ર તથા સ્વાયત્ત હતાં. ગ્રામના વૃદ્ધજનોની સહાયતા લઈ ગ્રામિક ગામડાનો વહીવટ તથા ન્યાયખાતું સંભાળતો.

અર્થશાસ્ત્રમાં નગરોના શાસન કાજે પણ અધિકારીઓની વ્યવસ્થા કરી છે. નગરના શાસક અધિકારીને નાગરિક કહેવામાં આવતો; સ્થાનિક તથા ગોપ એને મદદ કરતા. પાટલીપુત્રનો વહીવટ ચલાવવા જે સમિતિઓ નીમવામાં આવી હતી એની વિગતો મેગેસ્થિનીસે આલેખી છે. બીજાં નગરો માટે પણ કદાચ એવી જ વ્યવસ્થા કરવામાં આવી હશે. કેટલાક વિભાગોના અધિકારીઓને સહાય કરવા સમિતિઓ નીમવી એમ અર્થશાસ્ત્રમાં જણાવ્યું છે. મેગેસ્થિનીસને અધિકારીઓ કરતાં આ સમિતિઓની વ્યવસ્થા વધારે ગમી ગઈ હશે તેથી એણે કેવળ એ સમિતિઓનો જ અહેવાલ આપ્યો છે. એ લખે છે કે શાસનનું સર્વ કાર્ય પાંચ પાંચ સભ્યોની બનેલી (એવી) છ સમિતિઓ સંભાળતી. આ સમિતિઓનું કાર્યક્ષેત્ર અલગ અલગ હતું, છતાં કેટલાંક કાર્યો એ સાથે મળીને પણ કરતી. પહેલી સમિતિ ઉદ્યોગધંધાની દેખરેખ રાખતી, બીજી સમિતિ વિદેશીઓની સુવિધાનો પ્રબંધ કરતી, ત્રીજી સમિતિ જન્મમૃત્યુની નોંધ તથા સંપત્તિનો હિસાબ વગેરેની દેખરેખ રાખતી, ચોથી સમિતિ વ્યાપાર તથા વાણિજ્યની દેખરેખ રાખતી, પાંચમી ઉત્પાદન અંગે લક્ષ આપતી, તથા છઠ્ઠી વેચાણ પર દસ ટકા કર ઉધરાવતી.

મેગેસ્થિનીસ લખે છે કે રાજાની સેવા કાજે ગુપ્તચરોની એક સેના રાખવામાં આવતી. એ રાજ્યના સર્વ કર્મચારીઓ પર નજર રાખતા તથા રાજાને સર્વ વાતોની જાણ કરતા. અર્થશાસ્ત્ર ગુપ્તચરોની નિમણૂંક તથા એમના કાર્યને વિશેષ મહત્ત્વ આપે છે. જાતજાતના માણસો આ ગુપ્તચર ખાતામાં નીમવામાં આવતા. રાજાને સર્વ હકીકતોથી વાકેફ રાખવા ઉપરાંત એ અનેક અન્ય કામો પાર પાડવામાં પણ સહાય કરતા.

અર્થશાસ્ત્રમાં બે પ્રકારનાં ન્યાયાલયોનું વર્ણન કરવામાં આવ્યું છે— ધર્મસ્થીય તથા કંટકશોધન. આ ન્યાયાલયોની કાર્યપદ્ધતિ તથા એમના અધિકારક્ષેત્રનું અર્થશાસ્ત્રમાં વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. ધર્મ-સ્થીય તે દીવાની તથા કંટકશોધન તે ફોજદારી કોર્ટ. પણ આ ન્યાયા-લયોનાં કાર્યક્ષેત્રો તપાસતાં જણાય છે કે તેમાં દીવાની તથા ફોજદારી જેવા કોઈ ખાસ ભેદ ન હતા. અદાલતના કાર્યક્ષેત્ર માટે પરંપરાગત રીતે લેખાતા વિવાદના પ્રશ્નો અંગે ધર્મસ્થીય અદાલત નિર્ણય કરતી. મૌર્યોની પ્રશાસન નીતિ સફળ બનાવવાના કાર્યમાં જે લોકો વિઘ્ન ઊભાં કરતા અથવા નવી વ્યવસ્થાનું ઉલ્લંઘન કરતા એવાઓને વિના વિલંબે સખત સજા કરવાનો નિર્ણય કરવાનું કામ કંટકશોધન અદાલતને સોંપવામાં આવ્યું હતું. ચંદ્રગુપ્તના કાળમાં કાયદા ખૂબ કડક હતા. ગુનેગારને સખત સજા કરવામાં આવતી. શિલ્પીઓનાં અંગો ખંડિત કરનારને તથા વેચાણ પરનો કર ન ભરનારને મૃત્યુદંડ દેવામાં આવતો. વિશ્વાસઘાત તથા વ્યભિ-ચાર માટે અંગચ્છેદ કરવામાં આવતો.

મેગેસ્થિનીસે પોતાના વર્ણનમાં રાજાને ભૂમિનો સ્વામી કહ્યો છે. પણ અર્થશાસ્ત્રે તો ભૂમિનો સાચો સ્વામી ખેડૂતને જ ગણાવ્યો છે. એ કાળે ભારતમાં તથા ઇજિપ્તમાં ખેતીવાડી પર રાજ્યનું અધિક નિયંત્રણ હતું એથી મેગેસ્થિનીસે ભૂમિને રાજાની સંપત્તિ લેખાવી છે. રાજાના પોતાના અંગત ભૂમિભાગમાંથી એને જે આવક થતી એને 'સીતા' કહેતા અને અન્ય જમીનમાંથી જે કર મળતો એને 'ભાગ' કહેતા.

આ ઉપરાંત રાજ્યની આવકનાં અનેક સાધનો હતાં. એમાં ખાસ કરો

આ પ્રમાણે હતા : નાકા જકાત, ખેતીકર, વેચાણવેરો, તોલ તથા માપનાં સાધનો પરનો કર, દ્યૂતકર, વેશ્યાઓ, ઉદ્યોગો તથા હાથકારીગરી પરના કર, દંડની રકમ, વન તથા ખીણ-ખાણોમાંથી પણ રાજ્યને આવક થતી. પતંજલિ લખે છે કે મૌર્યો સુવર્ણ પ્રાપ્ત કરવા મૂર્તિઓ ઘડાવતા, ચંદ્રગુપ્તના કાળમાં આવું કંઈ બન્યું હોય તો એ કોઈ નવાઈની વાત ન ગણાય. શાસનની યોજનાઓને સફળ બનાવવા ચંદ્રગુપ્તને ધનની જરૂર હતી. તેથી એણે શક્ય એટલા ઉપાયો રાજ્યની આવક વધારવા પ્રયત્નો કર્યા હશે.

પાટલીપુત્ર અને પશ્ચિમોત્તર ભારત વચ્ચેના વિવિધ સ્થાનોનાં અંતર મેગેસ્થિનીસે નોંધ્યાં છે. એને આ બધી વિગતો મૌર્ય પ્રશાસનના અધિકારીઓ પાસેથી મળી હશે એમ સ્પષ્ટ લાગે છે. નવા રસ્તાઓ બનાવવા તથા જૂના રસ્તા દુરસ્ત કરવા રાજ્યે કોઈ યોજના ઘડી હશે એ આ વાત પરથી સાબિત થાય છે. એ કાળે યાતાયાત તથા સંદેશવ્યવહારનાં સાધનો પાંગળાં હોઈ સામ્રાજ્યના દૂરસ્થ પ્રદેશો પર સમુચિત નિયંત્રણ રાખવા આવી વ્યવસ્થા આવશ્યક હતી.

ચંદ્રગુપ્તે પોતાના સૈન્યની જે વ્યવસ્થા કરી હતી, તેનું મેગેસ્થિનીસે વિસ્તારથી વર્ણન કર્યું છે. ચંદ્રગુપ્તની સેનામાં ૭ લાખ પાયદળ, 39 હજાર ઘોડેસ્વાર, અને 9 હજાર હાથી હતા. અન્ય પ્રમાણોમાં એના રથોની સંખ્યા બેથી આઠ હજારની જણાવી છે. સેનામાં હાથીઓની ઉપયોગિતાને કારણે ચંદ્રગુપ્તે સેલ્યુકસને હાથી આપ્યા હતા. યુનાની સામ્રાજ્ય કાજે જે યુદ્ધો થયાં એમાં હાથીઓની ઉપયોગિતાનું પ્રમાણ મળી રહ્યું હતું. ચંદ્રગુપ્તના રથોનો ઉલ્લેખ તામિલ સાહિત્યમાં પણ છે. મેગેસ્થિનીસ લખે છે કે ખેડૂતોને બાદ કરતાં સમાજમાં સૌથી મોટી સંખ્યા સૈનિકોની હતી. સૈનિકોને પગાર ઉપરાંત અસ્ત્ર-શસ્ત્ર તથા અન્ય જરૂરી સામગ્રી પણ મળતી. સૈનિકો આનંદ અને સુખમાં જીવન ગુજારતા-જીવતા હતા. સેનાનો પ્રબંધ યુદ્ધપરિષદ કરતી. આ યુદ્ધપરિષદમાં પાંચ પાંચ સભ્યોની ૭ સમિતિઓ હતી. આ પાંચ સમિતિઓ ક્રમશઃ નૌકાદળ, પાયદળ, હયદળ, રથો તથા હાથીઓની સંભાળ રાખતી અને છઠ્ઠી સમિતિ સેનાની

હેરફેર અને યુદ્ધની કાજે આવશ્યક એવી સામગ્રીની યોજના કરતી. કૌટિલ્યે સેનાના ચાર પારંપરિક વિભાગ ગણાવ્યા છે. એ પ્રત્યેક વિભાગનો એકેક અધિકારી હતો. આ અધિકારીઓને જુદી જુદી સમિતિઓ સલાહ આપતી. મેગેસ્થિનીસના ગ્રંથમાં પણ આ હકીકતનું વર્ણન કરવામાં આવ્યું છે. અર્થશાસ્ત્રમાં સેનાપતિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ચંદ્રગુપ્તનું શાસન ઉચ્ચ આદર્શોથી અનુપ્રાણિત હતું. કૌટિલ્યે લખ્યું છે કે પ્રજાનું સુખ તથા એના કલ્યાણમાં જ રાજાનું પણ સુખ ને કલ્યાણ છે. રાજાનું કલ્યાણ અંગત સુખમાં જ નહીં પણ પોતાની પ્રજાના સુખમાં સમાયું છે. પ્રાચીન કાળની સંસ્થાઓ તથા વ્યવસ્થાઓનું વર્ણન કરવામાં આધુનિક શબ્દાવલિનો ઉપયોગ જોકે ભ્રાંતિકારક હોય છે, છતાં કોઈ આધુનિક વિચારધારા સાથે સરખામણી કરવી હોય તો ચંદ્રગુપ્તનું શાસન કલ્યાણરાજના આદર્શને ખૂબ મળતું આવે છે. અર્થશાસ્ત્રમાં અનેક પ્રકારના જનકલ્યાણનાં કાર્યો અંગે નિર્દેશ કરવામાં આવ્યો છે; દા. ત. બેકારોને માટે કામની વ્યવસ્થા કરવી, મજૂરી તથા વેતન પર નિયંત્રણ રાખવું વગેરે વગેરે.

મેગેસ્થિનીસના વર્ણનમાં જમીનની માપણી કરનારા તથા સિંચાઈની યોજના પર દેખરેખ રાખી સર્વ ખેડૂતોને નહેરોમાંથી સમુચિત પ્રમાણમાં પાણી મળી રહે એવી વ્યવસ્થા કરનારા અધિકારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારત ખેતીપ્રધાન દેશ હોઈ જનકલ્યાણની યોજનાઓમાં સિંચાઈને પ્રાધાન્ય આપ્યું હોય એ સ્વાભાવિક છે. સ્થાનીય ઉપયોગ માટે સિંચાઈનાં સાધનોનો પ્રબંધ કરનારને રાજ્ય પૂરી રીતે સહાય કરતું. મોટી મોટી યોજનાઓની વ્યવસ્થા રાજ્ય જાતે જ કરતું. રુદ્રદામનના જૂનાગઢ શિલાલેખમાંથી જાણવા મળે છે કે ચંદ્રગુપ્તના એક પ્રાંતપાલે સૌરાષ્ટ્રની એક પહાડી નદીનાં જળને રોકી સુદર્શન નામનું સરોવર બંધાવ્યું હતું. રાજધાનીથી દૂરદૂરના પ્રાંતોમાં પણ સિંચાઇની ખાસ વ્યવસ્થા કરવામાં આવતી. રાજ્ય પોતાના આદર્શોને મૂર્તિમંત કરવા કેટલું સજાગ હતું એ તો આ હકીકત પરથી સિદ્ધ થઈ જ જાય છે.

સોહગૌરા અને મહાસ્થાનના શિલાલેખો પરથી જાણવા મળે છે કે દુકાળ વખતે પ્રજા માટે ખાસ બનાવેલા કોઠારોમાં સર્વ પ્રકારની સામગ્રીના સંગ્રહ કરી રાખવામાં આવતો. આ શિલાલેખો પરથી સિદ્ધ થાય છે કે જનકલ્યાણનાં કાર્યોનો અર્થશાસ્ત્રમાં જે ઉલ્લેખ છે એ કેવળ સૈદ્ધાંતિક ચર્ચા નહતી. એ સિદ્ધાંતોનું પૂરેપૂરું પાલન કરવામાં આવતું.

ચંદ્રગુપ્તના શાસનની ખાસ વિશેષતા કેન્દ્રીકરણ હતું. શાસનનાં ભિન્ન ભિન્ન ભાગો તથા રાજ્યના વિભિન્ન પ્રદેશો પર કેન્દ્રનું નિયંત્રણ હતું. આર્થિક તેમ જ સામાજિક ક્ષેત્રનાં વિવિધ કાર્યો પર પણ રાજ્યનું સીધું ને કડક નિયંત્રણ હતું. આવી વ્યવસ્થા માટે એક સુસંગઠિત નોકરશાહી હોવી જ જોઈએ. જનકલ્યાણનાં કાર્યો માટે તથા પોતાના રાજ્યની નવી યોજનાઓની સફળતા માટે આંકડાવાર માહિતીની આવશ્યકતા રહેતી. આ આંકડાવાર માહિતી શાસનના ફેલાયેલા તંત્ર દ્વારા જ મેળવી શકાતી. શાસનનું આવું કેન્દ્રીકરણ, આવી નોકરશાહી તથા આર્થિક વ્યવસ્થાનું આવું નિયંત્રણ પ્રાચીન ભારતના ઇતિહાસમાં અન્ય કોઈ સામ્રાજ્યમાં જોવામાં આવતું નથી.

ચંદ્રગુપ્તના શાસનમાં પ્રજાના સુખ માટે પૂર્ણ ધ્યાન આપવામાં આવતું. સાથોસાથ લોકોને સ્થાનીય સ્તર પર પણ પોતપોતાનાં હિતનાં કાર્યો કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હતી. જસ્ટિન લખે છે કે ચંદ્રગુપ્તે જે લોકોને બીજાના દાસત્વમાંથી મુક્ત કર્યા હતા એના પર પોતે જ દાસત્વ લાદીને તેમને દુ:ખી કરતો હતો. ચંદ્રગુપ્તનાં કાર્યોની આ ઉચિત ટીકા નથી; આવી ટીકાનું સમર્થન કરવા માટે કોઈ પ્રમાણો પણ મળતાં નથી. ચંદ્રગુપ્તે પોતાના નવા શાસન તથા આર્થિક વ્યવસ્થાની સફળતા માટે જે કડક નિયંત્રણ ઊભું કર્યું હતું તથા ગુપ્તચરોનું જે તંત્ર ઊભું કર્યું હતું એને જસ્ટિને ઉત્પીડક લેખાવ્યાં છે. યુનાની સામ્રાજ્યનો અંત લાવનાર ચંદ્રગુપ્ત માટે જસ્ટિનના મનમાં કટુતા હોવાનો પણ સંભવ છે. એ કટુતા આ ટીકા દ્વારા વ્યક્ત થઈ લાગે છે. રાજ્યે પ્રજાના કલ્યાણને પોતાનું લક્ષ્ય બનાવ્યું હતું એ તો આપણે અગાઉ જોઈ ગયા છીએ. કઠોર હોવા છતાં ચંદ્રગુપ્તનું

શાસન નિરંકુશ નહોતું—કૌટિલ્યે અર્થશાસ્ત્રમાં લખ્યું છે કે રાજાને જો બ્રાહ્મણોનો સાથસહકાર મળ્યો હોય, મંત્રીઓનાં સલાહસૂચન એ માનતો હોય તથા શાસ્ત્રાદેશોનું પાલન કરતો હોય તો શસ્ત્ર વિના પણ એ વિજય પ્રાપ્ત કરી શકે છે ને સદા અપરાજેય રહી શકે છે.

સાધારણ પ્રજાજનની તે વાત શી વાત કરવી? ગુલામો પ્રત્યે પણ ચંદ્રગુપ્તની નીતિ ઉદાર હતી. ગુલામોની સંખ્યા ઓછી કરવા વિશે તથા તેમને સુખ-સગવડ આપવા વિશે અર્થશાસ્ત્રમાં નિયમો છે. આ કારણે જ, યુનાની ગુલામીની પ્રથાથી પરિચિત એવા મેગેસ્થિનીસે લખ્યું છે કે ભારતમાં ગુલામો જ ન હતા.

ચંદ્રગુપ્તે ઘડેલી શાસનની રીતિનીતિ ભારતીય ઇતિહાસમાં અજોડ લેખાય છે. આવી વ્યવસ્થાની મૌલિકતા નક્કી કરવા આપણી પાસે કોઈ પ્રમાણો નથી. હેલેનિસ્ટિક રાજ્યો મારફત ઇરાનના હાખામની વંશના શાસનનો પ્રભાવ ચંદ્રગુપ્તની રાજ્યવ્યવસ્થા પર પડ્યો હતો એમ કેટલાક વિદ્વાનો માને છે. મગધમાં આગળ થઈ ગયેલા રાજાઓએ, ખાસ કરીને નંદવંશના નરેશોએ, આ વ્યવસ્થાનાં બીજ રોપ્યાં હતાં, એવા ક્યાંક ઉલ્લેખ મળે છે. ચંદ્રગુપ્ત પર આ વ્યવસ્થાની પણ અસર હોય એવો સંભવ લાગે છે. એ જે હોય તે પણ આ વ્યવસ્થાનું નિર્માણ કરવામાં કૌટિલ્ય તથા ચંદ્રગુપ્તે જે મૌલિક કાર્ય કર્યું છે એનું મહત્ત્વ ઓછું આંકી શકાય નહીં. અર્થશાસ્ત્રમાં અનેક સ્થળે કૌટિલ્યે સ્પષ્ટ શબ્દોમાં એની અગાઉ થઈ ગયેલા આચાર્યોના વિરોધમાં પોતાનો મત દર્શાવ્યો છે.

6 અંત

ચંદ્રગુપ્તે 24 વર્ષ સુધી રાજ્ય કર્યું. જૈન પરંપરા તથા જૈન સાહિત્ય સિવાય એના જીવનના અંતિમ દિવસો વિશે કોઈ પણ ગ્રંથોમાં કશો જ ઉલ્લેખ મળતો નથી. આચાર્ય ભદ્રબાહુ શ્રુતકેવલીથી પ્રભાવિત થઈ એણે જૈન ધર્મ સ્વીકાર્યો હતો એમ જૈન ગ્રંથો કહે છે. બાર બાર વર્ષ સુધી ઘોર દુકાળ પડવાનો છે એવી જાણ થતાં ભદ્રબાહુ પોતાના શિષ્યો સાથે દક્ષિણમાં ગયા ને મૈસુરમાં આવેલા શ્રવણબેલગોડામાં આવાસ કરી રહ્યા અને સાચે જ દુકાળ પડ્યો. ચંદ્રગુપ્તે દુકાળનિવારણ કાજે અથાગ પરિશ્રમ કર્યો પણ એ દુ:ખદ પરિસ્થિતિ જોતાં નિરાશ થઈ ને અંતે શ્રવણબેલગોડા જઈ પોતાના ગુરુની સેવા કરવા લાગ્યો. ત્યાં આમરણ અનશન કરી ચંદ્રગુપ્તે પ્રાણત્યાગ કર્યો. આ વાત જૈન પરંપરાના અનેક પ્રાચીન ગ્રંથોમાં લખેલી છે. શ્રવણબેલગોડામાં પ્રચલિત અનુશ્રુતિઓ પણ આ વાતનું સમર્થન કરે છે. અહીં કેટલાંય સ્થળો ચંદ્રગુપ્ત તથા ભદ્રબાહુનાં નામો સાથે સંકળાયેલાં છે. ત્યાંની એક ડુંગરીનું નામ પણ ચંદ્રગિરિ છે. ડુંગરી પર એક ગુફા છે તથા એક મંદિર પણ છે. તે ગુફાને ભદ્રબાહુની ગુફા કહે છે તથા એ મંદિરનું નામ છે ચંદ્રગુપ્તવસ્તી. ઉપરાંત ચંદ્રગિરિ પર કેટલાક શિલાલેખો પણ મળી આવ્યા છે. આ શિલાલેખો જુદા જુદા કાળના છે. એમાંનો સર્વ પ્રથમ તે ઇ. સ.ની સાતમી સદીનો હોય એમ લાગે છે. આ લેખોમાં પણ જૈન પરંપરામાં ચંદ્રગુપ્ત તથા ભદ્રબાહુ વિશે જે વાતો લખેલી છે એના ઉલ્લેખો મળે છે.

કેટલાક વિદ્વાનો આ જૈન પરંપરાની પ્રામાણિકતા સ્વીકારતા નથી. પણ આ પરંપરામાં કોઈ પણ એવી વાત નથી જેને અસંભવ યા અવાસ્તવિક કહી શકાય. માત્ર જૈન ગ્રંથોમાં જ ચંદ્રગુપ્તના અંતિમ દિવસોનું વર્ણન કરેલું છે જે સાધારણ રીતે સ્વીકારવું જ રહ્યું. ચંદ્રગુપ્તે

24 વર્ષ રાજ્ય કર્યું, તેથી એણે નિવૃત્તિ લીધી એ ટાણે એથી ઉમ્મર પચાસ વર્ષથી વધારે નહીં હોય એવું અનુમાન કરી શકાય. ચંદ્રગુપ્ત જેવો કર્મઠ શાસક આટલી નાની ઉમ્મરમાં ઇતિહાસમાંથી એકદમ કેમ અલોપ થઈ ગયો, એ વાતનો ઉકેલ જૈન ગ્રંથો જ આપે છે. આ પરંપરા પાછળથી લખાયેલા જૈન ગ્રંથોમાં જ તથા લેખોમાં જ જોવા મળે છે, તેથી કેટલાક વિદ્વાનો એનો સ્વીકાર કરતા નથી. જૈનગ્રંથોમાં તો અનેક ઐતિહાસિક સત્યો પરંપરાના રૂપમાં મળે છે, એ વાત પણ આપણે જાણીએ છીએ. ચંદ્રગુપ્તની વિશેની આ કથા તો ગ્રંથો, શિલાલેખો તથા અનુશ્રુતિઓ વગેરેમાં એકસરખી નોંધાયેલી છે; અને સાતમી સદીથી માંડી અનેક સદીઓ સુદી આ કથાઓને માની લઈએ તો કહેવું જ પડે કે ચંદ્રગુપ્તનું જીવન જેટલું ભવ્ય હતું એટલું જ ભવ્ય એનું મૃત્યુ પણ હતું. જે ચંદ્રગુપ્તે દેશને કુશાસનમાંથી બચાવ્યો, વિદેશી શાસનમાંથી મુક્તિ અપાવી ને આક્રમણોથી બચાવી અભયદાન દીધું એ જ ચંદ્રગુપ્તે લોકોના દુઃખે દુઃખી થઈ પ્રાણત્યાગ કર્યો. ઇતિહાસમાં એવા તો અનેક રાજાઓ તથા શાસકો મળી રહેશે, જેમણે પોતાનું ગૌરવ ને મહત્ત્વ વધારવા નિરીહ જનતાનું લોહી વહેવડાવ્યું હશે, પરંતુ પ્રજાના દુઃખે દુઃખી થઈ પોતાના પ્રાણની આહુતિ આપનાર રાજાઓનાં ઉદાહરણો તો જૂજ મળશે. ચંદ્રગુપ્તનું નામ આવા મહાન પ્રજાવત્સલ રાજાઓના નામની સાથે સદૈવ આદરપૂર્વક સ્મરાતું રહેશે.

ચંદ્રગુપ્તનું જીવનચરિત્ર લખતાં આપણે એના ચોક્કસ સમય વિશેના વિવાદ પર લક્ષ આપ્યું નથી. પણ કોઈના પણ જીવનની ઘટનાઓ જો તારીખવાર ન તપાસીએ તો આપણને એ ઘટનાઓ સાચા સ્વરૂપે જાણવા નહીં મળે તેથી અહીં ચંદ્રગુપ્તનું જીવનચરિત્ર તિથિક્રમાનુસાર પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

ઇ. સ. પૂર્વ 325 માં જ્યારે ચંદ્રગુપ્ત સિકંદરને મળ્યો ત્યારે એ યુવાન હતો તેથી ઇ. સ. પૂર્વ 345 પહેલાં એનો જન્મ નહીં થયો હોય એવું અનુમાન કરી શકાય. ઇ. સ. પૂર્વે 331 માં એ ચાણક્યને મળ્યો. પછી

એણે તક્ષશિલામાં શિક્ષણ લીધું. ઇ. સ. પૂર્વે 325 માં એ સિકંદરને મળ્યો. ઇ. સ. પૂર્વે 321 માં મગધના સિંહાસન પર અધિકાર પ્રાપ્ત કર્યો. પછી એણે પોતાના રાજ્યની સીમાઓ સર્વ દિશામાં વિસ્તારવાનો પ્રયત્ન કર્યો. પંજાબના કેટલાક પ્રદેશોનો એણે પહેલાં જીત્યા ને બાકીના પછીથી જીત્યા. ઇ. સ. પૂર્વે 313 માં એણે અવંતિ પર અધિકાર જમાવ્યો, પ્રારંભમાં જ એણે નંદોના સામ્રાજ્યના વિભિન્ન ભાગો પર પોતાનો અધિકાર જમાવવા આક્રમણો કર્યાં, લડાઇઓ કરી. ઇ. સ. પૂર્વે 305 માં એ સેલ્યુકસ સામે લડ્યો. ઇ. સ. પૂર્વે 296 માં પોતાના પુત્રને સિંહાસન સોંપી પોતે નિવૃત્ત થયો. આ ઘટના પછી થોડાંક જ વર્ષો બાદ એનું મૃત્યુ થયું.

7 એનું વ્યક્તિત્વ

આપણા દેશનાં કેટલાંક મહાન પુત્રપુત્રીઓની સિદ્ધિઓ તથા વૈયક્તિક ગુણોની નોંધ પ્રમાણોને અભાવે કયાંય જળવાઈ નથી એ ભારતીય ઇતિહાસનું દુર્ભાગ્ય છે. એમના જીવનમાં બની ગયેલી ઘટનાઓનાં સંક્ષિપ્ત વર્ણનો જ માત્ર કયાંક કયાંકથી જાણવા મળે છે. આ વિગતો પરથી એમના સંપૂર્ણ વ્યક્તિત્વનું ચિત્ર રજૂ કરી શકાય એમ નથી. ચંદ્રગુપ્ત વિશે સંપૂર્ણ તથા પ્રામાણિક સામગ્રી જો કે નથી મળતી છતાં એના જીવનની જે કોઈ ઘટનાઓ તથા કાર્યો વિશે અનેક ગ્રંથોમાં જે લખાણો મળે છે એના આધારે આપણે એટલું કહી શકીએ કે એનું વ્યક્તિત્વ એ કેવળ એક ઐતિહાસિક બિના ન હતી. આ બધી વિગતો એટલી સજીવ ને અર્થસભર છે કે એના પરથી એના ગુણો તથા એની સિદ્ધિઓનું સારું એવું શબ્દચિત્ર આપણે ઊભું કરી શકીએ છીએ.

ભારતીય સાહિત્ય તથા શિલાલેખોમાં આપણને સાચો ચંદ્રગુપ્ત દેખાય છે, પણ યુનાની લેખકોએ એનું વર્ણન જરા વિકૃત બનાવ્યું છે. ચંદ્રગુપ્તની વધુ નિકટનું નામરૂપ તો સેન્ડ્રોક્રોપ્ટસ છે. પણ વધારે પ્રચલિત નામો તો સેન્ડ્રોકોપ્ટસ અને એન્ડ્રોકોટ્ટસ છે. મહાવંશટીકાને આધારે ચંદ્રગુપ્તના નામની ઉત્પત્તિની કથા તો અમે અગાઉ કહી ગયા છીએ. પ્રાચીન કાળનાં વિવેચનોમાં આગળના જમાનાની વ્યક્તિઓ માટે આવી જ કાલ્પનિક કથાઓ સાધારણપણે જોવા મળે છે.

મુદ્રારાક્ષસમા ચંદ્રગુપ્તને ચંદ્રશ્રી, પ્રિયદર્શન અને વૃષલ કહ્યો છે. ચંદ્રશ્રી ચંદ્રગુપ્તના નામના પ્રથમ શબ્દ પર આધારિત છે. તેમ જ પ્રિયદર્શન એની સુંદર કાંતિનું સૂચન કરે છે : રાજપદની દ્યોતક એવી ઉપાધિ-રૂપે એ યોજવામાં આવ્યો છે. શાસ્ત્રોક્ત એવા વિવિધ આચારોનું પાલન કરનાર ક્ષત્રિય માટે વૃષલ શબ્દ વપરાયો છે.

કહે છે કે ચંદ્રગુપ્તને અનેક પત્નીઓ હતી. ચંદ્રગુપ્તે સેલ્યુકસની પુત્રી યા અન્ય કોઈ રાજકુમારી સાથે લગ્ન કર્યું હશે એવું યુનાની વર્ણનો પરથી જાણવા મળે છે. ચાણક્યની અનુમતિથી રાજા નંદ જ્યારે રાજધાની છોડી જતો હતો તે વખતે નંદની પુત્રી ચંદ્રગુપ્તને જોતાં જ એના પ્રેમમાં પડી ગઈ હતી, એવો જૈન ગ્રંથોમાં ઉલ્લેખ છે. ક્ષત્રિયોમાં સ્વયંવરની પ્રથા હતી. નંદે એ પ્રથાનુસાર પોતાની પુત્રીને ચંદ્રગુપ્ત સાથે વિવાહ કરવાની પરવાનગી આપી. રાણી દુર્ધરા બિંદુસારની માતા હતી એમ જૈન ગ્રંથોમાં લખ્યું છે. જ્યારે બૌદ્ધ ગ્રંથો એનાં લગ્ન વિશે બીજી જ વાત લખે છે. ચંદ્રગુપ્તની માએ પોતાના ભાઈઓ સાથે પાટલીપુત્રમાં જઈ આશરો લીધો હતો એમ આ ગ્રંથોમાં છે. ચંદ્રગુપ્ત મોટો થયો ત્યારે એણે પોતાના મામાની પુત્રી સાથે લગ્ન કર્યું ને એને પોતાની પટરાણી બનાવી હતી. એ કાળમાં રાજા એકથી વધુ લગ્ન કરે એને દોષ માનવામાં આવતો ન હતો.

ચંદ્રગુપ્તના રાજમહેલમાં અનેક રાજકુમારો હશે. ચંદ્રગુપ્તના રાજકુમારો રાજપ્રાસાદનાં શાન્ત જળાશયોમાં માછલીઓ મારી, સ્નાન કરી તથા નાવ ચલાવી પોતાનું મનોરંજન કરતા એમ એલિયન નામના લેખકે લખ્યું છે.

અર્થશાસ્ત્રમાં આ રાજકુમારોના શિક્ષણની વ્યવસ્થા વિશે વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. એમને રાજકારભારમાં પણ રસ લેવાની સલાહ આપવામાં આવી છે. વધારે મહત્ત્વાકાંક્ષી રાજકુમારોથી રાજાએ પોતાની રક્ષા કઈ રીતે કરવી એ વિશે પણ એમાં લખેલું છે. ચંદ્રગુપ્તના પુત્રોમાંથી કેવળ બિંદુસારનું જ નામ ઇતિહાસમાં મળે છે. યુનાની લેખકોએ બિંદુસારને જ અમિત્રઘાત યા અમિતખાદ કહ્યો છે. જૈન ગ્રંથોમાં ચંદ્રગુપ્તના પુત્રનું નામ સિંધુસેન લખ્યું છે. અમિત્રઘાત તથા અમિતખાદની માફક આ પણ બિંદુસારનું એક બિરુદ લાગે છે.

ચંદ્રગુપ્તના રાજપ્રાસાદની સુંદરતા તથા ભવ્યતાની યુનાની લેખકોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે. સુસા તથા એકબટાનાના બહુમૂલ્ય અને ભવ્ય

પ્રાસાદો પણ ચંદ્રગુપ્તના પ્રાસાદો આગળ કંઈ જ વિસાતમાં ન હતા એમ એમણે લખ્યું છે. ભવનનિર્માણકલાનું એ અદ્‌ભુત ને ઉત્કૃષ્ટ દૃષ્ટાંત હતું. મહેલના પરિસરમાં આકર્ષક સરોવરો, શીતલ છાંયાવાળી કુંજો તથા સદૈવ લીલાંછમ એવાં વૃક્ષો હતાં. રાજભવનના આવા વાતાવરણથી પ્રતીતિ થાય છે કે ચંદ્રગુપ્ત કઠોર હૃદયી સૈનિક અથવા પ્રશાસક જ ન હતો, એનું હૃદય કલાપારખુ પણ હતું, એને પ્રકૃતિસૌન્દર્ય ખૂબ પ્રિય હતું.

ચંદ્રગુપ્તના દરબારની ભવ્ય તથા ગૌરવભરી પરંપરા ઘડાઈ ચૂકી હતી. એની સ્મૃતિ તો એના પછી પણ કેટલાય કાળ સુધી જળવાઈ રહી હતી. પતંજલિએ એના મહાભાષ્યમાં ચંદ્રગુપ્તના દરબારની વિગતો વર્ણવી છે. ચંદ્રગુપ્તે શાસનની કરેલી સુદૃઢ વ્યવસ્થા, પ્રતિદિન ઉત્સાહભેર દરબારમાં હાજર રહી પ્રશાસનનાં કાર્યો સંભાળવાની એની ચીવટ તથા બીજા અનેક કારણોને લીધે એના રાજ્યની આ સરસ પરંપરા નિર્માણ થઈ હતી. ચંદ્રગુપ્તના દરબારમાં ચાણક્ય જેવો વિદ્વાન તથા રાજનીતિના દાવપેચ રમવામાં સિદ્ધહસ્ત એવો મંત્રી હતો. મુદ્રારાક્ષસની કથાને સાચી માનીએ તો કહેવું પડે કે રાક્ષસ જેવા સુયોગ્ય મંત્રીએ પણ ચંદ્રગુપ્તની સેવા કરવાનું સ્વીકાર્યું હતું. બૌદ્ધ ગ્રંથોમાં લખ્યું છે કે ચંદ્રગુપ્તે મનિયતપ્પો (મૌની તપસ્વી) નામના એક બ્રાહ્મણસંન્યાસીને રાજ્યમાંની અવ્યવસ્થા દૂર કરી શાંતિ સ્થાપિત કરવા નિયુક્ત કર્યો હતો. ચંદ્રગુપ્તના દરબારમાં સેલ્યુકસના રાજદૂત મેગૅસ્થનીસની ઉપસ્થિતિ પણ એક અજબ આકર્ષણ હતું.

અનુશ્રુતિઓ જો સાચી હોય તો આપણે માનવું પડે કે ચંદ્રગુપ્તના વ્યક્તિત્વમાં કંઈ એવું આકર્ષણ હતું કે એને જોતાવેંત લોકો એનાથી પ્રભાવિત થઈ ગયા વિના રહી શકતા નહીં. મગધના સિંહાસન પર બિરાજવા એ જ અધિકારી છે એમ ચાણક્ય એને જોતાં જ સમજી ગયો હતો.

ચંદ્રગુપ્તને વીરોચિત કાર્યો પ્રતિ અભિરુચિ હતી. શિકાર એને મન પ્રિય રમત હતી. મૃગયા કાજે રાજમહેલમાંથી પ્રસ્થાન કરતા ચંદ્રગુપ્તનું મેગૅસ્થિનીસે વર્ણન કર્યું છે. ચંદ્રગુપ્ત સુસજ્જ પાંજરામાં બેસી રથ યા હાથી પર સવારી કરી શિકાર કરવા જતો.

ચંદ્રગુપ્ત શૂરવીર હતો તેમ જ એક કુશળ સેનાપતિ પણ હતો. મેગેસ્થિનીસે લખ્યું છે કે રાજા સ્વયં યુદ્ધમાં લડવા જતો. નંદોનું વિશાળ સામ્રાજ્ય તથા એમની શક્તિશાળી સેનાની વિરુદ્ધ સફળતા મેળવવી એ એનું ઉચ્ચ કોટિના સૈનિક હોવાનું મોટું પ્રમાણ છે. એક સાચો સૈનિક હોઈ ચંદ્રગુપ્ત યુદ્ધમાં હંમેશા નિર્ભીક રહેતો. સિકંદર જેવા વિશ્વવિજેતાને મળવું તથા એની સાથે નિર્ભયતાથી વાત કરવી, સિકંદર ક્રુદ્ધ થતાં એની છાવણીમાંથી નાસી છૂટી પોતાનો પ્રાણ બચાવવો વગેરે એના અદમ્ય સાહસ, હિંમત તથા સ્ફૂર્તિની પ્રતીતિ કરાવે છે.

શારીરિક શક્તિની સાથોસાથ ચંદ્રગુપ્તમાં કુશાગ્ર બુદ્ધિ પણ હતી. લોખંડના પાંજરામાં પૂરેલા મીણના સિંહને ગાળી બહાર કાઢવાની યુક્તિ એની ત્વરિત બુદ્ધિનું ઉદાહરણ છે.

પોતાના કાર્યને સિદ્ધ કરવામાં નડતી નિરર્થક ચર્ચાથી કદીય એ રંજ પામતો નહીં. મહાવંશટીકામાં પર્વતકની હત્યાની જે વાત લખી છે એ એના આ ગુણની સાબિતી આપે છે.

ચંદ્રગુપ્તે સર્વ આવશ્યક શાસ્ત્રો તથા વિદ્યાઓનો ૭ ૭ વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો. અર્થશાસ્ત્રમાં રાજકુમારોના શિક્ષણ વિશે જે વ્યવસ્થા સૂચવી છે તથા રાજાનાં દિનપ્રતિદિનનાં કારભારને માટે જે શાસ્ત્રો શીખવાની સલાહ આપી છે એ પરથી કહી શકાય કે ચંદ્રગુપ્તે કેવળ સૈનિક-શિક્ષણ જ લીધું ન હતું, પણ દેશની સંસ્કૃતિના આધારભૂત એવાં સર્વ શાસ્ત્રોનું સમ્યક્ દૃષ્ટિથી અધ્યયન કરી ચંદ્રગુપ્તે પોતાની પ્રજાના સાચા કલ્યાણ કાજે તથા દેશની સાંસ્કૃતિક પરંપરાને અનુકૂળ એવું શાસન નિર્માણ કર્યું હતું. આવી બધી સિદ્ધિ પ્રાપ્ત કરવા છતાં ચંદ્રગુપ્તમાં અહંભાવ જાગ્યો ન હતો. એક વિવેકી માનવ તરીકે સર્વ પરિસ્થિતિમાંથી એ કંઈ ને કંઈ સાર કાઢતો તથા પોતાનાં કાર્યો અને નીતિરીતિમાં સુધારા કરતો. પ્રથમ પ્રયાસમાં જ અસફળ થતાં એ પોતાની અસફળતાનાં કારણો શોધવા તથા લોકોના વિચારો જાણવા પોતાની પ્રજાની વચ્ચે ખૂબ રખડયો હતો.

એક સાચા શિક્ષિત વ્યક્તિ જેમ ચંદ્રગુપ્ત વધુ ને વધુ જાણવા હંમેશ ઉત્સુક રહેતો. વિદ્વાન સાધુસંન્યાસી તથા વિચારકો સાથે પોતાના દૂતો દ્વારા એ સતત સંપર્કમાં રહેતો. આ મહાપુરુષો વન-જંગલોમાં વસતા. કંઈક ઘટનાઓનાં કારણો વિશે તથા અન્ય પ્રશ્નો વિશે રાજા એમની પાસેથી સલાહસૂચનો મેળવતો. વર્ષારંભે એ આ વિદ્વાનોની પરિષદ બોલાવતો. રાજા એમની પાસેથી પશુધન અને ખેતીવાડી વિશે તથા સાર્વજનિક કલ્યાણ વિશે લેખિત સલાહ લેતો. આ પરથી સ્પષ્ટ સમજાય છે કે ચંદ્રગુપ્તને તત્ત્વજ્ઞાનની જટિલ સમસ્યાઓ વિશે વિચારવિમર્શ કરવાનો શોખ હતો. યુનાની લેખકોના લખાણોમાંથી જાણવા મળે છે કે ચંદ્રગુપ્તને દેશની જંગલી જાતિઓ તથા આદિવાસીઓમાં પણ રસ હતો. ગંગાના મુખ પાસે વસતા અષ્ટોમિ એનોટોકોઈટાઈ જાતિઓના લોકોને એણે પોતાના દરબારમાં બોલાવ્યા હતા. આ વિગત કેટલા પ્રમાણમાં સાચી છે એ તો આપણે જાણતા નથી. પણ જો એ સાચી હોય તો ચંદ્રગુપ્તના વ્યક્તિત્વનાં બે લક્ષણો એ છતાં કરે છે—એક તો જ્ઞાનની તૃષા અને બીજું બૌદ્ધિક કુતૂહલ.

સૈનિક તથા વિજેતા હોવા છતાં ચંદ્રગુપ્તનું હૃદય કઠોર ન હતું. જૈન ગ્રંથકારોએ લખ્યું છે કે પરાજિત નંદને જીવતો છોડી મૂકવાની ચાણક્યની સલાહનો એણે વિરોધ કર્યો ન હતો. ચંદ્રગુપ્તની વૃત્તિ પણ ધાર્મિક હતી: એ વિદ્વાન સાધુસંન્યાસીના સતત સંપર્કમાં રહેતો. મેગેસ્થિનીસ લખે છે કે એ રાજમહેલમાંથી યજ્ઞયાગાદિ કાજે યા અન્ય અગત્યનાં કાર્યો કરવા માટે જ મહેલમાંથી બહાર નીકળતો. ચંદ્રગુપ્તને વૈદિક યજ્ઞો તથા અનુષ્ઠાનમાં શ્રદ્ધા હતી એ વાત વળી આ ઉપરથી સિદ્ધ થાય છે. આગળ જોવાઈ ગયું છે તે મુજબ ચંદ્રગુપ્ત બ્રાહ્મણ મૌનીતપસ્વીથી ખૂબ જ પ્રભાવિત થયો હતો. હેમચંદ્ર લખે છે કે ચંદ્રગુપ્ત શરૂઆતમાં મિથ્યા સિદ્ધાંતના વિચારકોનો આદર કરતો હતો. આ ઉલ્લેખ બ્રાહ્મણ ધર્મના આચાર્યો અંગે જ હોય એવું લાગે છે. બૌદ્ધ ધર્મ પ્રતિની એની નીતિનું કોઈ પ્રમાણ મળતું નથી. ભારતની ધાર્મિક સહિષ્ણુતાની

પરંપરા અનુસાર એણે બૌદ્ધોનો પણ ઉચિત આદર કર્યો હશે એવી કલ્પના સહેજે કરી શકાય એમ છે. ચાણક્યના કહેવાથી એણે એક 'થેર'ને કારાગારમાં પૂર્યો હતો એવી એક બૌદ્ધ કથા છે. એના આ કાર્ય વિશે કોઈ કારણો એ કથામાં આપ્યાં નથી, પણ સંભવ છે કે એણે માત્ર રાજનીતિક કારણોને લઈ ને જ આમ કર્યું હશે—આ વાત સાથે ધર્મનો કોઈ જ સંબંધ નથી. જૈન ગ્રંથોમાં લખવામાં આવ્યું છે કે જીવનનાં અંતિમ વર્ષોમાં એ જૈન ધર્મથી પ્રભાવિત થયો હતો. એક ચર્ચાસભામાં અન્ય ધર્મના આચાર્યો પરાજિત થયા ત્યારે એણે જૈન ધર્મ સ્વીકાર્યો હતો એમ જૈન ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે. એ ખાસ કરીને ભદ્રબાહુથી ખૂબ જ પ્રભાવિત થયો હતો. મગધમાં બાર બાર સુધી દુકાળની પરિસ્થિતિ રહી હતી તેથી ચંદ્રગુપ્ત રાજ્ય છોડી દઈ શ્રવણબેલગોડા ચાલી ગયો હતો ને ત્યાં આખરે એણે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો હતો એવી જૈન કથા છે.

સાહિત્યિક પ્રવૃત્તિઓને કારણે પણ એના શાસનકાળનું એક વિશિષ્ટ મહત્ત્વ છે. કૌટિલ્યે અર્થશાસ્ત્રની રચના આ સમયગાળામાં જ કરી હતી. આ ગ્રંથરચના જ ચંદ્રગુપ્તના રાજ્યકાલને સ્થાયી યશ અપાવવા પૂરતી છે. વિખ્યાત પંડિત ભદ્રબાહુ એના સમકાલીન હતા. બૌદ્ધ સાહિત્યનાં કેટલાંક સુન્ત, ગાથા અને અપદાનો ચંદ્રગુપ્તના શાસનકાળ દરમિયાન જ રચાયાં હશે એમ લાગે છે. મેગેસ્થિનીસે કરેલા ભારતવર્ણન પરથી જાણવા મળે છે કે આખ્યાનો, લોકપ્રિય કથાઓ તથા દંતકથાઓ ઉપરાંત કેટલીક સ્મૃતિઓ પણ આ અરસામાં જ લખાઈ હોવી જોઈએ.

ચંદ્રગુપ્તનાં કાર્યો તથા સિદ્ધિઓનું વર્ણન વાંચતાં કોઈ પણ માનવી પ્રભાવિત થયા વિના રહી ન જ શકે. ભારતીય ઇતિહાસમાં એક સફળ જનનાયક તરીકે એની ગણના થવાની જ છે. અનેક સુંદર પરંપરાઓ તથા મહાન સંસ્થાઓને જન્મ આપવાને કારણે ચંદ્રગુપ્તના શાસનકાળે ભારતીય ઇતિહાસમાં વિશેષ મહત્ત્વ પ્રાપ્ત કર્યું છે.

ચંદ્રગુપ્તનો શાસનકાળ ભારતીય ઇતિહાસની આધારશિલા છે એ તો અગાઉ કહેવાઈ જ ગયું છે. ચંદ્રગુપ્તને વિશે જે નિશ્ચિત તિથિઓ મળે

છે એના આધારે ભારતના ઇતિહાસની અન્ય તિથિઓ પણ આપણે નિશ્ચિત કરી શકીએ છીએ.

વિજેતા તરીકે ભારતીય ઇતિહાસના ગણ્યાગાંઠ્યા સફળ સેનાપતિઓમાં એની ગણના કરી શકાય. એણે દેશને નંદોના કુશાસનમાંથી ઉગાર્યો. વિદેશી શાસનમાંથી પોતાના દેશને મુક્તિ અપાવી, એણે એમાં નવો પ્રાણ પૂર્યો, નવજીવન અર્પ્યું. આ નવા આત્મબળના પ્રતાપને લીધે વિદેશી આક્રમકો શતાબ્દીઓ સુધી ભારત સામે જોવાનું સાહસ પણ કરી શક્યા ન હતા.

ભારતમાં એક અખંડ સામ્રાજ્ય કદાચ ચંદ્રગુપ્તે જ પ્રથમ સ્થાપ્યું હતું. ચક્રવર્તી સમ્રાટોની પરંપરા તો આ દેશમાં ખૂબ જ પ્રાચીન લેખાય છે, પણ ભારતીય પરંપરા સાચા અર્થમાં ચક્રવર્તી સમ્રાટ કહેવા યોગ્ય તો માત્ર એક ચંદ્રગુપ્ત જ હતો.

નવનવા પ્રદેશો પર વિજય મેળવી ચંદ્રગુપ્તે ભારતીય સામ્રાજ્યની જે સીમાઓ વિસ્તારી તે તો ભારતીય પ્રાકૃતિક સીમાઓ જ હતી. એ સીમા વિસ્તારો મેળવવા તેના પછી કોઈ જ રાજા વિજેતા સફળ થયો જાણ્યો નથી.

વિદેશીઓ સાથે સંઘર્ષ થયા છતાં ચંદ્રગુપ્તે એમનાં પ્રતિ કદી સંકુચિત દૃષ્ટિ રાખી ન હતી. એના હૃદયમાં એમનાં પ્રતિ કોઈ પ્રકારની કટુતા હતી જ નહીં. યુનાની રાજકુમારી સાથે એણે લગ્ન કર્યું હતું, એ વાત અગાઉ કહેવાઈ ગઈ છે. એની પ્રબુદ્ધ ઉદારતાનું આ એક પ્રમાણ છે. ભારત તથા પશ્ચિમના દેશો વચ્ચે એણે સાંસ્કૃતિક સંબંધો સ્થાપ્યા હતા, જે બન્ને દેશો માટે અત્યંત ફલદાયી તથા હિતાવહ નીવડ્યા હતા. ભારતમાં અનેક પરદેશીઓ વારંવાર આવતા એમ મેગેસ્થિનીસે પોતાના વર્ણનમાં લખ્યું છે. રાજ્ય તરફથી એમની સુખસગવડ માટે ઉચિત વ્યવસ્થા કરવામાં આવતી. આને પરિણામે પશ્ચિમના દેશોને ભારતનો સીધો પરિચય થયો હતો. બન્ને દેશો વચ્ચે વેપારધંધો વધતો ગયો. આ વધતા જતા વેપારથી ભારત પાછળથી સમૃદ્ધ પણ થયું. આ સંબંધને પરિણામે બન્ને દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાન-

પ્રદાન પણ થયું. ચંદ્રગુપ્તની શાસન-વ્યવસ્થામાં જે અનેક વિશિષ્ટ તથા નવાં તત્ત્વો દાખલ થયાં હતાં એ બધુ પશ્ચિમના સંપર્કનું જ પરિણામ હતું.

ચંદ્રગુપ્તે જે શાસન-વ્યવસ્થાનો વિકાસ કર્યો તેનાથી એનું સામ્રાજ્ય દૃઢ બન્યું અને ભાવિ યુગો માટે એ વ્યવસ્થા આદર્શરૂપ બની. પાછળથી થઈ ગયેલા રાજવંશોએ પોતાના શાસનની વ્યવસ્થા ચંદ્રગુપ્તની શાસન-વ્યવસ્થાને આધારે જ કરી હતી. એ શાસનવ્યવસ્થાનાં કેટલાંક તત્ત્વો મધ્યયુગના રાજવીઓ દ્વારા આધુનિક કાળ સુધી પહોંચ્યાં છે. પ્રત્યેક યુગ તથા પ્રત્યેક દેશના શાસનને ચંદ્રગુપ્તની શાસનવ્યવસ્થામાંથી અનુકરણ કરવા જેવી કંઈ ને કંઈ વાત પ્રાપ્ત થઈ છે.

ચંદ્રગુપ્તની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરતાં આપણે એક વાત યાદ રાખવી જોઈએ કે એણે સિંહાસન સ્વબળે જ પ્રાપ્ત કર્યું હતું. નાની ઉંમરમાં જ એણે આ સિદ્ધિ મેળવી હતી. ચંદ્રગુપ્તના અનેક વિજયો, એના સામ્રાજ્યનો વિસ્તાર તથા એની સુદૃઢ શાસનવ્યવસ્થા જોતાં લાગે છે કે 24 વર્ષનો ગાળો આ બધાં કામો માટે ખૂબ જ નાનો લેખાય. આટલાં થોડાં વર્ષોમાં આટલી બધી સિદ્ધિ પ્રાપ્ત કરવી કોઈ પણ રાજવી માટે ગૌરવની વાત લેખાય. ચંદ્રગુપ્તનો અંતકાળ પણ એની ગૌરવપૂર્ણ સિદ્ધિઓને અનુરૂપ એવો ઉજ્જવળ અને ભવ્ય હતો. ભારતીય ઇતિહાસમાં જ કેવળ નહીં, અન્યત્ર પણ એક સફળ વિજેતા, કુશળ શાસક તથા એક મહાન વ્યક્તિ તરીકે ચંદ્રગુપ્તની સાથે સરખાવી શકાય એવી ખૂબ જ ઓછી વ્યક્તિઓ મળશે.

Printed at Jupiter offset Press, B-10/3, Jhilmil Industrial area, Shahdara, Delhi-110 032.